
# આશીર્વાદ

વર્ષ ૩જું ★ અંક ૭મો
સળંગ અંક ૩૧ ★ મે ૧૯૬૯

શ્રી ભાગવત વિદ્યાપીઠ અને
માનવમંદિરના સૌજન્યથી



# –: ૫૧ ઉપરાંત ગ્રાહક બનાવનાર સેવાભાવી પ્રતિનિધિઓ :–

**અમદાવાદ**

શ્રી હરિવદન એસ. ભટ્ટ
૩૯, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ચીમનલાલ છોટાલાલ કાચવાલા
પૂલનીચે, રીચીરોડ,

શ્રી બાલગોવિંદભાઈ છગનલાલ પટેલ
ગળનારાની પોળ, શાહપુર

નવીનચંદ્ર જે રાવલ
ડો.નીચાલી ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ગોવિંદભાઇ ચતુરભાઈ પટેલ
(પ્રાંતિયાવાલા) ખારીકૂઇ,
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી,

શ્રી ભાલચંદ દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, અસારવા પાસે

શ્રી ઘનશ્યામચંદ્ર બદ્રીનાથ પંડયા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી કેશવલાલ કાળીદાસ પટેલ
૪, રામઘર, બંધુ સમાજ સોસાયટી
ઉસ્માનપુરા

શ્રી નંદુભાઇ ભાઈશંકર ઠાકર
૯૪૪, ટોકરશાની પોળ, જમાલપુર

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઇ દલવાડી
દરજીની વાડીપાસે, દોલતખાના
સારંગપુર

શ્રી વિઠ્ઠલભાઇ ના. પટેલ
[ ગૃહપાલ ]

શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન
એલીસબ્રીજ

શ્રી રસિકલાલ સોમનાથ ભટ
સીટીસિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી હિરાલાલ આશાભાઇ અમીન
૨૧ વિજય કોલોની,
ઉસ્માન પુરા–૧૩

**કોલ્હાપુર**

શ્રી હંસરાજ ગો. વેદ
૧૭૮૪, રાજારામપૂરી.

**કલકત્તા**

શ્રી ચંદ્રિકાબેન વી. રાવલ
૨૨, સ્કુલ રોડ, ભવાનીપુર

**ગોંદિયા**

શ્રી જોઇતારામભાઇ
C/o. મોહનલાલ હરગોવિંદદાસની કં.

**ગોંડલ**

શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

**ગણદેવી**

શ્રી છગનલાલ ગાંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લા

શ્રી મનુભાઈ મથુરાદાસ ભટ્ટ
હવેલી સ્ટ્રીટ

**ગોધરા**

શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઇ
"ભગવદ" પરભારોડ

**જંબુસર**

શ્રી જયંતિલાલ છોટાલાલ ચોકસી
હશીખુશી સ્ટોર્સ,

**ડભોઇ**

શ્રી બિપિનચંદ્ર ગોવિંદલાલ
વસાઇવાળા, પુનિત સ્મૃતિ

**ધોળકા**

શ્રી નારણદાસ પ્રેમચંદ ગાંધી
ધમક વાડી.

**જામનગર**

શ્રી ગુણવંતપ્રસાદ પી. પરીખ
રણજીત માર્ગ

**બિલિમોરા**

શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રીમહાદેવનગર, લોખંડવાળાની ઉપર

શ્રી ભગવાનદાસ ગુલાબભાઇ પંચાલ
હિન્દુ વ્યાયામ મંદિર સામે

**નડિયાદ**

શ્રી શાંતાબેન ત્રીભોવનદાસ મીસ્ત્રી
વીઠ્ઠલ કન્યાવિદ્યાલય રોડ,

શ્રી રજનીકાન્ત ચોકસી
સિદુશીં પોળ,

**મુંબઇ**

શ્રી ભગવાનદાસ કે. કાપડીયા
c/o માનવ મંદિર, માનવ
મંદિર રોડ,

શ્રી અમરતલાલ દવે
માનવ મંદિર, માનવ મંદિર રોડ.

શ્રી શંકરલાલ હરગોવિંદદાસ પંડયા
અન્નપૂર્ણા નિવાસ, ૨૯, ક્રોસ
રોડ નં. ૨ વિલેપાર્લા

શ્રી ઉષાબહેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ વિલેપાર્લા

શ્રી રામશંકર ટી. જાની
જાની વિલા એસ્ટેટ, નેહરૂ રોડ,
વિલેપાર્લા

**મીણકચ્છ**

શ્રી માધવભાઇ વલ્લભભાઈ પટેલ

**ભરૂચ**

શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
સી/૩૧૧ શેઠ ફળીયા

**સોલા [ દસક્રોઇ ]**

શ્રી ડાહ્યાભાઇ જગન્નાથ પુરાણી

**સુરત**

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ઘીઆ શેરી, મહિધરપુરા–સુરત

શ્રી રણછોડદાસ વનમાળીદાસ
બરફીવાલા, બરાનપુરી ભાગોળ

શ્રી મનુભાઇ જી. યાજ્ઞિક
ડાંગશેરી, દિલ્હીગેટ

**વલસાડ**

શ્રી જીતેન્દ્ર હીરાલાલ દેસાઇ
ક્વાટર ન. ૪૨૧ વેસ્ટ યાર્ડ

सत्यं शिवं सुन्दरम्

# આશીર્વાદ

સર્વે સન્તુ નિરામયા... (logo text: સર્વે સન્તુ... સન્તુ)

વર્ષ : ૩જું ]　　સંવત ૨૦૨૫ વૈશાખ : ૧૫ મે ૧૯૬૯　　[ અંક : ૭મો

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ
ભારતમાં　રૂ. ૫-૦૦
વિદેશમાં　રૂ. ૧૨-૦૦

## લાયકાત અથવા અધિકાર

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**

લાભ મેળવવા માટે માણસ જેટલો ચિંતાતુર, વ્યાકુળ અથવા તાલાવેલીવાળો રહે તેટલો જ તે ગરીબ, ખાલી અને લાભની ગુલામી કરનારો છે એમ સમજવું. લાભ મળવાથી જે માણસ ખૂબ રાજી થઈ જાય છે તે પણ તે લાભ મેળવવા માટે લાયક અથવા અધિકારી નથી એમ સમજવું.

સત્ય માર્ગે અને નીતિપૂર્વક કર્મ કર્યા વગર, પરિશ્રમ કર્યા વગર માણસ જે લાભ મેળવે છે, તેનાથી તે, પુરુષત્વ વિનાના માણસને ખૂબસૂરત સ્ત્રી મળી ગયાની જેમ, હર્ષિત અને મોહાંધ થઈ જાય છે. લાભની અસરથી તેનું ચિત્ત છવાઈ જાય છે, તે ગર્વ અને અભિમાનથી ભરાઈ જાય છે. તે ક્રમે ક્રમે અલ્પ બુદ્ધિવાળો અને મૂઢ બનતો જાય છે.

સાચો આનંદ અને ખરી પ્રસન્નતા સત્ય માર્ગે કર્મ કરવામાં જ રહેલાં છે. આ આનંદ અને પ્રસન્નતા એ જ કર્મ કરવાથી મળતો સાચો લાભ છે. કર્મ કર્યા વિના અથવા અનીતિને માર્ગે કર્મ કરવાથી માણસ જે લાભ મેળવે છે, તેનાથી એને સાચો આનંદ, સાચી પ્રસન્નતા પ્રાપ્ત થતાં નથી. અને અસત્ય માર્ગે અનીતિપૂર્વક કર્મ કરનારને તેના એ કર્મમાંથી પણ સાચો આનંદ કે પ્રસન્નતા પ્રાપ્ત થતાં નથી. નીતિપૂર્વક કર્મ કર્યા વિના મેળવેલો લાભ એ લાભ નથી, આનંદ નથી, પ્રસન્નતા નથી, પણ માનસિક રોગ અથવા અનિષ્ટ જ છે.

જો કર્મ કર્યા વિનાના લાભથી આનંદ, પ્રસન્નતા કે સુખ પ્રાપ્ત થઈ શકતાં હોત તો ભગવાને આખી પૃથ્વીને સોનામહોરો, રત્નો અને મિષ્ટાન્નોથી ભરેલી જ બનાવી હોત. પરંતુ આનંદ અને પ્રસન્નતા નીતિપૂર્વકના કર્મ દ્વારા જ (તે કર્મમાંથી જ) મળતાં હોઈ ભગવાને માણસને બે હાથ, બે પગ, બળ અને બુદ્ધિ આપીને આ પૃથ્વીના કર્મક્ષેત્ર પર ઊભો કર્યો છે.

ૐ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | લાયકાત અથવા અધિકાર | ૐ | ૧ |
| ૨ | ઉદ્ધાર કરનારું શિક્ષણ | શ્રી વિનોબા ભાવે | ૩ |
| ૩ | 'આને હું રામરાજ કહું' | ગાંધીજી | ૫ |
| ૪ | મહાત્માની મહત્તા | શ્રી સાને ગુરુજી | ૬ |
| ૫ | દરરોજની પ્રભુભક્તિ | શ્રી કેશવચંદ્ર સેન | ૭ |
| ૬ | જીવન અને મૃત્યુનું રહસ્ય | શ્રી ડોંગરે મહારાજ | ૯ |
| ૭ | પ્રભુની માયા | મુકુંદ જોષી | ૧૨ |
| ૮ | હૈયાનું ધાવણ | શ્રી પીતાંબર ન. પટેલ | ૧૩ |
| ૯ | વિરહની વેદના | શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન' | ૧૭ |
| ૧૦ | મોટા ઘરની પુત્રી | શ્રી પ્રેમચંદજી | ૧૮ |
| ૧૧ | નરમેધ | શ્રી મનહર ભદ્રેશ્વરા | ૨૪ |
| ૧૨ | ઘેલાં અમે ભલે થયાં રે | મીરાંબાઈ | ૩૦ |
| ૧૩ | ગુરુ નાનક | શ્રી રમેશ ભટ્ટ | ૩૧ |
| ૧૪ | વટનો કટકો | શ્રી પ્રભુલાલ દ્વિવેદી | ૩૪ |
| ૧૫ | કેવું નસીબ | શ્રી અમૃત | ૩૬ |
| ૧૬ | લગ્ન | ... | ૩૭ |



## 'આશીર્વાદ'ના પ્રેમી સેવાભાવી સજ્જનોને

સત્-સાહિત્યના પ્રચાર માટે આપના ગામમાં 'આશીર્વાદ'ના એજન્ટનું કામ આપ જ ઉપાડી લો.

એક પોસ્ટકાર્ડ લખવાથી ગ્રાહકો નોંધવાની છાપેલી પાવતીબુક મોકલી આપવામાં આવે છે.

ગ્રાહકોનાં સરનામાં તથા તેમનાં લીધેલાં લવાજમોની રકમ દર માસની આખર તારીખ પહેલાં 'આશીર્વાદ'-કાર્યાલયને મનીઑર્ડરથી મોકલી આપવાં.

લવાજમની રકમ કાર્યાલયમાં જમા થયા પછી જ ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવે છે.

એજન્ટોને કાર્યાલય સાથેનું ટપાલખર્ચ, મનીઑર્ડરખર્ચ વગેરે મજરે આપવામાં આવે છે.

# ઉદ્ધાર કરનારું શિક્ષણ

શ્રી વિનોબા ભાવે

આજે જે શિક્ષણ અપાઈ રહ્યું છે તે બિલકુલ આરામથી અપાઈ રહ્યું છે, આરામમાં અપાઈ રહ્યું છે, આરામ માટે અપાઈ રહ્યું છે. ભણાવનારો ખુરશી પર બેસશે, ભણનારો પાટલી પર બેસશે. આરામથી ભણાવાશે, અને આરામથી ભણાશે. જે ભણતો હશે તેને ઘરમાં માબાપ કોઈ કામ નહીં સોંપે. કહેશે કે છોકરો ભણી રહ્યો છે. અને ભણી લીધા બાદ તે કોઈ નોકરી શોધશે. આમ, તેને શિક્ષણ આરામથી અપાઈ રહ્યું છે, આરામમાં અપાઈ રહ્યું છે, અને આરામ માટે અપાઈ રહ્યું છે.

તેમ છતાં આપણા પૂજ્ય નેતા પંડિત નેહરુએ જાહેર કરી દીધું હતું કે "આરામ હરામ હૈ." તો જે શિક્ષણ અપાઈ રહ્યું છે તે પણ હરામ છે, એમ કહેવું પડશે. પરંતુ ચીન–પાકિસ્તાનની કૃપા છે કે હવે વિદ્યાર્થીઓને જરા વ્યાયામ કરાવે છે. એન. સી. સી. વગેરેમાં છોકરાંઓને જરા કઠણ જીવનનો અનુભવ કરાવાય છે.

પરંતુ આટલાથી પરાક્રમની ઇતિશ્રી નથી આવી જતી. પરાક્રમને માટે હજી વધુ પ્રાણસંચારની જરૂર છે. સવારના પહોરમાં ઊઠવું, ખુલ્લી હવામાં દોડવું-ફરવું, રાતે વહેલા સૂઈ જવું, રાતે સિનેમા વગેરે જોવા નહીં, પથારીમાં પડ્યા કે ભગવદ્‌નામ-સ્મરણ કરીને નિદ્રાધીન થવું, પ્રાતઃકાળની મંગળ વેળામાં અધ્યયન કરવું, ત્યાર પછી વ્યાયામ અને થોડો ઉત્પાદક પરિશ્રમ કરવો, ખેતરમાં કામ કરવું, ઘંટી ચલાવવી. હવે, ઘંટી ચલાવવી પડશે, એમ સાંભળીને બધાંને આશ્ચર્ય થશે કે બાબા આ યુગમાં ઘંટી ચલાવવાનું કહે છે!

મેં નાનપણમાં મા સાથે ઘંટી ચલાવી છે. પછી મહાત્મા ગાંધી સાથે ઘંટી ચલાવી છે. પછી મારા વિદ્યાર્થીઓ સામે બેસીને ઘંટી ચલાવી છે. અને આ પણ વેઠની માફક નહીં, ગણતરીપૂર્વક હાથ ફરવો જોઈએ. એક, બે, ત્રણ, ચાર...દસ. ડાબો હાથ પૂરો થયો. એક, બે, ત્રણ, ચાર...દસ. જમણો હાથ પૂરો થયો. એ રીતે દસ ફેરા ડાબા હાથે અને દસ ફેરા જમણા હાથે, એમ ઘંટી ચલાવવી જોઈએ. બેઉ હાથને સરખી કસરત મળવી જોઈએ. વળી, છાતી સીધી, કમર ટટાર એમ બરાબર બેસીને દળવું જોઈએ. લોટ બહુ ઝીણોયે ન થાય અને બહુ જાડોયે ન થાય. રોજ આવી રીતે ઘંટીનો દળેલો તાજો લોટ ખવાય તો ઉત્તમ પોષણ મળશે, અને શરીર મજબૂત બનશે.

ખબર નથી, મારી સામે આ વિદ્યાર્થીઓ બેઠા છે, તેમાંથી કેટલાને ઘરે ઘંટી હશે. ઘંટીમાં માત્ર લોટ જ નથી દળાતો, આળસ પણ દળાય છે. તેનાથી સુંદર કસરત થાય છે, ઉત્પાદક શ્રમ થાય છે. એક વાર અમારા આશ્રમમાં ઘંટી ચાલી રહી હતી. બાળકો દળી રહ્યાં હતાં. એક મોટા શિક્ષણશાસ્ત્રી આશ્રમ જોવા આવ્યા. આશ્રમ જોઈ બહુ ખુશ થયા. કહે, આશ્રમ બહુ સારો લાગ્યો; પણ એક વાત સમજમાં ન આવી. આ બાળકો દળે છે તો તે બાળ-મજૂરી થઈ ગઈ! બાળકો પાસે મજૂરી કરાવવી ઠીક નહીં. મેં કહ્યું, તમારી સૂચના સારી છે. કાલથી અમે તેના પર અમલ કરીશું. બાળકો ઘંટી ફેરવશે, પણ અંદર ઘઉં નહીં નાખે. ઘંટી-માંથી લોટ મળશે તો તે મજૂરી થઈ જશે, પણ લોટ નહીં મળે તો તે વ્યાયામ કહેવાશે! ડમ્બેલ્સથી વ્યાયામ થાય તો ઘંટીથી કેમ નહીં? તો આવી આપણી હાલત છે! વ્યાયામથી ઉત્પાદન થાય છે તો આપણા લોકોને ગમતું નથી. લાગે છે કે આપણી આબરૂ ગઈ. બિચારાં બાળકો મજૂર બની ગયાં. અર્થાત્ મજૂર બિચારા ઘૃણિત છે. અમારાં બાળકો શું મજૂરી કરશે? નહીં, તેઓ તો વ્યાયામ કરશે!

એક હતો ભૂત. તેણે એક માણસની નોકરી સ્વીકારી લીધી. પણ એક શરત રાખી હતી કે કામ વિના હું એક ઘડીયે બેઠો નહીં રહું. કાંઈ ને કાંઈ કામ મને આપવું પડશે. માલિકે એક કામ આપ્યું, તે પૂરું થઈ ગયું. એટલે તેણે તુરત બીજું કામ માગ્યું. તે પણ પૂરું થઈ ગયું કે તુરત ત્રીજું માગ્યું. એ હતો જ ભૂત, એટલે એટલો ઝડપથી

---

**બીજાની બુદ્ધિથી ચાલવા કરતાં પોતાના અંતરનો પ્રકાશ જ્યાં દોરે ત્યાં શ્રદ્ધા રાખીને ચાલવાથી મનુષ્યનું વધારે હિત થાય છે.**

કામ કરતો ગયો કે માલિક માટે તેને કામ પૂરું પાડવાનું જ અશક્ય બની ગયું. પછી તેને અક્કલ સૂઝી. તેણે ભૂતને કહ્યું કે પેલો જો એક થાંભલો છે. તેના ઉપર ચઢવું, તે કામ નંબર એક. પછી તેના પરથી નીચે ઊતરવું, તે કામ નંબર બે. ફરી ઉપર ચઢવું, કામ નંબર ત્રણ. ફરી નીચે ઊતરવું કામ નંબર ચાર. અને સતત આમ જ કરતો રહે. આ તને કાયમનું કામ સોંપી દીધું. ત્યારે ભૂત સમજી ગયો કે હવે મારું અહીં કાંઈ નહીં ચાલે, એટલે તે ભાગી ગયો. કેમ કે ચઢો, ઊતરો, એ તે કોઈ કામ છે દુનિયામાં? તેવી જ રીતે આપણે એમ માનીએ છીએ કે બાળકો ઊઠે, બેસે, ફરી ઊઠે, ફરી બેસે, તો સારો વ્યાયામ થશે. પણ આ તે કોઈ વ્યાયામ છે? આમ ઊઠવા-બેસવામાં કેટલી કેલરીઝ ખર્ચાતી હશે? અને ખાવું તો પડે જ છે. અને ખાવાનું તો ઉત્પાદક પરિશ્રમથી જ મળે છે. જ્યારે તમે તો વ્યાયામમાં કોઈ ઉત્પાદક પરિશ્રમ કરતા જ નથી!

મેં એક અંગ્રેજી ચોપડી વાંચી હતી. તેનું નામ હતું "પંદર મિનિટ વ્યાયામ." તેમાં પંદર મિનિટ વ્યાયામ કરવાથી શરીરના બધા અવયવોને કેવી કસરત મળશે તે બતાવ્યું હતું. હાથ આમ હલાવો, પગ તેમ હલાવો, ગરદન આમ વાળો, નાક આમ કરો, આંખો આમ કરો. આવી રીતે દરેક અવયવ માટે કસરત કહી હતી. તો આ વ્યાયામ ચાલે છે, પણ ઉત્પાદન કાંઈ નથી થતું. જો ઉત્પાદન થાય તો તે મજૂરી કહેવાશે!

મારું કહેવું છે કે દરેક બાળક પોતાના ઘરમાં ઘંટી પર લોટ દળે. એમ કરવાથી તેને તાજો લોટ મળશે, માનો પરિશ્રમ બચશે અને મા-દીકરાનો સહયોગ થશે. અને તેમાં બહુ ઝાઝી મહેનત પણ નહીં પડે. પાંચ માણસના કુટુંબને એક શેર લોટ જોઈએ. તો માત્ર પંદર મિનિટનું કામ. હું એકલો દળતો હતો તો કલાકમાં ત્રણ શેર લોટ દળી નાખતો. તો પંદર-વીસ મિનિટનો સુંદર વ્યાયામ થશે. આ વિક્રમગંજ* છે, તો જરા વિક્રમ થઈ જાય અહીં. ખબર નથી, આ નામ વિક્રમાદિત્ય રાજા પરથી રાખ્યું છે કે વિક્રમ સૂચવવા. પણ વિક્રમગંજ નામ રાખ્યું છે એટલે મેં કહ્યું કે જરા ઉત્પાદક શ્રમ કરો, અને જરા પરાક્રમ કરો તો ભારત બેડું થશે.

લોકો કદાચ કહેશે કે બાબા અમારાં બાળકોને બગાડી રહ્યો છે. સોક્રેટિસ પર આ જ આરોપ હતો કે તે બાળકોને બગાડે છે. અને એટલા વાસ્તે જ તેને ઝેરનો કટોરો આપવામાં આવેલો. પરંતુ તુકારામ મહારાજ કહે છે—એમના પર પણ આ આરોપ મૂકવામાં આવ્યો ત્યારે એમણે કહ્યું કે **—आम्हीं बिघडलो तुम्हीं बिघडा ना—** હું બગડી ગયો છું, તમેય બગડી જાઓ. તેવી જ રીતે હું તો બગડેલો છું જ, કેમ કે મહાત્મા ગાંધીએ મને બગાડ્યો. આ બધું મને એમણે શીખવ્યું. એમની પાસે ગયો ત્યારે દળવાનું કામ તો મને આવડતું હતું. પણ બાકી બધું કામ એમણે શીખવ્યું. તેમાં ભંગીકામ પણ આવી જાય. આમ હું બગડી ગયો છું, તો તમે પણ બગડી જાઓ, એમ હું કહું છું. કદાચ અહીંના શિક્ષક પણ ફરિયાદ કરશે કે બાબાએ બાળકોને બગાડ્યાં. પણ જો તેઓ પોતે પણ બગડી જશે, તો એમને એવી ફરિયાદ કરવાનો વારો નહીં આવે.

* બિહારના એક ગામનું નામ.

*

એક સ્વાભાવિક ઘટના બની અને ભગવાને મને અહીં રોકયો. ૨૪–૨૫ ડિસેમ્બરે આખો દિવસ તીવ્ર પીડા રહી. એ હતો ઈશુનો જન્મ-દિન, અને મને યાદ આવી રહ્યું હતું ઈશુનું ક્રૂસિફિકેશન—ક્રૂસારોહણ. તેનો અનુભવ થયો, અને મન પર અસર પડી કે હવે હું મરી ચૂક્યો છું. ગ્રામદાન-તુફાન મારી હાજરીથી થાય તો તે અસલી તુફાન નહીં બને. તેથી ઈશ્વરનો ઇશારો સમજીને અહીં જ રોકાઈ ગયો.

**વિનોબા**

# 'આને હું રામરાજ કહું'

**ગાંધીજી**

મારી પોતાની દૃષ્ટિએ સ્વરાજ્ય અને રામરાજ્ય એક જ છે, જો કે ભાઈઓની આગળ હું રામરાજ્ય શબ્દ બહુ વાર નથી વાપરતો. કારણ, આ બુદ્ધિના યુગમાં સ્ત્રીઓ આગળ રેંટિયાની વાતો કરનારની રામરાજ્યની વાતો બુદ્ધિવાદી જુવાનોને ટાયલા જેવી લાગે. તેમને તો રામરાજ્ય નહિ પણ સ્વરાજ્ય જોઈએ, અને તેઓ સ્વરાજ્યની પણ ચમત્કારિક વ્યાખ્યાઓ આપે છે. મારી દૃષ્ટિએ એ ધૂળ જેવી છે...સ્વરાજ્યની કલ્પના સામાન્ય નથી, પણ તે રામરાજ્ય છે. એ રામરાજ્ય કેમ આવે, ક્યારે આવે? જ્યારે રાજા-પ્રજા બંને સીધાં હોય, જ્યારે રાજા-પ્રજા બંનેનાં હૃદય પવિત્ર હોય, જ્યારે બન્ને ત્યાગ તરફ વળેલાં હોય, ભોગો ભોગવવામાં પણ સંકોચ અને સંયમ રાખતાં હોય, બન્નેની વચ્ચ પિતા-પુત્ર જેવી સુંદર સંધિ હોય, ત્યારે તે રાજ્યને આપણે રામરાજ્ય કહીએ. આ આપણે ભૂલ્યા એટલે 'ડેમોક્રસી' (પ્રજાતંત્ર) ની વાતો કરીએ છીએ. આજે 'ડેમોક્રસી'નો યુગ ચાલે છે. મને એના અર્થની ખબર નથી; પણ જ્યાં પ્રજાનો અવાજ સંભળાય છે, પ્રજાના પ્રેમને પ્રાધાન્ય છે, ત્યાં 'ડેમોક્રસી' સંભળાય છે એમ કહેવાય. પણ મારા રામરાજ્યમાં માથાં ગણીને અથવા હાથ ગણીને પ્રજાના મતનું માપ ન કાઢી શકાય. એવી રીતે મત લેવાય તેને હું પંચનો મત ન માતું. પંચ બોલે તે પરમેશ્વર. એ હાથ ઊંચા કરનારા પંચ ન હોય. ઋષિ-મુનિઓએ તપશ્ચર્યા કરીને જોયું કે, માણસો તપશ્ચર્યા કરતા હોય, પ્રજાહિતની ભાવનાવાળા હોય અને તે મત આપે તે પ્રજામત કહેવાય. એનું નામ સાચી 'ડેમોક્રસી.' મારા જેવું એકાદું ભાષણ આપીને તમારો મત ચોરી જાય, તે મતમાં પ્રગટ થતી વસ્તુ તે 'ડેમોક્રસી' નથી.

મારી 'ડેમોક્રસી' તો રામાયણમાં આલેખાયેલી છે; અને રામાયણ પણ હું જેમ સીધુંસાદું વાંચું છે અને તેમાંથી જે ભાવ નીકળે છે તે પ્રમાણે. રામચંદ્રે કેમ રાજ્ય કર્યું?...કૃષ્ણે પણ શું કર્યું? કૃષ્ણ તો દાસાનુદાસ હતા. રાજસૂય યજ્ઞ વેળા શ્રીકૃષ્ણે તો સૌના પગ ધોયા. પ્રજાના પગ ધોયા. એ વાત સાચી હોય કે કાલ્પનિક હોય, એ પ્રથા તે વેળા હોય કે ન હોય; પણ તેનું રહસ્ય એ કે તેમણે પ્રજાને નિહાળીને પ્રજાને નમન કર્યું, પ્રજાના મતને નમન કર્યું. રામાયણમાં આ વસ્તુ જુદી રીતે આલેખાયેલી છે. ગુપ્તચર દ્વારા રામચંદ્રજી નગરચર્યા કરાવીને જાણે છે કે, સીતાજીને વિષે એક ધોબીના ઘરમાં અપવાદ ચાલે છે. તેઓ તો જાણતા હતા કે અપવાદમાં કશું નહોતું. તેમને તો સીતા પ્રાણ કરતાં પ્યારાં હતાં. તેમની અને સીતાજીની વચ્ચે ભેદ પડાવે એવી કોઈ વસ્તુ નહોતી, છતાં આવો અપવાદ ચાલવા દેવો એ બરોબર નથી એમ સમજી તેમણે સીતાજીનો ત્યાગ કર્યો. એમ તો રામચંદ્રજી સીતાજીમાં સમાતા હતા ને સીતા રામચંદ્રજીમાં સમાતાં હતાં. જે સીતાને સારુ રામ લશ્કર લઈને ચડ્યા, જેની રાતદિવસ રામે ઝંખના કરી, તે સીતાના શરીરવિયોગની રામચંદ્રજીએ આવશ્યકતા માની. એવા પ્રજામતને માન આપનારા રાજા રામનું રાજ્ય તે રામરાજ્ય. એ રાજમાં કૂતરા સરખાને પણ ન દૂભવી શકાય; કારણ, રામચંદ્રજી તો જીવમાત્રનો અંશ પોતામાં જુએ. એવા રાજ્યમાં વ્યભિચાર, પાખંડ, અસત્ય ન હોય. એ સત્યયુગમાં પ્રજાતંત્ર ચાલ્યા કરે. એ ભાંગ્યું એટલે રાજા રાજધર્મ છોડે, બહારથી આક્રમણો થવા લાગે. મનુષ્યનું લોહી બગડે છે, ત્યારે બહારનાં જંતુઓ આક્રમણ કરે છે; તેમ જ સમાજશરીર અસ્વચ્છ થાય ત્યારે સમાજનાં અંગોરૂપ મનુષ્યો ઉપર બહારથી આક્રમણ શરૂ થાય છે.

પણ રાજા-પ્રજા વચ્ચે પ્રેમનો મેળ સંધાય, ત્યારે પ્રજાશરીર આક્રમણોની સામે ટક્કર ઝીલી શકે. રાજશાસન એ પ્રેમનું શાસન છે; રાજદંડ એટલે પશુબળ નહિ, પણ પ્રેમની ગાંઠ. રાજા શબ્દ જ 'રાજ' એટલે 'શોભવું' ધાતુ ઉપરથી બનેલો છે. એટલે રાજા એટલે જે શોભે છે તે. એ જેટલું જાણે છે તેટલું પ્રજા નથી જાણતી. એણે તો પ્રેમપાશથી પ્રજાને બાંધી લીધી છે. તેથી તે દાસાનુદાસ છે. શ્રીકૃષ્ણ પણ દાસાનુદાસ હતા, અને તેમણે સેવકની પાટુ ખાધી. તેમ રાજરજવાડાંઓને કહું છું કે, જો તેઓ રામ અને કૃષ્ણના વંશજો કહેવડાવવા ઇચ્છતા હોય, તો તેમણે પ્રજાની પાટુ ખાવાને તૈયાર રહેવું જોઈએ. તમે પણ પ્રજાની ગાળો ખાઓ, પ્રજા ઘેલી થાય પણ રાજાથી ઘેલા ન થવાય. રાજા ઘેલા થાય તો પૃથ્વી રસાતળ જાય.

# મહાત્માની મહત્તા

શ્રી સાને ગુરુજી

મૃત્યુનો આપણ સૌને ભય લાગે છે, પણ જીવન અને મરણ ભગવાનની મોટી દેણ છે. દિવસ અને રાત બન્નેમાં આનંદ છે. દિવસે સૂર્ય દેખાય છે, તો રાતે ચંદ્ર તથા અગણિત તારાની શોભા તો વળી કાંઈક ઓર જ. પૂર્ણિમા અને અમાવાસ્યા બન્નેને આપણે વંદવી જોઈએ. નાનું છોકરું માના સ્તનમાંથી ભરપૂર દૂધ પીએ છે. જીવન અને મૃત્યુ એટલે જગતમાતાનાં બે સ્તન જ. બંનેમાં આનંદ છે.

ગાંધીજી મૃત્યુને પણ ભગવાનની દયા સમજતા. 'મરું તોય ભગવાનની કૃપા સમજજો' એવું તેઓ ઉપવાસને વખતે અનેકવેળા કહેતા.

૧૯૧૬-૧૭ ની વાત છે. બિહારમાં ચંપારણ વિભાગમાં ગાંધીજી કિસાન ચળવળ ચલાવતા હતા. ગોરા અધિકારીઓ સરકારની સહાયથી ખેડૂતો પર બેહદ જુલમ ગુજારતા હતા.

એક દિવસ એક યુવાન ખેડૂત લાઠીમારથી ઘવાઈને મરણ પામ્યો. એની મા ઘરડી હતી. એનો આ એકનો એક દીકરો. એના દુઃખનો પાર ન હતો.

એ બાઈ ગાંધીજી પાસે આવીને કહેવા લાગી: 'મારો એકનો એક લાડલો ગયો. તમે એને જીવતો કરો ને?'

ગાંધીજી શું કરે? એ ગંભીરપણે બોલ્યા, 'મા, તારા દીકરાને હું શી રીતે જીવતો કરું? મારી એવી કઈ શક્તિ? કયું એવું પુણ્ય? અને એમ કરવું ઠીક પણ નહીં. પણ હું તને બીજો દીકરો આપું?' કહીને ગાંધીજીએ એ વૃદ્ધ માતાના કંપતા હાથ પોતાના માથા પર મૂક્યા, આંસુ નીતરતી આંખે કહ્યું: 'આ લાઠીમારના હલ્લામાં ગાંધી મર્યો, તારો દીકરો જીવતો છે. એ આ તારી સામે છે. તારો આશીર્વાદ માગે છે.'

એ વૃદ્ધ મા આંસુઓને રોકી ન શકી. એણે ગાંધીજીને પોતાની નજીક ખેંચ્યા. એમનું માથું પોતાની ગોદમાં લઈ 'મારા બાપુ! તમે સો વરસ જીવો.'—કહીને પ્રેમળ આશીર્વાદ આપ્યા.

બાપુજી દેખાવે હતા સુકલકડી. લોકો કહેતા, બાપુ એટલે મુઠ્ઠીભર હાડકાંનો માળો. પણ તેઓ પોતાના શરીરની અત્યંત કાળજી લેતા. પ્રમાણસરનો આહાર, માલિશ અને ફરવું એ બધું જ એમનું નિયમિત ચાલતું. દેહ એ તો સેવાનું સાધન, તેને સ્વચ્છ સતેજ રાખવું એ તો આપણું પ્રથમ કર્તવ્ય. દેહ એટલે પ્રભુનું દેવળ. એની કાળજીપૂર્વક માવજત લઈ બળવાન રાખવું એ આપણી ફરજ. મહાત્માજી માયકાંગલાપણાના પૂજારી ન હતા. એમને અશક્તિ, પછી તે મનની હોય કે શરીરની, ખપતી નહોતી. યોગ્ય રીતે ખાઈને ખૂબ ખૂબ સેવા કરવી એ હતું એમનું સૂત્ર.

પૂ. વિનોબાજીની તબિયત જરા લથડી હતી. વિનોબાજીને જ ૧૯૪૦ માં મહાત્માજીએ પહેલા સત્યાગ્રહી તરીકે આગળ કર્યા હતા. વિનોબાજી જેવી સત્ય-અહિંસાની સાક્ષાત્ મૂર્તિ આજે મહારાષ્ટ્રમાં કે ભારતમાં ભાગ્યે જ જોવા મળે. સાબરમતી આશ્રમમાં પહેલવહેલું જે સત્યાર્થી મંડળ આવ્યું તેમાં વિનોબાજી સૌથી યુવાન હતા.

વિનોબાજી શરીરની સંભાળ બરાબર લેતા નથી એવી ફરિયાદ સેવાગ્રામમા ગાંધીજી પાસે કોઈએ કરી. થઈ રહ્યું! બસ, પછી પૂછવું જ શું? ગાંધીજીએ વિનોબાજીને બોલાવીને કહ્યું, 'તું શરીરની સંભાળ લેતો નથી. શરીરની કાળજી રાખતો નથી. આજથી હવે તું મારા તાબામાં. તારું શરીર મારે રાતી રાયણ જેવું કરવું છે.'

'મને માત્ર ત્રણ માસની મુદત આપો. એટલામાં એ ન સુધરે તો બંદો તમારા તાબામાં.' —વિનોબાજીએ જવાબ આપ્યો. આખા હિંદુસ્તાનની ચિંતાનો ભાર જેના માથે છે તેના માથે વળી પોતાના શરીરની ચિંતાનો ભાર કાં નાખવો, એ વિચારે ઇચ્છાશક્તિના મેરુ વિનોબાજીએ પોતાના શરીર ભણી ધ્યાન આપવા માંડ્યું. ત્રણ માસમાં તો તેમણે ૨૫ પાઉન્ડ વજન વધારી દેખાડ્યું. બાપુને આનંદ થયો.

મહાત્માજીને હૃષ્ટપુષ્ટ માણસો જોઈતા હતા, માયકાંગલા નહીં. માયકાંગલાપણું એ પાપ છે એટલું ધ્યાનમાં રાખજો.

# દરરોજની પ્રભુભક્તિ

**શ્રી કેશવચંદ્ર સેન**

નાહ્યા પછી પ્રભુની ભક્તિ કરવાને યોગ્ય એવાં સ્વચ્છ કપડાં પહેરવાં.

કારણ કે શરીર ઉપર મેલાં કપડાં હશે તો મનમાં મંગલમય વિચારો આવતા નથી, અને તેમ થાય તો આત્માની પણ ઉન્નત અવસ્થા થતી નથી.

એટલા માટે ઉપાસનાસ્થાનમાં ઈશ્વરની સન્મુખ જવું તો સ્વચ્છ વસ્ત્રો પહેર્યા વિના કદી જવું જ નહિ.

ઉપાસના કરવાના સ્થાનમાં ગયા પછી દરેકે પોતપોતાના આસન ઉપર હંમેશના નિયમિત સ્થળે બેસવું; પણ ભળતી જ જગ્યા ઉપર ગમે તેના આસન ઉપર બેસી જવું નહિ.

જે આસન ઉપર બેસીને આપણે ઈશ્વરભક્તિ કરીએ છીએ તેને આપણો મહાન મિત્ર ગણીને તેનું ઘણી જ સંભાળથી જતન કરવું. ક્યાંક મુસાફરીએ જવું હોય તો તે સાથે જ લઈ જવું.

પતિપત્ની, ભાઈબહેન, નોકરચાકર વગેરે કુટુંબમાંનાં તમામ મનુષ્યોએ ભક્તિ કરવાની વખતે ભેગા થવું અને પોતપોતાના આસન ઉપર બેસી જવું.

જો બહારથી મિત્ર કે પરોણાઓ ભક્તિ માટે આવ્યા હશે, તો બધા પુરુષોએ એક તરફ અને બધી સ્ત્રીઓએ તેમની સામી તરફ બેસવું.

પોતાના આસન ઉપર બેઠા પછી દરેક પુરુષે અને સ્ત્રીએ ઈશ્વરને નમન કરવું.

કુટુંબમાંનાં સઘળાં માણસો આવીને બેઠા પછી ઘરમાંના મુખ્ય યજમાને ઉપદેશકના આસન ઉપર બેસવું અને ઉપાસના કે ભક્તિનો આરંભ કરવો. એ ઉપાસના બહુ જ સાદી છતાં ગંભીર, તેમ જ કુટુંબમાંના દરેક મનુષ્યથી સહેલાઈથી સમજી શકાય તેવી હોવી જોઈએ.

શરૂઆતમાં એક પદ્ય કે સંગીત ગાવું, પછી પ્રભુનું આવાહન કરવું અને તેમાં આપણી ભક્તિ ઘણી જ સદ્‌ભાવવાળી બને, એવો અનુગ્રહ સઘળાઓ ઉપર થાય એવી માગણી ઈશ્વર પાસે કરવી. ત્યાર બાદ પુનઃ એક સંગીત ગાવું. આ સંગીત સૌ સ્ત્રી-પુરુષોએ એકસાથે, ઘણા જ પ્રેમથી અને સુસ્વર સ્વરોમાં ગાવું.

ત્યાર બાદ ઈશ્વરની પ્રાર્થના કરવી. તેમાં ઉપાસકે મુખ્ય ઈશ્વરના ગુણોનું વર્ણન કરવું. 'પરમેશ્વર સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અનંતરૂપ, આનંદમય, અમૃતધામ છે. તે સર્વજ્ઞ, સર્વશક્તિમાન હોવા છતાં પણ તે ઘણો કરુણાળુ અને પ્રેમમય છે. તે ભક્તવત્સલ, શાંતિધામ, પતિતપાવન, પાપનાશક છે.' આ પ્રકારે તેના મંગલમય ગુણોનું વર્ણન કરીને તેની સ્તુતિ કરવી.

એ પછી ધ્યાન ધરવું. ધ્યાન કરતી વખતે બધી ચિત્તવૃત્તિઓ એકાગ્ર કરીને પરમાત્માના ગુણોનું ચિંતવન કરવું, અને તેના મંગલમય સ્વરૂપનું હૃદયમાં અવલોકન કરવું. ધ્યાનસ્થ સ્થિતિમાં તમામ ભક્તજનોએ અલ્પકાળ સુધી નિશ્ચળ, સ્તબ્ધ અને ચૂપ રહેવું.

હૃદયમંદિરમાં પરમાત્માનું દર્શન કર્યા પછી સઘળાઓએ એકી સાથે બોલવાની નક્કી કરેલી હોય એવી નાની પ્રાર્થના કરવી. આ પ્રાર્થના નક્કી કરેલી અમુક જ હોવી જોઈએ. પ્રાર્થના પૂરી થયા પછી, દરેક દિવસે એક એક જણાએ, એમ દરેક જણે વ્યક્તિવિશિષ્ટ પ્રાર્થના કરવી અને તેમાં પોતાની દુર્બળતા ઈશ્વરને વિદિત કરવી, તે ઉપરાંત કરેલા અપરાધો વિષે પશ્ચાત્તાપબુદ્ધિથી તેની માફી માગવી.

ત્યાર બાદ વળી એક વાર સર્વેએ મળીને ઈશ્વરનું સ્તોત્ર બોલવું. એ સ્તોત્રમાં ઈશ્વરના નામનો ઉચ્ચાર કરવો. સદ્‌ભક્તોને માટે ઈશ્વરના નામ જેવું મધુરું અને પાપથી પાવન કરનારું બીજું કંઈ જ નથી. નામસ્મરણ થયા પછી સર્વેએ ગાયન દ્વારા ઈશ્વરનું યશોગાન કરવું.

આટલું થયા પછી મુખ્ય ઉપાસકે ધર્મપુસ્તકમાંથી કેટલાંક ધર્મવચનો વાંચીને તેનો સંક્ષેપમાં અર્થ કરી બતાવવો. એ અર્થ કહેતી વખતે, એ ધર્મવચનો જે મહાપુરુષોનાં હોય તેમનાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય વિષે કથન કરવું.

---

જે માણસ સારું કામ કરી શકે એમ હોવા છતાં તેમ કરતો નથી, તે ઉચ્ચ જીવન પ્રાપ્ત કરતો નથી, પણ અધોગતિને પામે છે—તેની યોગ્યતા ઘટે છે.

શાસ્ત્રનું વાચન થયા પછી મુખ્ય ઉપાસકે, તે દિવસને માટે મુકરર કરેલી મુખ્ય પ્રાર્થના કરવી. તે શાંત, ગંભીર, પ્રેમયુક્ત અને ભક્તિભાવથી પરિપૂર્ણ હોવી જોઈએ.

પ્રાર્થનામાં આત્માની ખરી ભાવનાઓ ઉદય પામવી જોઈએ. હંમેશાં અંતઃકરણમાં જે જે ઉદ્દગારો ઉત્પન્ન થતા જાય, તે પ્રાર્થના દ્વારા, સુકુમાર, સુવાસિત પુષ્પોની માફક ઈશ્વરને સમર્પણ કરવા.

નકામો બડબડાટ ઈશ્વરને ગમતો નથી. શરીરના વિક્ષેપો કરી, શરીરને આમતેમ નકામું નચાવવું, લહેકા કરવા, અમુક ઠરી ચૂકેલા તેના તે શબ્દો બોલવા, વધારે પડતી નમનતાઈ શરીરથી કરી બતાવવી વગેરે ચાળા–ચેષ્ટા જેવી બાબતોનો ઈશ્વરને તિરસ્કાર છે, એટલે કે તેને ગમતી નથી. એમ કરવાથી પ્રાર્થના ઘણું કરી ગંભીર અને સફળ થતી નથી.

એટલા માટે કુટુંબમાંની હમેશની ઉપાસના સાદી અને અંતઃકરણના ખરા ઉમળકાવાળી હોવી જોઈએ. એ પ્રસંગે સર્વેએ પોતપોતાની આંતર મનોભાવનાઓ ઈશ્વરને નિવેદન કરવી.

આ પ્રકારે પરમેશ્વરની પાસે જે કોઈ માગે છે, તેમની માગણી કદી પણ નિષ્ફળ નીવડતી નથી. તેમને ઈશ્વરનો પ્રસાદ પ્રાપ્ત થયા વિના રહેતો જ નથી. દીન અંતઃકરણથી જે કોઈ તેની પાસે દયા માગે છે, તેને શાંતિ, આરામ, આનંદ વગેરે પ્રદાન કરવાને માટે પ્રભુ સમર્થ છે.

ભક્તવત્સલ પ્રભુ પોતાના ભક્તોને કદી પણ નિરાશ કરતો નથી. તે દીનજનોની પ્રાર્થના સાંભળવા કાન ધરે છે. દૂબળાંઓને સહાય કરવામાં આઘુંપાછું જોતો નથી. બધો ભાર તેના ઉપર નાખી શાંત મનથી આપણે ધીરજ ધરવી જોઈએ.

એટલા સારુ સદ્દભક્તોએ વિશ્વાસુ અંતઃકરણથી ધીરજ રાખવી. યોગ્ય સમયે પોતાના અનંત ભંડારમાંથી દયા, ક્ષમા, જ્ઞાન, પવિત્રતા ઇત્યાદિ અધ્યાત્મ રત્નો મહાસમર્થ પ્રભુ પોતાના ભક્તોને આપ્યા વિના રહેતો જ નથી. માત્ર વિશ્વાસને મજબૂત કરવો જોઈએ, પ્રભુ ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ.

આ પ્રમાણે દરેક સવારે ઈશ્વરભક્તિ કરવી. એથી કરીને સદ્દભક્તોના અંતરાત્માઓ શાશ્વત આનંદનો ઉપભોગ કરીને સદા સંતોષી રહે છે, ને સંસારનાં અનેક સંકટોથી પ્રાપ્ત થનારી પીડાઓ દૂર થાય છે અને ચિત્તના તમામ સંતાપ શમી જાય છે.

આશીર્વચન માગ્યા પછી સર્વેએ ઊભા રહીને આરતી બોલવી. ત્યાર બાદ નમ્રભાવથી માથું નમાવી પ્રભુને ત્રણ વાર નમસ્કાર કરવા.

છેવટે હરખભર્યા અંતઃકરણથી શાંતિઃ શાંતિઃ શાંતિઃ, એમ ત્રણ વાર બોલવું.

*


## ‘આશીર્વાદ’ના પ્રતિનિધિ બનો

૧૦ ગ્રાહકો બનાવી આપનારને ૧ વર્ષ સુધી આશીર્વાદ વિનામૂલ્યે મોકલાશે.

૨૫ ગ્રાહકો બનાવી આપનારને શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનું ‘ભક્તિનિકુંજ’ પુસ્તક (૬૫૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ ‘આશીર્વાદ’ના અંકમાં જાહેર કરવામાં આવશે.

૫૦ કે તેથી વધુ ગ્રાહકો બનાવનારને શ્રી ડોંગરે મહારાજનું ‘ભાગવત રહસ્ય’ પુસ્તક (૭૦૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ ‘આશીર્વાદ’માં ટાઈટલ પૃષ્ઠ ઉપર જાહેર કરવામાં આવશે.

જે ભાઈઓ ધંધાની દૃષ્ટિએ કમિશનથી આશીર્વાદના એજન્ટ (પ્રતિનિધિ) તરીકે કામ કરવા માગતા હોય તેમણે કાર્યાલય સાથે પત્રવ્યવહાર કરવો.

# જીવન અને મૃત્યુનું રહસ્ય

**શ્રી ડોંગરે મહારાજ**

માણસની પાસે એકલાં લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે. પણ લક્ષ્મીજીની સાથે નારાયણ આવે તો માણસના હૃદયમાં સૌના પ્રત્યે દયા, પ્રેમ અને નમ્રતા ઉત્પન્ન થાય છે. તે માણસ ભગવાનના જેવો કૃપાળુ બની જાય છે અને સૌ કોઈનું હિત થાય એવાં કાર્યો તે કરે છે.

જેની પાસે એકલાં લક્ષ્મીજી આવ્યાં હોય છે તે માણસ અભિમાની થઈ જાય છે, અનેક જાતના મોજશોખમાં પડી જાય છે, શરીરનાં સુખો કેમ વધારેમાં વધારે ભોગવવાં એ તેનું લક્ષ્ય બની જાય છે, અર્થાત્ તે શરીરનો ગુલામ બની જાય છે. ભોગો ભોગવી ભોગવીને તેના શરીર, ઇંદ્રિયો અને મનની શક્તિ ક્ષીણ થઈ જાય છે. અંતે તે માણસ જડ, મૂઢ કે મૂર્ખ બની જાય છે અને મનુષ્યશરીર છોડીને પશુના શરીરમાં જવા માટે લાયક બની જાય છે. નારાયણ વિનાની એકલી લક્ષ્મીથી જીવનનું પતન થાય છે.

ખરું જોતાં નારાયણ વિનાની લક્ષ્મી એ લક્ષ્મી જ નથી. તે અલક્ષ્મી છે, જીવનમાંથી સાત્વિક પ્રકાશનો નાશ કરનારી ડાકણ છે. ડાકણ તો કેવળ શરીરને જ ખાઈ જાય છે, પણ આ સોનાની સજાવટ ધારણ કરીને લક્ષ્મીના રૂપમાં આવેલી અલક્ષ્મી માણસના શરીર, ઇંદ્રિયો અને મન ત્રણેના ચૈતન્યને ખાઈ જનારી બ્રહ્મહત્યા અથવા કૃત્યા છે. જે લક્ષ્મીરૂપ અલક્ષ્મીના મદથી માણસ બીજાંઓને પીડે છે, બીજાંઓનું શોષણ કરે છે, બીજાંને દગો દે છે, તે લક્ષ્મી માણસને મળેલી દુર્ભાગ્યની દેવી છે, અમંગલોની ખાઈ છે.

નારાયણને સાથે લઈને આવી હોય એ જ લક્ષ્મી કહેવાય, નારાયણ સિવાય આવી હોય તે રાક્ષસી, પિશાચી અથવા બ્રહ્મહત્યા કહેવાય. એનાથી માણસના જીવનમાંથી પરમાત્માના પવિત્ર પ્રકાશનો દીપક બુઝાઈ જાય છે. એથી સંયમ, સદાચાર, નીતિ, સત્ય, દયા વગેરે ભગવાનના ગુણોની સથે આવેલી લક્ષ્મી જ મનુષ્યનું કલ્યાણ કરે છે.

લોકો માને છે કે કાળ ક્યારે આવવાનો છે તેની શું ખબર પડે? પરંતુ કાળ સાવધાન કર્યા પછી આવે છે. કાળ તો દરેકને સાવધાન કરે છે, પણ લોકો સમજતા નથી. કાળ આવતા પહેલાં કાગળ લખે છે, પણ કાળનો કાગળ કોઈને વાંચતાં આવડતો નથી. ઉપરનું છાપરું ધોળું થવા લાગે ત્યારે સમજવું કે કાળની નોટિસ આવી છે. દાંત પડવા લાગે એટલે સમજવું કે કાળની નોટિસ આવી છે. આથી સાવધાન થવું. દાંત પડી જાય છે ત્યારે લોકોએ ચોકઠું શોધી કાઢ્યું છે. ચોકઠું હોય તો પાપડ ખાવાની મજા આવે છે. અરે, ક્યાં સુધી ખાશો? ખાવાથી શાન્તિ મળતી નથી. ખાવાથી વાસના વધે છે. દાંત પડવા લાગે ત્યારે સમજવું કે હવે ખાવાના સ્વાદ ત્યજી, દૂધ-ભાતનું સાત્વિક ભોજન લઈ શેષ જીવન દુઃખીઓની સેવા કરવામાં ગાળવાનો સમય જ બાકી રહ્યો છે. તો જ વાસનામાંથી છૂટીને વ્યાપક જીવનમાં એકાકાર થઈ શકાશે.

શરીરના મૃત્યુનાં ચિહ્નો અનેક જાતનાં બતાવવામાં આવ્યાં છે. અરુંધતીનો તારો ન દેખાય તો સમજવું કે એક વરસમાં મૃત્યુ છે. સ્વપ્નમાં શરીર કાદવમાં ખૂંપતું દેખાય તો નવ માસમાં મૃત્યુ કહ્યું છે. સ્વપ્નમાં માણસ પોતાને કુંભારના હાથી (ગધેડા) ઉપર બેઠેલો જુએ તો છ માસમાં મૃત્યુ કહ્યું છે. કાનમાં આંગળીઓ ઘાલતાં અંદરનો ધ્વનિ ન સંભળાય તો આઠ દિવસમાં મૃત્યુ થાય છે. મૃત્યુનાં લક્ષણો જાણી ગભરાવાનું નથી. સાવધાન થવા માટે આ લક્ષણો બતાવ્યાં છે. ભાગવતની કથા પણ સાવધાન થવા માટે છે. ભાગવતની કથા સાંભળી પરીક્ષિત કૃતાર્થ થયા છે. જે મનુષ્ય જીવનને સુધારે છે, તેનું મરણ સુધરે છે. આખા જન્મનાં શુભાશુભ કર્મોના સરવાળાનું સ્વરૂપ માણસના મરણમાં દેખાય છે. તેથી આ એક જ શરીરમાં હું છું એવી મમતા છોડી હું સર્વમાં છું, હું સર્વનો છું અને સર્વ મારાં છે એવો ભાવ કરવો જોઈએ. અને એવું જ વર્તન કરવું જોઈએ. તો સર્વરૂપ થવાય છે.

---

ધન, યશ અથવા સત્તા પ્રાપ્ત થવાથી જે સંતોષ પ્રાપ્ત થાય છે, તે સાંસારિક સંતોષ છે. તે ક્ષણિક છે અને જીવ પર નશો ચડાવનારો છે.

ભગવાન સર્વરૂપ છે.

આ રીતે એક જ શરીરમાંની અને એક જ કુટુંબમાંની મમતા કરવી જોઈએ. જે સંગ્રહ કરેલો હોય તે આત્મારૂપ સર્વ પ્રાણીઓના હિત માટે ખુલ્લો મૂકી દેવો જોઈએ. સંગ્રહ હોય ત્યાં સુધી મમતા સલામત રહે છે. સંગ્રહનું વિસર્જન થયું એટલે પછી સંકુચિત મમતા વ્યાપક ભાવમાં ફેરવાઇ જાય છે. ઇંદ્રિયોને ભોગેથી શાન્તિ મળતી નથી, પણ માણસ વ્યાપક ભાવમાં ભળે એટલે તેના મનને અને ઇંદ્રિયોને શાન્તિ મળે છે.

જે માણસ ઇંદ્રિયોના ભોગો ભોગવવામાં જ દેહનો ઉપયોગ કરે છે, તેને આ દેહ પરિણામે દુઃખનું કારણ બને છે, પરંતુ જે માણસ દેહનો ઉપયોગ જગતની સેવા કરવામાં કરે છે, તેવા મમતારહિત મનુષ્યને આ નશ્વર દેહ અવિનાશી શાન્તિ પ્રાપ્ત કરવાનું સાધન બને છે. શુકદેવજી કહે છે હે રાજા, મનુષ્ય સિવાયનાં શરીરો ભોગ ભોગવવા માટેનાં છે, પરંતુ આ મનુષ્યશરીર તો જનતા–જનાર્દનની સેવા કરીને ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે મળ્યું છે.

ઇંદ્રિયસુખ સર્વ પ્રાણીઓને સરખું જ મળે છે. શરીરસંગથી સ્ત્રીપુરુષને જેવું સુખ મળે છે, તેવું જ સુખ કૂતરાને કૂતરીના સંગમથી મળે છે. એથી મનુષ્યજીવનની વિશેષતા ઇંદ્રિયોની ગુલામીમાંથી મુક્ત થવામાં રહેલી છે. જીવનને એવું બનાવવું જોઈએ કે ભોગોની એમાં સ્પૃહા જ ન રહે. માણસ પરોપકારમાં અને જીવનનાં રહસ્યો સમજવામાં જ આનંદિત રહે એ જ મનુષ્યજીવનની સાર્થકતા છે. જીવનમાં અસંતોષ અને તૃષ્ણાની આગ જે સળગી રહી છે તેને દૂર કરવી હોય અને જીવન શાન્તિમય બનાવવું હોય તો સંગ્રહ અથવા પરિગ્રહ વધારવાની વૃત્તિ છોડી ત્યાગ કરતાં શીખો. તૃપ્તિ ભોગમાં નથી પણ ત્યાગમાં છે. ઇંદ્રિયોને ભોગોથી તૃપ્તિ મળતી નથી, પણ ભોગોનો ત્યાગ કરી બીજાઓની સેવા કરવાથી તૃપ્તિ અને શાન્તિ મળે છે. સમતા સિદ્ધ કરવા માટે સૌની સાથે મમતા રાખો. સ્વાર્થી અને સંકુચિત મમતા છોડી સર્વની સાથે મમતા રાખો. સર્વને પોતાનાં ગણતાં શીખો. આ જગતમાં કોઈ પારકું નથી. સર્વમાં આપણો જ આત્મા અથવા ભગવાન બેઠેલો છે. એથી સૌ કોઈની સાથે આત્મભાવ–આત્મીયતા રાખવાથી અને એ પ્રમાણે વર્તવાથી સમતા સિદ્ધ થાય છે.

ભોગો ભોગવવાથી અને ઘણું ભેગું કરવાની વૃત્તિવાળા માટે આ દેહ દુઃખનું કારણ બને છે. તે જ આ દેહ ત્યાગ અને સેવાની વૃત્તિવાળા માટે સંતોષ અને શાન્તિનું સાધન બને છે.

રામદાસ સ્વામીએ દાસબોધમાં લખ્યું છે કે ઘણું ભોગવવાની અને ઘણું ભેગું કરવાની વૃત્તિવાળો માણસ કદી સુખી થઈ શકતો નથી. તે નિત્ય અસંતોષ અને અશાન્તિની આગમાં બળતો જ હોય છે. શુકદેવજી પરીક્ષિતને કહે છે: હે રાજા, આ માનવશરીર ભોગો ભોગવવા માટે મળ્યું નથી, પણ ભોગોનો ત્યાગ કરી ભગવત્સ્વરૂપ બનવા માટે મળ્યું છે. જીવ શિવ થવા માટે પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી જ દુઃખોનાં જંગલોમાં ચક્કર લગાવે છે. બાકી ખરી રીતે તો જીવ શિવ થવા માટે જ સર્જાયો છે. જીવનો પ્રયત્ન જ્યારે સચ્ચાઈભર્યો અને પરિપક્વ બને છે ત્યારે આપોઆપ જ ઈશ્વર તેનામાં પોતાના ગુણોનો પ્રાદુર્ભાવ કરે છે.

જેમ આપણા સર્વ વિચારો નિર્ગુણ આત્મામાંથી પ્રકટ થતા હોય છે, તેમ ભગવાનનું સગુણ સ્વરૂપ નિર્ગુણમાંથી પ્રકટ થતું હોય છે. માણસ કેવળ સગુણ સ્વરૂપની ભક્તિ કરે એટલું જ પૂરતું નથી. સગુણ સ્વરૂપના જે ઉમદા ગુણો વિશુદ્ધ નિર્ગુણ આત્મામાંથી પ્રકટ થયા છે, તેવા ગુણો પોતામાંથી પ્રકટ થાય એવું પોતાનું જીવન વિશુદ્ધ બનાવવું જોઈએ. એ જ નિર્ગુણની ભક્તિ છે. માણસ સગુણની ભક્તિ રાખે અને પોતાના જીવનને વિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરે નહિ તો તેની ભક્તિ અધૂરી છે.

આખું જગત પરમાત્માનું સ્વરૂપ છે. પરમાત્મા સિવાય બીજો કોઈ પદાર્થ નથી. એથી પરમાત્મા જ જગતરૂપે પ્રકટ થયો છે. જગતમાં જે અશુભ,

---

શૂર્પણખાની જેમ વાસના પ્રથમ દેખાવમાં સુંદર લાગે છે, પણ પાછળથી તે પોતાનું પોત પ્રકટ કરે છે.

અશુદ્ધ અને અમંગલ તત્ત્વો છે તે પરમાત્માએ પોતાના શુભ, શુદ્ધ અને મંગલ સ્વરૂપનો મહિમા બતાવવા માટે જ પ્રકટ કર્યાં છે. અશુભ અને અમંગલ તત્ત્વો પ્રકટ જ કર્યાં ન હોય તો ભગવાનના શુભ અને મંગલ સ્વરૂપનો ખ્યાલ જ આવી શકે નહિ. એથી ભગવાનના આ વિરાટ સ્વરૂપમાં બધાં તત્ત્વો હેતુપૂર્વકનાં જ છે. એથી સંપૂર્ણ જગત બ્રહ્મરૂપ છે. માણસ જગતને બ્રહ્મરૂપે જુએ નહિ ત્યાં સુધી એનામાંથી રાગદ્વેષ જતા નથી. અને માણસમાંથી રાગદ્વેષ જાય નહિ ત્યાં સુધી તે બ્રહ્મરૂપ બની શકતો નથી. માણસમાં જ્યાં સુધી રાગદ્વેષ રહે છે ત્યાં સુધી તે આ જગતમાં ભગવાનની યોજનાને સમજી શકતો નથી. જગતને જે બ્રહ્મરૂપે જુએ છે અને કોઈના પ્રત્યે રાગદ્વેષ કરતો નથી અને સર્વ પ્રત્યે આત્મભાવથી જુએ છે તે જ આ જગતમાં પરમાત્માનો ભાવ સમજી શકે છે. આ રીતે જોનાર માટે તો તેના મિત્રો જેટલું તેનું હિત કરનારા છે તેટલું જ તેનું હિત તેના શત્રુઓ પણ કરનારા તેને જણાય છે. મિત્રોથી કદાચ સ્થૂળ લાભ વધારે મળે છે પણ શત્રુઓથી માણસને જ્ઞાનનો પ્રકાશ વધારે મળે છે. ધીરજ, હિંમત, શૌર્ય અને તેજસ્વિતા જેવા ગુણો માણસમાં શત્રુઓને લીધે જ ઉત્પન્ન થાય છે અને વૃદ્ધિ પામે છે, જે ગુણો ન હોય તો જીવન નિર્બળ અને પાંગળું જ રહે છે.

આમ સંપૂર્ણ દૃષ્ટિએ વિચાર કરતાં જગતમાં શત્રુઓ અને મિત્રો, શુભ અને અશુભ બધાંનું સર્જન એકંદરે મનુષ્યના પૂર્ણ કલ્યાણ માટે જ થયેલું છે. એથી સત્પુરુષો સર્વ પ્રત્યે રાગદ્વેષથી પર રહી હૃદયમાં સમતા અને આત્મીયતાનો જ ભાવ ધારણ કરતા હોય છે. જગતનાં શુભાશુભ બધાં સ્વરૂપોમાં ભગવાનનો હેતુ શોધી કાઢવો એ જ ભગવત્સ્વરૂપનું ધ્યાન છે અને એ દિશામાં વિચાર કરવા એ જ ભગવચ્ચિંતન છે, એ જ ભગવત્સ્વરૂપમાં એકાગ્રતા છે.

એકનાથ મહારાજ પાસે એક જિજ્ઞાસુ આવ્યો. તેણે મહારાજને પૂછ્યું : તમારું મન સદાસર્વદા ઈશ્વરમાં સ્થિર રહે છે, તેનું શું કારણ છે? મારું મન તો અર્ધો કલાક પણ ભગવાનમાં સ્થિર થતું નથી. મનને ભગવાનમાં જોડાયેલું રાખવાનો મને કંઈ ઉપાય બતાવો.

એકનાથ મહારાજે વિચાર્યું કે ઉપદેશ ક્રિયાત્મક હોવો જોઈએ. એથી તેમણે જિજ્ઞાસુને કહ્યું કે ભાઈ, તારા પ્રશ્નનો ઉત્તર હું તને આપું તે પહેલાં મારે તને એક ખાસ વાત કહેવાની છે. હવે થોડાક જ વખતમાં તારું મૃત્યુ છે. એથી મરણ પહેલાં તારે સંસારવ્યવહારના જે ગોઠવણ કરવી હોય તે કરીને સાત દિવસમાં મારી પાસે આવ. એટલે તારું ચિત્ત સતત ભગવાનમાં લાગી રહે એ માટેનો ઉપાય હું તને બતાવીશ, જેથી તારી દુર્ગતિ થાય નહિ. એટલું યાદ રાખજે કે મરતા પહેલાં માણસે વેર અને વાસનાનો ત્યાગ કરવાનો છે.

પેલા માણસે તો મૃત્યુનું નામ સાંભળ્યું ત્યારથી તેના હોશકોશ ઊડી ગયા. હવે દસ-વીસ દિવસમાં પોતાને મોટી મુસાફરીએ જવાનું છે એમ સમજી તેણે ઘેર આવી શત્રુ અને મિત્ર સર્વને પ્રણામ કર્યા. ધનની વાસનાનો અને પુત્ર–પરિવારની આસક્તિનો ત્યાગ કર્યો. ઇંદ્રિયોના ભોગોમાં તો હવે તેને કંઈ સ્વાદ જ ન રહ્યો. મૃત્યુ પહેલાં પોતાનું જીવન વેર અને વાસનાથી કેમ મુક્ત કરી લેવું એનું જ એક ચિંતન તેને રાત-દિવસ રહેવા લાગ્યું. બધા વ્યવહારની એણે પુત્રોને સોંપણી કરી દીધી. સાત દિવસ પછી તે એકનાથ મહારાજ પાસે આવ્યો.

મહારાજે પૂછ્યું : બોલ, આ સાત દિવસમાં તેં શું કર્યું? તારે હાથે કંઈ પાપ થયું? તેં કોઈનું અપમાન કે કોઈને દગો કર્યો? તેં કોઈના ઉપર ગર્વ કે અભિમાન કર્યું, તું સારાં સારાં મિષ્ટાન્ન બનાવડાવીને જમ્યો?

જિજ્ઞાસુએ ઉત્તર આપ્યો કે મને તો મરણની બીક એવી લાગી કે સંસારની કોઈ બાબતોમાં મને રસ ન રહ્યો. કોઈ માણસો પ્રત્યે રાગદ્વેષ ન રહ્યો. બધાં વ્યવહારનાં કામોની ન્યાયયુક્ત વ્યવસ્થા મેં કરી દીધી છે. મારાથી કશું પાપ કે ખોટું કામ ન થાય

---

**બધી સકામ પ્રાર્થનાઓ ફળીભૂત થાય એવો નિયમ નથી. કારણ કે આપણા કલ્યાણને માટે અમુક સમયે આપણને કઈ વસ્તુની આવશ્યકતા છે, તે આપણા કરતાં પરમાત્મા વધારે સારી રીતે જાણે છે.**

એનું આ સાત દિવસોમાં મેં બરાબર ધ્યાન રાખ્યું છે. મૃત્યુની બીક આગળ મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે.

એકનાથ મહારાજે કહ્યું: મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે. હું રોજ મૃત્યુને યાદ રાખું છું. એથી મારું મન ભોગોમાં ચોંટતું નથી, ખોટાં કામોમાં કે પાપમાં પડતું નથી. મન નિત્ય સત્ય-અસત્યનો વિવેક કરવામાં લાગ્યું રહે છે. એ વિવેકમાંથી જ ઈશ્વરી રહસ્યોનો અનુભવ થાય છે. જે માણસો મૃત્યુની બીક રાખી જીવન જીવે છે તેઓ જ સાચું જીવન જીવે છે. જે લોકો મૃત્યુને ભૂલીને ભોગોમાં રચ્યાપચ્યા રહે છે તેઓ જીવનની અંદર જ મૃત્યુને ભેટી રહ્યા હોય છે. ભોગોમાં રચ્યાપચ્યા રહેલા તારા સ્વરૂપનું આ સાત દિવસમાં મૃત્યુ થઈ ગયું છે. અને મૃત્યુની બીક રાખી જીવન જીવવાથી મૃત્યુરહિત અવિનાશી સ્વરૂપ સાથે જોડાયેલું જીવન તને પ્રાપ્ત થયું છે. આ રીતે મોતનો ભય રાખી નિત્ય વેર અને વાસનાથી રહિત, રાગદ્વેષરહિત, ન્યાયયુક્ત જીવન જીવીશ તો તને મૃત્યુનો ભય નથી. શરીરનો નાશ થાય તોયે તારા અમર સ્વરૂપની અનુભૂતિ તો તારામાં સદા બની જ રહેશે. મારો ઉપદેશ તારામાં સફળ થયો છે.

પેલા જિજ્ઞાસુને જીવન કેવી રીતે જીવવું તેની ખરી ચાવી હાથમાં આવી ગઈ. એકનાથ મહારાજ અને જિજ્ઞાસુ બંને પ્રસન્ન પ્રસન્ન બની રહ્યા.

## પ્રભુની માયા

થોડાં વર્ષો પહેલાં હું એક સારા એવા શહેરમાં એક લત્તામાં રહેતો હતો. ત્યાં હું કેટલાંક વર્ષો રહ્યો; જેથી આજુબાજુના માણસો સાથે મારે સારો પરિચય થયો. ત્યાં અમારી બાજુમાં સંતોકબહેન નામની એક વૃદ્ધ બાઈ રહેતી હતી. તે બાઈ ધનવાન અને સાથોસાથ પુત્રવાન હતી. તેણીને ત્રણ પુત્ર અને ચાર પુત્રીઓ હતી અને સારાં એવાં મકાનો પણ હતાં.

કેટલાક દિવસો બાદ અમારે આ બાઈ સાથે ઘણો ગાઢ સંબંધ બંધાયો. એકવાર મેં તેને તેના વૈભવની અને કુટુંબ વિષે વાતચીત કરી. ત્યારે તેણે કહ્યું: 'આ ઘર, કુટુંબ વગેરે તો પ્રભુની માયા છે.' કોઈ પણ માણસ તેને ઘેર આવતા ત્યારે તે આ વચન ઉચ્ચારતી.

એક વાર ત્રણચાર વર્ષની ઉંમરનો મારો ભત્રીજો દિનુ તે સંતોક ડોશીના ઘર પાસે જઈ નાનું એવું લોખંડનું પતરું હાથમાં લઈને તેની ભીંતમાં ખૂંચાડવા લાગ્યો.

ત્યારે તે સંતોકડોશી બહાર આવી દિનુને ગાળો ભાંડવા લાગ્યાં. આથી બિચારો નાનો દિનુ તો તેમને જોઈ હસવા લાગ્યો, કારણ કે તે બિચારો હજુ કંઈ પણ સંસારી જ્ઞાન પામ્યો ન હતો. ઊલટો તે અબૂઝ બાળક તેમની સામે દોડ્યો ગયો.

હવે સંતોકડોશીના ગુસ્સાનો પાર રહ્યો નહિ. ત્યારે અમારા ઘરમાં બધાં કામમાં પડ્યાં હતાં, જેથી કોઈને આ વાતની ખબર ન હતી. પરંતુ સંતોક ડોશીએ બૂમો પાડીને અમોને ઘરમાંથી બોલાવ્યાં અને અમારી સાથે કજિયાનું સ્વરૂપ ધારણ કરવા લાગ્યાં. હવે મારાથી રહેવાયું નહિ. હું તુરત બોલી ઊઠ્યો કે 'આ મકાન આપનું છે?'

ત્યારે સંતોકડોશીએ જવાબ આપ્યો કે 'હા.'

આથી મેં તેમને ફરીથી કહ્યું કે 'થોડા દિવસ પહેલાં આપે જ અમોને કહેલ કે આ બધી પ્રભુની માયા છે. તો આ બાળક હજુ સંસારથી અબૂઝ છે. અને પ્રભુના ઘરનું જ છે.' ત્યારે તેઓ ઘણાં જ ગુસ્સે થયાં પરંતુ સાથોસાથ શરમિંદાં પણ પડતાં ગયાં. તુરત અમો સૌ ઘરમાં આવી પોતપોતાના કામે લાગી ગયાં.

દંભી માણસમાં કેટલી હદ સુધીની દાંભિકતા હોય છે અને પોતાની ક્ષુદ્ર મમતા કેટલી હદ સુધીની હોય છે તે આ પ્રસંગે સમજાય છે.

મુકુંદ જોષી

*

# હૈયાનું ધાવણ

**શ્રી પીતાંબર ન. પટેલ**

ગામની શાળાના મકાનનું ઉદ્‌ઘાટન કરવા કેળવણી ખાતાના નાયબ પ્રધાન જગદીશભાઈ આવવાના છે એવી જાહેરાત ગામમાં થઈ એટલે ગામમાં ઉત્સાહનું વાતાવરણ ફરી વળ્યું. ગામમાં કોઈ મોટા નેતા કે પ્રધાન કે અમલદારે કદી પણ પગ મૂક્યો નહોતો. ક્યાંથી મૂકે? ગામ સ્ટેશનથી દસબાર માઈલ દૂર હતું. પાછાં રસ્તામાં નાનાંમોટાં બેત્રણ કોતર આવતાં હતાં. એક નદી હતી, પણ ચોમાસા સિવાય ભાગ્યે જ ત્યાં પાણી દેખાતું. પણ એ નદીના પટની રેતી એવી હતી કે ભાગ્યે જ મોટરગાડી એમાંથી બહાર નીકળી શકે. જીપ પાડીઓ પણ એ રેતીમાં ફસાઈ જતી. એટલે રસ્તાના અભાવે આ ગામ જાણે વિખૂટું પડી ગયું હતું. આવા ધૂળિયા રસ્તે કોણ આવે? અને તાલુકાના છેવાડાના ગામે જાય પણ કોણ? આ તો ગામઆગેવાનોએ કેટલો આગ્રહ કર્યો ત્યારે જગદીશભાઈએ અનુમતિ આપી. આમ તો એય બીજા પ્રધાનોની પેઠે વાત ટાળત. પણ એ આ જિલ્લાના હતા અને આ જિલ્લો તેમને સુપરત થયો હતો. એટલે લોકોની દાદ-ફરિયાદ સાંભળવાયે જવું એ તેમની ફરજ હતી.

ગામમાં પ્રધાન આવે છે એ નક્કી થયું એટલે સરપંચે સૌને આંગણાં સાફ રાખવાનો સાદ પડાવ્યો. ભંગીઓને ધમકાવી રસ્તા તો ઠીક, પણ ખૂણાખાંચરાયે સાફ કરાવ્યા. શાળાના માસ્તર સ્વાગતગીત તૈયાર કરાવવા મંડ્યા. આવડા નાના ગામમાં હારમોનિયમ તો ક્યાંથી હોય! એટલે બાજુના ગામના ભાઈને ખાસ તેડાવ્યા. શાળા આગળ કેવો મંડપ બાંધવો, ભોજનની કેવી વ્યવસ્થા કરવી તેની પણ વિચારણા થઈ રહી. ગામમાં આ પ્રકારનો પ્રસંગ પ્રથમ જ હતો. એટલે સૌનો ઉત્સાહ પણ ભારે હતો. ગામને પણ એમ હતું કે શું કરીએ ને શું ન કરીએ.

*અલબત્ત, જગદીશભાઈને બોલાવવા પાછળનો* હેતુ તો આ ઉદ્‌ઘાટન નિમિત્તે ગામની ફરિયાદો રજૂ કરવાનો હતો. ખાસ તો સ્ટેશન સાથે જોડતો રસ્તો થાય એવી સૌ વિનંતી કરવા માગતા હતા, જેથી ચોમેરનાં ગામડાંનો વ્યવહાર સુગમ પડે. કોતર અને નદીના પટ પર કાંકરી પથરાવે તો મોટરો અને ગાડી જઈ શકે. અને પુલ કરાવે તો બારે માસ રસ્તો ખુલ્લો રહે. લોકોની વાત ખરી હતી. એટલામાં કોઈ મોટું ગામ નહોતું એટલે ચોમાસામાં કંઈ ખરીદી કરવી હોય કે કોઈ માંદુંસાજું હોય ત્યારે ભારે આપદા થતી. અરે, ગયે વર્ષે જ સુવાવડમાં એક બાઈનું મોત થયેલું. ગાડામાં નાખીને પણ ક્યાં લઈ જાય. રસ્તો તો જોઈએ ને? પ્રધાન સાહેબ આવે તો તેમને પ્રત્યક્ષ ખ્યાલ આવે અને તેઓ એ રસ્તાને પહેલી પસંદગી આપે તો લોકોની આપદા ઓછી થાય. એટલે તો બાજુનાં ગામડાંના લોકો ય પ્રધાનશ્રી નીકળવાના હતા એ માર્ગ પર સ્વાગતની તૈયારી કરવાનું વિચારતા હતા. કેટલાકે તો અરજીઓ પણ લખી રાખી હતી.

ગામને માટે આ મોટો અવસર હતો. એટલે સૌને મન એનો ઉત્સાહ હોય એ સમજી શકાય એવું હતું. આ બધામાં ગંગા ડોશીની તો વાત જ જુદી હતી. જ્યારથી તેમણે જાણ્યું કે જગદીશભાઈ ગામમાં આવવાના છે ત્યારથી એમને તો દીકરો પરદેશથી આવવાનો હોય અને મા ગાંડીઘેલી બની જાય એવું થયું હતું. જાણે 'જગદીશભાઈ' નામ કાને પડતાં જ હૈયામાં હેત ઊભરાઈ રહ્યું હતું. એટલે તો વાસમાં અને ગામમાં ય જણ જેને તેને એ કહેતાં: 'એ તો હવે 'જગદીશભાઈ...જગદીશભાઈ' થયો. પણ એ તો મારા ખોળામાં રમેલો છે. 'જગલો', 'જગલો' કહીને મેં એને મોટો કર્યો છે. એ મહિનાનો હશે અને તેની બા મરી ગઈ. એ જગલાને મેં ધવરાવી મોટો કર્યો. મારો ગોવિંદો અને એ બેય સરખા. બેય એક સાથે ધાવીને મોટા થયા.'

ને જાણે મલકાતાં હોય, દીકરાની પ્રગતિમાં *રાચતાં હોય એમ ધીમે રહીને ડોશી કહેતાં:* 'તમે જોજો તો ખરાં, જગુ મને ઓળખી કાઢે છે કે નહિ?' ને જવાબ પણ તે મનોમન આપતાં: 'ન

---

ન્યાય, નીતિ અને સત્ય આચરણ વિનાનો મનુષ્ય પોતે સત્યને અને કલ્યાણને પ્રાપ્ત કરશે એમ માને એનું નામ ભ્રમણા છે.

કેમ ઓળખે? એ મારું ધાવણ ધાવીને તો મોટો થયો છે.'

તેમણે વાસમાં બૈરાં આગળ તો નાના જગુનાં અનેક બાળપરાક્રમોની વાતો કરેલી.

તેમનો પોતાનો દીકરો પ્રધાન થયો હોય તેમ હરખાઈ મલકાઈને એ કહેતાં, 'જનમ આલનાર મા તો બિચારી નાનો મૂકીને મરી ગઈ. પણ પછીથી ધવરાવી-રમાડીને મેં મોટો કર્યો છે ને? જેવો મારો ગોવિંદો એવો મારો જગલો.'

ને ત્યારે લોકો એ બંને વિશે હસતાં હસતાં કહેતાંય ખરાં: 'ગંગામા, આ તો તમારા જોડિયા છોકરા છે.'

'હા જ તો. મારે તો બે દીકરા છે.'

અરે, ખુદ જગાનો બાપ પરસોતમ પણ કહેતો: 'મેં તો મારો દીકરો ગંગાબાને ખોળે મૂકી દીધો છે. એ મારો રહ્યો છે જ ક્યાં! એ તો ગંગાબાનો દીકરો છે. ધવરાવીને મોટો કરી આપે. પાંખો આવે અને ચરી ખાય. મારું શું છે?'

ગંગા ડોશી એ બધીયે વાતો અત્યારે યાદ કરી રહ્યાં હતાં...ને તેમની સામે બાળુડો જગલો ખડો થતો હતો. એ આઠ વર્ષનો થયો અને માસ્તરની બદલી બીજે ગામ થઈ ત્યારે તેમણે જગુને છોડ્યો એ છોડ્યો. 'જગુ તેમને ઓળખશે ખરો?' ગંગાબાના મનમાં શંકા થતી અને જીવ ફફડી ઊઠતો.

કદાચ એને બાળપણુ યાદ નયે આવે. એ મારે ત્યાં ખાતોપીતો, ગોવિંદા સાથે રમતો. સાથે શાળામાં પણ બેઠેલા. એ નિશાળમાં બેઠો. પતાસાં વહેંચાયાં. બીજે વર્ષે માસ્તરની બદલી બીજે ગામ થઈ.

ત્યારે જગુ કેટલું રડ્યો છે! એ તો બસ લઈ બેઠો રઢ: 'બા, મારે તમારી સાથે આવવું છે. મારે ગોવિંદ સાથે ભણવું છે. બા, મને તમારી સાથે લઈ જાઓ.'

જગુ તેને 'બા' 'બા' કહેતો. એ દીકરો આ ઘરડી બાને ભૂલી જશે ખરો?

સમયને જતાં કંઈ વાર લાગે છે! ગંગાબાના પતિ રામશંકર શાળામાં શિક્ષક હતા. બદલાતાં બદલાતાં છેલ્લે એ પોતાના વતનમાં આવેલા. નિવૃત્ત થયા અને બે વર્ષમાં જ દેવલોક પામ્યા.

આ ગામથી પેલે ગામ ફરવામાં જગુવાળું ગામ વીસરાતું ગયું અને મળવાનું પણ મુશ્કેલ બન્યું. પણ ગંગાબા જગુને ભૂલ્યાં હતાં એમ તો કેમ કહેવાય? એકવાર જગુના બાપ પરસોતમ મળ્યા ત્યારે પણ જગુના સમાચાર પૂછ્યા હતા. ત્યારે જગુ અંગ્રેજી ભણતો હતો.

એ જગુ પ્રધાન થયો છે! માને પોરસ ચઢે તેમ ગંગાબાને પોરસ ચઢતો હતો.

આમ તો ગંગાબાને ક્યાંથી ખબર પડે કે જગદીશભાઈ એ જ જગુ છે? પણ ગુજરાત રાજ્યનું નવું પ્રધાનમંડળ રચાયું. તેના ફોટા છાપમાં આવેલા. એ છાપું ઘરમાં પડ્યું હતું. ગોવિંદનો દીકરો દાદીમાને ફોટા દેખાડતો હતો. ત્યાં એમની નજર જગદીશના ફોટા પર પડી. જાણે તેમના જગાનો અણસાર!

આ જગલો તો નહિ હોય! અને તેમણે ચશ્માં ચઢાવી છાપામાં જગદીશનો પરિચય વાંચ્યો. પિતાનું નામ પરસોતમ અને ગામનું નામ પણ એ જ. ઉંમર પણ તેમના ગોવિંદ જેટલી. નક્કી ...નક્કી એ જ.

ત્યારે જ તેમને થયેલું કે એ ગોવિંદ પાસે જગાને કાગળ લખાવે. તેના સમાચાર પૂછે...પણ ગોવિંદે જરા ટાઢું પાણી રેડ્યું: 'એ રહ્યા મોટા માણસ. આપણને ઓળખે પણ નહિ. ને આટલા દિવસ પત્ર ન લખ્યો હોય અને પ્રધાન થયા પછી લખીએ તો એમને પણ થાય કે સૌ સ્વાર્થનાં સગાં છે.'

એટલે ગંગાબા ચૂપ રહેલાં પણ ત્યારેય તેમને એમ તો થયેલું કે, જગો મને ઓળખે કે નહિ?

ને આ પ્રધાનને મેં ધવરાવી મોટો કરેલો એ વાત ગંગાબા તક મળતાં કહેવાનું ચૂકતાં નહિ.

---

શુદ્ધ જીવનનો પ્રેમી તેના મનને સત્ય આચરણ અને સત્ય જ્ઞાનથી હંમેશાં તાજું બનાવે છે.

પણ હવે તો જગદીશ આ ગામમાં જ આવે છે. તેમનો દીકરો ગામમાં આવે અને તેને ઘેર ન બોલાવે એવું બને ખરું? એ ઉત્સાહમાં ને ઉત્સાહમાં, આંખે મોતિયાની ઝાંખ આવી હતી, ઉંમર પણ થઈ હતી છતાં લાકડીના ટેકે ટેકે એ સરપંચ પાસે ગયાં.

'ભઈ... પરધાનની મારે ત્યાં પધરામણી કરવાની છે.'

'એ તે કેમ બને, માજી! એમનો કાર્યક્રમ તો ગોઠવાઈ ગયો છે. એમ ઘેરઘેર જવાનો ટાઈમ આપે તો સમયસર એ બધેય પહોંચી જ ન શકે ને!'

અલ્યા ભઈ...એ પરધાન તમારો, પણ મારો દીકરો ખરો કે નહિ? દીકરો માને મળ્યા વગર જાય?' ને તેમને અને જગદીશભાઈને કેવો સંબંધ છે એની ડોશીએ માંડીને વાત કરી. સરપંચને એ ડોશીની ઘેલછામાં રસ નહોતો અને એવી વાત સાંભળવામાં ફુરસદ નહોતી એટલે કહ્યું :

'માજી! તમે તમારે સભા પૂરી થાય ત્યારે મળજો ને. એ તો હું જ તમારો ભેટો કરાવી આપીશ.'

પણ ગંગા ડોશીને આ જવાબથી સંતોષ ન થયો હોય તેમ તે બોલ્યો :

'એ ખરું, પણ જેને મેં ધાવણ ધવરાવી મોટા કર્યો એ મારા ઘેર પગે ન મૂકે?' ને જાણે પોતાની શ્રદ્ધાનો સાદ કાઢતાં હોય તેમ બોલ્યાં 'તમે જોજો ને... જગો મને તરત ઓળખી લેશે અને 'બા...બા...' કરતો આવી વળગી પડશે. એ જ મને કહેશે : 'બા, ચાલો તમારે ઘેર...જરા નિરાંતે વાતો કરીએ...' ને સરપંચને ઠપકો આપતાં હોય તેમ ડોશી બબડ્યાં : 'લ્યો બોલ્યા? જગો મને ઓળખે નહિ. મારા ઘરે આવે નહિ એવું બને ખરું? એ શું...એની રગેરગમાં દોડી રહેલું મારું ધાવણ પોકારી ઊઠશે.'

ને ગંગાબાએ સ્વાગતની તૈયારી શરૂ કરી.

ત્યારે એ યાદ કરી રહ્યાં : જગલાને શું વધારે ભાવતું હતું?

ધાણી માટે, કુલેર માટે, તલપાપડી માટે...એ ઝઘડો કરતો. ગોવિંદના હાથમાંથી તલસાંકળી પડાવી લેતો. એને તલસાંકળી ખૂબ ભાવે...એ પ્રધાન થયો પણ એને તલસાંકળી કોણ કરી આપતું હશે?

ને ડોશીએ ગોવિંદની વહુને તલસાંકળી બનાવવાનું કહ્યું. ગોવિંદ ગામમાં વેપાર કરતો હતો. તેનું ઠીકઠાક ચાલતું હતું. એને એમ કે પ્રધાન સાહેબ પધારે તો સાથે મોટો કાફલો હોય. એટલે તેમના સ્વાગત માટે ચાપાણી અને નાસ્તો રાખવો જોઈએ. એ વળી સૂકો મેવો ને ફળફળાદિ લાવવાનું વિચારી રહ્યો હતો, તે ગામઆગેવાનો, ભોજનમાં શું જમવાનું રાખીશું એની ચર્ચાવિચારણા કરી રહ્યા હતા.

પણ સમારંભના બે દિવસ આડા રહ્યા અને નવો કાર્યક્રમ આવ્યો. પ્રધાનશ્રી ઉદ્‌ઘાટન પતાવી તાલુકાના ગામે જવાના હતા, ત્યાં ભોજન લેવાનું ગોઠવ્યું હતું. તેમ ઉદ્‌ઘાટન સમારંભનો સમય પણ ટૂંકાવી દીધો હતો. પ્રધાનશ્રી ચા પીવાયે રોકાશે નહિ, એવું સ્પષ્ટ સૂચન હતું.

એટલે ગોવિંદે તો ચાપાણીની વાત પડતી મૂકી. લોકોને પણ કચવાટ થયો. પ્રધાનશ્રી ભોજન લેવા રોકાયા હોત તો નિરાંતે વાત થાત.

પણ ગંગા ડોશીએ તેમનો તલસાંકળીનો કાર્યક્રમ રદ ન કર્યો. ગોવિંદે બાને યાદ પણ આપી :

'શીદ ને માથાકૂટ કરો છો! ભાઈને એવો વખત જ નહિ મળે. એ તો મોટરમાં આવશે અને ભાષણ કરી પાછા મોટરમાં ચાલ્યા જશે. ગામમાં જ નહિ આવે ને.'

'ભલે ને ગામમાં ન આવે, પણ મને મળ્યા વના પાછો જાય ખરો! ભલા ભાઈ, તું કેમ ભૂલી જાય છે કે એ તારો દૂધભાઈ છે.' ને એકલા ગોવિંદને જ નહિ, પોતાની જાતને પણ સંભળાવી રહ્યાં :

'જગો મને ભૂલી જાય પણ તેના હાડમાં

---

મનુષ્યે તેના પૂર્વના જીવનમાં જે કંઈ કર્યું હોય છે તેનો સરવાળો એ તેની હાલની સ્થિતિ છે.

મારું ધાવણ પડ્યું છે એ ઓછું ભૂલી જાય? અરે, એ જ સટક દઈ બોલી ઊઠશે: 'બા...ગંગાબા, કેમ છો?'

ગંગાબાએ તલ ઝાટક્યા. આંખે બરાબર નહોતું દેખાતું તોય ચશ્માં ચડાવીને પણ વીણ્યા. ગોવિંદની વહુ પાસે પણ વિણાવ્યા અને પાસે રહી તલપાપડી તૈયાર કરાવી. તેનાં ચકતાં તેમણે જ પાડ્યાં. તલપાપડી નાના ડબ્બામાં હેતથી ગોઠવી.

'વહુ! એને વખત નહિ હોય તો આ ડબ્બો જ આલી દઈશ. ઘેર જઈને નિરાંતે ખાશે.'

ને અંતરના ઉત્સાહને વાચા મળી હોય તેમ એ બોલી રહ્યાં:

'તું જોજે તો ખરી, તલસાંકળી જોઈ રાજીનો રેડ થઈ જશે. મૂઓ નાનો હતો ત્યારે તો વળગી પડે અને તલસાંકળી ન કરી આલું ત્યાં સુધી કજિયો કરી મૂકે.'

પાછાં માસ્તરને યાદ કરીને બોલ્યાં:

'એ હોત તો જગાને જોઈ ખભો થાબડત. ત્યારેય એ તો કહેતા હતા: 'તું જોજે ને, આ છોકરો મોટો થઈ નામના ન કરે તો મને કહેજે.' નાનો હતો ત્યારથી જ એની હોશિયારી એવી હતી. કંઈ શિખવાડે તો એને તરત યાદ રહી જાય અને ગોવિંદને વાર લાગે.'

ગંગાબા તો જગામય બની ગયાં હતાં. તે એયે વીસરી ગયાં હતાં, કે તે હવે જગો રહ્યો નથી. એ તો જગદીશ થઈ ગયો છે અને પાછો પ્રધાન થયો છે. પણ એ તો વાતવાતમાં 'મારો જગો આવો ને મારો જગો તેવો' કહ્યાં કરતાં હતાં.

ને તેમનો જગો ગામમાં આવ્યોય ખરો.

ગામલોકોએ શાળાના ચોગાનમાં મંડપ બાંધ્યો હતો. ગામમાં હતી તેટલી મોદી માગી લાવી ચોમેર બાંધી હતી, નીચે પાથરી હતી મોટી ચંદની બાજુના ગામેથી લાવ્યા હતા. તોરણો બાંધ્યાં હતાં. રંગબેરંગી કાગળનાં તોરણથી રસ્તોય શણગાર્યો હતો. મંચ પર ગાલીચો બિછાવ્યો હતો. લાઉડસ્પીકર સવારેથી આવી ગયું હતું. રેકર્ડો મૂકી ગામને ગાજતું કરી મૂકયું હતું. છોકરાં ગેલમાં આવી ગયાં હતાં અને દોડાદોડ કરતાં હતાં. યુવાનો વ્યવસ્થા જાળવવામાં પડ્યા હતા.

આ પ્રસંગે બાજુના ગામના લોકોય આવ્યા હતા. આ બાજુ પ્રધાન સાહેબની પહેલી જ વાર પધરામણી થતી હતી.

પ્રધાન સાહેબની મોટર પહેલાં પોલીસની મોટર આવી. પ્રધાન સાહેબ સાથે બીજી બે જીપો હતી. એમાં જિલ્લાના આગેવાનો હતા. બધા ઊતરીને આવ્યા ત્યારે સભામાં હતા એ બધા ઊભા થઈ ગયા. સરપંચે સૂતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું. પ્રધાનશ્રી બેઠા એટલે લોકો બેસી ગયા.

ત્યારે સ્ત્રીઓના ભાગમાં આગળની લાઈનમાં બેઠેલાં ગંગાબા ચશ્માં ચડાવી તેમના જગાને ધારીધારીને તાકી રહ્યાં હતાં. તેમનું લક્ષ ન તો સ્વાગતગીતમાં હતું, ન તો ભાષણમાં હતું. એ તો બેઠાં બેઠાં મનમાં બાળપણના જગાના અણસારને આ પ્રધાનના ચહેરા સાથે મિલાવી રહ્યાં હતાં.

નાક અને કપાળનો ભાગ તો એવો ને એવો છે. પણ હાડે જરા વધ્યો છે. તેમના ગોવિંદા કરતાંયે ઊંચો દેખાય છે.

ગંગાબા જગદીશની કાંતિ સામે, તેના પ્રભાવ સામે, તેની મુખમુદ્રા સામે ફાટી આંખે તાકી રહ્યાં. જાણે તેમની આંખો જૂની, વર્ષો પહેલાં જોયેલી ઝીણીમાં ઝીણી રેખાને ઢૂંઢી રહી હતી.

જગદીશ ભાષણ કરવા ઊભો થયો. તેણે કેળવણી, ગ્રામોદ્ધાર, પંચાયતરાજ વગેરેની વાતો કરી. પણ ગંગાબાનું લક્ષ એમાં કયાં હતું?

કેટલાક લોકોએ પ્રધાનશ્રીને અરજી આપી. વખત થઈ જતો હતો, એટલે જિલ્લાના આગેવાનના કહેવાથી આભારવિધિ અને ફૂલહાર થયાં. બીજા પણ ઊભા થઈ ફૂલહાર કરવા મંડયા. એટલે ગંગાબાને સળવળાટ પેઠો. જગો કયાંક ઊભો થઈ ચાલવા

---

સજ્જન અપકારનો બદલો ઉપકારથી વાળે છે, વૈરભાવ રાખનાર પર પ્રેમ રાખે છે, ક્રોધી અને તામસી સ્વભાવવાળા સાથે શાન્તિથી વર્તે છે.

માંડશે તો એની સાથે વાત નહિ થાય. એટલે તે હાથમાં તલસાંકળીવાળો ડબ્બો લઈ ઊભાં થઈ પ્રધાનશ્રી તરફ સરક્યાં. ત્યાં પોલીસે તેમને રોક્યાં.'

'ભાઈ...મારે એને મળવાનું છે...'

પણ ગંગાબાનું સાંભળે કોણ?

પ્રધાનશ્રી ઊભા થયા એટલે પોલીસનેય ગણકાર્યા વગર ડોશી આગળ જઈ ઊભાં રહ્યાં. ને મા દીકરાને જોતી હોય તેમ એની સામે જોઈ ને પૂછ્યું:

'ભાઈ...મને ઓળખી!'

'ના...માજી...ઓળખાણ આપો તો ખબર પડે.' જગદીશ ગંગાબા સામે તાકી રહ્યો. બીજા, 'ચાલો, વિલંબ થશે, અહીં જ અડધો કલાક વધારે થયો છે' કહી પ્રધાનશ્રીના હાથમાંથી હાર લઈ રહ્યા હતા.

'મને ન ઓળખી ભાઈ? હું ગંગાબા...તું આવડો હતો ત્યારે મેં તને ધવરાવી મોટો કરેલો ...ભૂલી ગયો?'

'હા...હા...થોડું યાદ છે. ઘણાં વર્ષ થઈ ગયાં એટલે ક્યાંથી યાદ રહે?'

કદાચ જગદીશ તો વાત કરત, પણ ગામ-આગેવાનોએ પણ ડોશીને ધમકાવી કાઢ્યાં:

'ડોશીમા, હવે એમને મોડું થાય છે...હજી તો બીજી સભામાં એમને હાજર રહેવાનું છે.' ને ડોશીને એક બાજુ ખસેડ્યાં. પણ ગંગાડોશીએ તો તેમનું ગાણું ચાલુ રાખ્યું:

'ભાઈ...તું નાનો હતો ત્યારે તલસાંકળી ખૂબ ભાવતી હતી તે હું લેતી આવી છું. એ આ રાખ તારી પાસે...' ને ગંગાબાએ જગદીશ સામે તલસાંકળીનો ડબ્બો આગળ ધર્યો.

પણ જગદીશે તો બે હાથ જોડીને કહ્યું:

'અચ્છા માજી. મારે મોડું થાય છે હો.' ને તેણે ગંગાબાના હાથમાંના તલસાંકળીના ડબ્બા સામે જોયું-ન-જોયું ને ઉમેર્યું: 'ફરી આવીશ ત્યારે તમારી તલસાંકળી ચાખીશ હો.' અને તે બાજુમાં જ ઊભી રાખેલી મોટરમાં બેસી ગયો. મોટરો ઊપડી ગઈ. લોકો ટોળે વળી વાતો કરી રહ્યા. છોકરાં ફૂલહારની ખેંચાખેંચ કરી રહ્યાં.

ત્યારે ગંગા ડોશી દૂર દૂર મોટરો ધૂળ ઉડાડતી જતી હતી ત્યાં તાકી રહ્યાં. મોટર દેખાતી બંધ થઈ એટલે જાણે ચક્કર આવ્યાં હોય તેમ હાથ ધ્રૂજી રહ્યા અને તેમના હાથમાંનો ડબ્બો પડી ગયો. તલસાંકળીનાં નાનાં ચોસલાં નીચે વેરાઈ ગયાં ને આંખે અંધારાં આવ્યાં હોય તેમ ગંગા ડોશી જમીન પર ઢળી પડ્યાં.

*

# વિરહની વેદના

જબસે ગોકુલ છોડ કનૈયા, મથુરાનગર પધારે;
તબસે સૂની હુઈ નગરિયાં ભૂલત નાહિ નિહારે....જબસે૦
જિત દેખો ઈત છાંઈ ઉદાસી, શોક હુઆ અતિ ભારે;
રુદન કરત હૈ નરનારી સબ, વ્યાકુલ બને બિચારે....જબસે૦
ગોપ-ગોપી ઔર ગ્વાલ-બાલ સબ, મુખસે યહી પુકારે;
કહાં ગયે હંમરે નયન કે તારે, નટવર નંદદુલારે....જબસે૦
કૈસે જાઉં જલ-જમુના ભરન મૈં, સૂને પડે હૈ કિનારે;
મધુબન સૂના, સબ બન સૂના, સૂને હૃદય હમારે....જબસે૦

**શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન'**

# મોટા ઘરની પુત્રી

શ્રી પ્રેમચંદજી

[ હિન્દીના જાણીતા સાહિત્યકાર, નવલિકાલેખક અને વાર્તાકાર મુનશી પ્રેમચંદજીની 'નિર્મળા' હિંદી–હિંદુસ્તાની 'વિનીત'ના અભ્યાસકાળે વાંચી ત્યારથી થયું હતું કે તેમની કૃતિઓ પ્રસંગોપાત્ત ગુજરાતીમાં આપવી જોઈએ. તેઓનું મૂળ નામ ધનપતરાય હતું તથા ઉપનામ પ્રેમચંદજી. તેઓ ઉપન્યાસ–સમ્રાટ કહેવાય છે. પહેલાં તેઓ ઉર્દૂમાં લખતા હતા. પછી તેઓ હિંદી–ઉર્દૂની ભેળસેળવાળી શૈલીમાં લખવા લાગ્યા. તેમણે પોતાની વાર્તાઓમાં અને કેટલીયે નવલકથાઓમાં હિંદુસ્તાનની ગ્રામજનતાની જિંદગીનું આબેહૂબ ચરિત્રચિત્રણ કર્યું છે. તેમની વાર્તાઓ અને નવલકથાઓ આપણી જીવતી જાગતી સામાજિક સમસ્યાઓને અનુલક્ષીને છે. 'હંસ' નામના માસિકના તેઓ એક સંપાદક હતા. માનસરોવર, પ્રેમપચીસી, સપ્તસરોજ, નવનિધિ વગેરે તેમના વાર્તાસંગ્રહો છે. અને સેવાશ્રમ, પ્રેમાશ્રમ, રંગભૂમિ, કાયાકલ્પ, ગબન અને ગોદાન વગેરે તેમની મશહૂર નવલકથાઓ છે. તેમની શૈલી સરળ અને હૃદય ઉપર અસર કરનારી છે. તેમની સુંદર અને જ્ઞાન-ચારિત્ર્યવર્ધક એવી આ એક વાર્તા અત્રે રજૂ કરવામાં આવે છે. આ વાર્તાના અનુવાદક છે ત્ર્યંબકલાલ મા. શુક્લ. ]

વેણીમાધવસિંહ ગૌરીપુર ગામના જમીનદાર અને આગેવાન હતા. તેમના દાદા કોઈ સમયમાં ભારે ધનધાન્યસંપન્ન હતા. ગામનું પાકું તળાવ અને મંદિર, જેની અત્યારે મરામત કરાવવી પણ મુશ્કેલ હતી, તે તેમના કીર્તિસ્થંભ હતા. કહે છે કે એમને દરવાજે હાથી ઝૂલતા હતા. હાલમાં તેની જગ્યાએ એક વૃદ્ધ ભેંસ હતી, જેના શરીરમાં માત્ર હાડકાં ને ચામડી સિવાય બીજું કંઈ બાકી રહ્યું નહોતું. પણ ભેંસ દૂધ સારા પ્રમાણમાં આપતી હતી. કેમ કે કોઈ ને કોઈ માણસ તપેલી લઈને દૂધ લેવા વારાફરતી તૈયાર જ રહેતું. વેણીમાધવસિંહ તેમની અર્ધાથી વિશેષ સંપત્તિ વકીલોને અર્પણ કરી ચૂક્યા હતા. તેમની હાલની આવક વાર્ષિક રૂપિયા હજારથી ઓછી નહોતી. ઠાકોર સાહેબને બે મોટા પુત્ર હતા. મોટાનું નામ શ્રીકંઠસિંહ હતું. તેમણે ઘણા સમયના પરિશ્રમ અને ઉદ્યોગથી બી.એ. ની પદવી પ્રાપ્ત કરી હતી. હાલમાં તેઓ એક ઑફિસમાં–કચેરીમાં નોકરી કરતા હતા. નાનો છોકરો લાલબિહારી બેવડિયા શરીરનો અને સુંદર નવજુવાન હતો. ભરેલું મોં, વિશાળ છાતી. ભેંસનું બશેર તાજું દૂધ ઊઠીને સવારમાં તે પી જતો હતો. શ્રીકંઠની દશા તેનાથી તદ્દન વિપરીત હતી. આ નેત્રપ્રિય ગુણોને તેમણે બી. એ. ની ઉપાધિને ખાતર અર્પણ કરી દીધા હતા. એ બે અક્ષરોએ તેમના શરીરને નિર્બળ અને ચહેરાને કાન્તિવિહોણો બનાવી દીધો હતો. એથી વૈદકના ગ્રંથો ઉપર તેમને વિશેષ પ્રેમ હતો. આયુર્વેદિક ઔષધિઓ ઉપર તેમને વિશેષ વિશ્વાસ હતો. સવાર–સાંજ તેમના ઓરડામાંથી ખરલનો સુરીલો કર્ણમધુર ધ્વનિ સંભળાયા કરતો હતો. લાહોર અને કલકત્તાના વૈદ્યો સાથે ખૂબ ખૂબ પત્રવ્યવહાર ચાલતો હતો.

શ્રીકંઠ આ અંગ્રેજી ઉપાધિધારી હોવા છતાંયે અંગ્રેજી સામાજિક પ્રથાઓના ખાસ પ્રેમી નહોતા. બલકે તેઓ ભારે જોરથી તેની નિંદા અને તિરસ્કાર કર્યા કરતા હતા. તેથી ગામમાં તેમનું ખૂબ માન હતું. દશેરાના દિવસોમાં તેઓ ભારે ઉત્સાહથી રામલીલામાં સામેલ થતા અને પોતે કોઈ પાત્રનો પાઠ લેતા હતા. ગૌરીપુરની રામલીલાના તેઓ જન્મદાતા હતા. પ્રાચીન સભ્યતાનાં ગુણગાન કરવાં એ તેમની ધાર્મિકતાનું મુખ્ય અંગ હતું. અવિભક્ત કુટુંબપ્રથાના તો તેઓ એકમાત્ર ઉપાસક હતા. હાલમાં કુટુંબમાં સ્ત્રીઓના હળીમળીને રહેવા તરફ જે અરુચિ જણાય છે તેને તેઓ જાતિ અને દેશને માટે અત્યંત હાનિકારક સમજતા હતા. આ જ કારણે ગામની સ્ત્રીઓ તેમની નિંદા કરતી હતી. તેમની પોતાની પત્નીને જ તેમની સાથે આ બાબતમાં

---

ભગવાનને પ્રાપ્ત કરવાના માર્ગમાં આવતી મુશ્કેલીઓ ભોગવવામાં જે અનેરો આનંદ છે, તેને અનુભવવા માટે જ આ જીવન પ્રકટ થયું છે.

વિરોધ હતો તે એટલા માટે નહીં જ કે તેમનો સાસુ–સસરા, દિયર, જેઠ વગેરે પ્રત્યે તિરસ્કાર હતો. બલ્કે તેમનો વિચાર એવો હતો કે કેટલુંક સહન કરતાં અને નભાવવા જતાં પણ પરિવારમાં મેળ ના બેસે તો ગમે તેમ જીવન વેડફવા કરતાં બહેતર છે કે દરેક જણ પોતપોતાની ખીચડી અલગ પકાવે.

આનંદી એક ભારે ઊંચા કુળની છોકરી હતી. તેના બાપ એક નાનકડી રિયાસતના તાલુકદાર હતા. વિશાળ ભવન, એક હાથી, ત્રણ કૂતરા, બાગબગીચો, ઑનરરી મૅજિસ્ટ્રેટની પદવી અને એક પ્રતિષ્ઠિત તાલુકેદાર માટે જરૂરી એવા સર્વ ભોગ્ય પદાર્થો તેમને ત્યાં મોજૂદ હતા. નામ હતું ભૂપસિંહ. ભારે ઉદારચિત્ત અને પ્રતિભાશાળી પુરુષ હતા. પરંતુ દુર્ભાગ્યથી એક પણ પુત્ર નહોતો. સાત છોકરીઓ થઈ અને તે બધી જ જીવતી હતી. ઉમંગમાં ને ઉમંગમાં તેમણે ત્રણ વિવાહ તો મન મૂકીને ખર્ચ કરીને કર્યા; પરંતુ જ્યારે પંદર–વીસ હજાર રૂપિયાનું માથે દેવું થઈ ગયું ત્યારે આંખો ઊઘડી. હાથ સંકોચી લીધો. આનંદી ચોથી છોકરી હતી. તે તેની બધી બહેનોથી વધારે રૂપાળી અને ગુણવાન હતી. તેથી ઠાકુર ભૂપસિંહ તેના ઉપર બહુ વહાલ રાખતા. સુંદર બાળકને તેનાં માતાપિતા પણ વધારે ચાહે છે. ઠાકોરસાહેબ તેનાં લગ્ન ક્યાં કરવાં તે બાબતમાં ભારે ધર્મસંકટમાં હતા. તેઓ હવે દેવું વધે તેમ પણ ઇચ્છતા નહોતા અને તેઓ ન તો પોતાને ભાગ્યહીન સમજવા તૈયાર હતા. એક વખત શ્રીકંઠ તેમની પાસે કોઈ ફંડ માટે રૂપિયા માગવા આવ્યા. કદાચ નાગરીપ્રચાર માટેના ફંડના પૈસા હતા. ભૂપસિંહ તેના સ્વભાવથી ખુશી ખુશી થઈ ગયા અને ધામધૂમથી શ્રીકંઠસિંહનાં આનંદી સાથે લગ્ન કરી દીધાં.

આનંદી તેના નવા ઘરમાં આવી તો ત્યાંના રંગઢંગ કંઈ જુદા જ જોયા. જે ટાપટીપની તેને નાનપણથી આદત પડી હતી, તે અહીં નામનીયે નહોતી. હાથી–ઘોડાઓનું તો કહેવું જ શું. કોઈ સજેલી સુંદર હવેલી પણ નહોતી. રેશમી સ્લીપર સાથે લાવી હતી પણ અહીં બાગ ક્યાં હતો? મકાનમાં બારીઓ પણ નહોતી. ને જમીન ઉપર બિછાયત પણ નહોતી ને દીવાલ ઉપર છબીઓ પણ નહોતી. આ એક સીધુંસાદું ગામઠિયા ગૃહસ્થનું મકાન હતું. પરંતુ આનંદીએ થોડા જ દિવસોમાં પોતાની આ નવી અવસ્થાને એવી અનુકૂળ બનાવી લીધી કે જાણે તેણે વિલાસનો સામાન કદી જોયો જ નહોતો.

(૨)

એક દિવસ બપોરને વખતે લાલા બિહારીસિંહ બે પક્ષીઓ લઈને આવ્યા. અને ભાભીને કહ્યું–જલદી ભોજન તૈયાર કરો. મને ખૂબ ભૂખ લાગી છે. આનંદી ભોજન બનાવીને તેમની જ રાહ જોઈ રહી હતી. હવે તે નવી વાની બનાવવા બેઠી. તપેલીમાં જોયું તો ઘી પાશેરથી વધારે નહોતું. મોટા ઘરની પુત્રી કરકસર શું જાણે? તેણે બધું ઘી શાકમાં નાખી દીધું હતું. લાલબિહારી જમવા બેઠા તો દાળમાં ઘી નહોતું. તેમણે કહ્યું: દાળમાં ઘી કેમ નથી નાખ્યું?

આનંદીએ કહ્યું: બધું ઘી શાકમાં નાખી દીધું છે.

લાલબિહારી મોટે અવાજે બોલ્યા: હજી પરમ દિવસે તો ઘી આણ્યું છે. આટલું જલદી ખલાસ થઈ ગયું!

આનંદીએ કહ્યું: આજે તો પાશેર રહ્યું હતું તે બધું શાકભાજીમાં નાખી દીધું.

જેમ સૂકાં લાકડાં જલદી સળગી ઊઠે છે, તે જ પ્રમાણે ભૂખથી આકુળવ્યાકુળ થયેલો માણસ જરાશી વાતમાં ગુસ્સે થઈ જાય છે. લાલબિહારીને ભાભીની આ વક્તા બહુ ખરાબ લાગી. તે ગુસ્સે થઈને બોલ્યા: પિયરમાં તો જાણે ઘીની નદીઓ વહી જતી હશે ને!

આ ગાળો સહન કરી લે છે, માર પણ સહન કરી લે છે, પરંતુ પિયરની નિંદા તેનાથી સહન થતી નથી. આનંદી મોં ફેરવીને બોલી: હાથી મરે તો પણ નવ લાખનો. ત્યાં આટલું ઘી તો નોકરચાકર ખાઈ જાય છે.

---

**પોતાના વ્યવહારમાં ક્યાં દૂષિતતા, કપટ અને હીનતા છે તે દરરોજ શોધી કાઢી દૂર કરતા રહેવું એ જ આત્મસાધના છે, એ જ ભગવાનની ઉપાસના છે.**

લાલબિહારી સળગી ઊઠયો. થાળી ઉપાડીને ફેંકી અને બોલ્યો: થાય છે કે જાણે જીભ પકડીને ખેંચી કાઢું.

આનંદીને પણ ક્રોધ આવ્યો. મોં લાલ થઈ ગયું. તે બોલી: તેઓ હોત તો આની મજા ચખાડી દેત.

હવે આ અભણ જડસા જેવા ઠાકોરથી રહેવાયું નહીં. તેની સ્ત્રી એક સામાન્ય જમીનદારની પુત્રી હતી. જ્યારે મરજી થાય ત્યારે તેના ઉપર તે હાથ અજમાવી લેતા હતા. તેમણે ચાખડી ઉઠાવીને આનંદીના તરફ જોરથી ફેંકી અને કહ્યું: જેના ગુમાન પર તું રોફ મારે છે તેને પણ જોઈશ અને તને પણ.

આનંદીએ હાથથી ચાખડી રોકી લીધી. માથું બચી ગયું પણ આંગળીમાં ભારે ચોટ લાગી. ક્રોધની મારી પવનથી હાલતા પાંદડાની પેઠે ધ્રુજતી તે પોતાના ઓરડામાં આવીને ઊભી રહી ગઈ.

સ્ત્રીનું બળ અને સાહસ, માન અને મર્યાદા તેના પતિ સુધી છે. તેને પોતાના પતિના જ બળ અને પુરુષત્વનો ઘમંડ હોય છે. આનંદી લોહીનો ઘૂંટડો પીને થંભી ગઈ.

શ્રીકંઠસિંહ દર શનિવારે ઘેર આવતા હતા. ગુરુવારે આ બનાવ બન્યો હતો. બે દિવસ સુધી આનંદી ક્રોધાવેશમાં રહી. ન તો કંઈ ખાધું, ન કંઈ પીધું. તેમની વાટ જોતી રહી. અંતે શનિવારે તે નિયમ પ્રમાણે સંધ્યાકાળે ઘેર આવ્યા અને બહાર બેસીને કંઈક અહીંતહીંની વાતો, કંઈક દેશકાળના સમાચાર તથા નવા મુકદ્દમા વગેરેની ચર્ચા કરવા લાગ્યા. આ વાર્તાલાપ રાત્રે દસ વાગ્યા સુધી ચાલતો રહ્યો. ગામના સજ્જન માણસોને આ વાતોમાં એટલો બધો રસ પડતો કે તેમને ખાધાપીધાનું ભાન પણ રહેતું નહીં. શ્રીકંઠને આ વાતોમાંથી છૂટવું ભારે થઈ પડતું. આ બેત્રણ કલાક આનંદીએ ભારે કષ્ટમાં ગાળ્યા. એમ કરતાં ભોજનનો સમય થયો. પંચાતિયા ઊઠયા. જ્યારે એકાંત મળ્યું ત્યારે લાલબિહારીએ કહ્યું: ભાઈ, તું જરા ભાભીને સમજાવજે કે જરા મોં સંભાળીને વાતચીત કરે. નહીં તો એક દિવસ ભારે થઈ પડશે.

વેણીમાધવસિંહે બેટાના તરફથી સાક્ષી પૂરી: 'હા, વહુ-દીકરીઓનો આ સ્વભાવ સારો નથી કે મરદો સાથે જીભાજોડી કરે.'

લાલબિહારી: એ મોટા ઘરની દીકરી છે તો અમે પણ કોઈ નોકરચાકર નથી.

શ્રીકંઠે ચિંતાતુર સ્વરે પૂછ્યું: કહો તો ખરા કે ભાઈ, વાત શી બની છે?

લાલબિહારીએ કહ્યું: કંઈ પણ નહીં, એમ ને એમ વગર કારણે જ ઊકળી પડી. પિયરિયાં આગળ તો અમને જાણે કશી વિસાતમાં જ ગણતી નથી ને.

શ્રીકંઠ જમીપરવારી આનંદી પાસે ગયા. તે ગુસ્સામાં બેઠી હતી. અહીં આ નામદાર પણ કંઈ કમ નહોતા. આનંદીએ પૂછ્યું: ચિત્ત તો પ્રસન્ન છે ને?

શ્રીકંઠ બોલ્યા-ખૂબ પ્રસન્ન છે. તમે આજકાલ ઘરમાં આ શો બખેડો ઊભો કર્યો છે?

આનંદીના અંતરમાં તેલ રેડાઈ ગયું. ખિજવાટને લીધે તેના મુખ ઉપર જાણે જ્વાળા પ્રગટી ઊઠી. તેણે કહ્યું: જેણે તમારામાં આ આગ લગાડી છે તે જો હાથમાં આવે તો તો મોં પર બે તમાચા ઠોકી દઉં.

શ્રીકંઠ કહે-આટલી બધી ગરમ શું કરવા થાય છે. વાત તો કર.

આનંદી કહે-શી વાત કરું, આ મારા ભાગ્યનો જ દોષ છે. નહીં તો એક ગમાર જેવો છોકરો જેને પટાવાળાનું કામ કરવાની પણ આવડત નથી, તે મને ચાખડી મારીને પણ આટલો બધો રુઆબ ન હાંકતો હોત.

શ્રીકંઠ કહે-બધી વાત બરાબર કહે તો ખબર પડે. મને તો કંઈ ખબર નથી.

આનંદી-પરમ દિવસે તમારા લાડકા ભાઈએ મને શાક બનાવવાનું કહ્યું. ઘી મટકીમાં પાશેરથી

---

**જે માણસ દુઃખોથી ગભરાય નહિ અને સત્યમાર્ગે દૃઢ રહી શકે, તે જ લાયક મનુષ્ય બન્યો છે એમ સમજવું.**

વધારે નહોતું. તે બધું મેં શાકમાં નાખી દીધું. જ્યારે જમવા બેઠા ત્યારે કહેવા લાગ્યા–દાળમાં ઘી કેમ નથી? બસ, આ વાતમાં મારાં પિયરિયાંને ગમે તેમ બોલવા લાગ્યા. મેં કહ્યું કે ત્યાં આટલું ઘી તો નોકરચાકર ચપાટી જાય છે અને કોઈને ખબર પણ પડતી નથી. બસ, એટલી જ વાતમાં એ અન્યાયીએ મને ચાખડી છૂટી મારી. જો હાથ વડે ન રોકી હોત તો માથું ફાટી જાત. તેમને જ પૂછો કે મેં જે કંઈ કહ્યું છે તે સાચું છે કે જૂઠું.

શ્રીકંઠની આંખો લાલચોળ થઈ ગઈ. તેમણે કહ્યું–આટલી હદે વાત ગઈ છે! આ છોકરાની આટલી બધી હિંમત!

આનંદી સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે રડવા લાગી. કેમ કે આંસુ તો તેમની આંખો ઉપર હાજર જ હોય છે. શ્રીકંઠ ભારે ધૈર્યવાન અને શાંત પુરુષ હતા. તેમને ભાગ્યે જ ક્રોધ આવતો હતો. પરંતુ સ્ત્રીઓનાં આંસુ પુરુષના ક્રોધાગ્નિને ભભુકાવવામાં તેલનું કામ કરે છે. તેમને આખી રાત નીંદર ન આવી. ઉદ્વેગને લીધે આંખ પણ ન મીંચાઈ. પ્રાતઃકાળે પોતાના પિતાની પાસે જઈને તેઓ બોલ્યા: બાપુ, હવે આ ઘરમાં મારાથી નહીં રહેવાય.

આવી કંકાસ–કકળાટની વાતો કરતાં કેટલીયે વાર શ્રીકંઠે પોતાના કેટલાયે મિત્રોને ઠપકાર્યા હતા. પરંતુ દુર્ભાગ્યની વાત છે કે આજે તેને પોતાને જ સ્વમુખે આ વાત કહેવી પડી. બીજાઓને ઉપદેશ આપવો એ અત્યંત સહેલ છે!

વેણીમાધવસિંહ ગભરાઈ ગયા અને બોલ્યા–કેમ?

શ્રીકંઠે કહ્યું–એટલા જ માટે કે મને મારી માન-પ્રતિષ્ઠાનો પણ કંઈક વિચાર છે. આપના ઘરમાં હવે અન્યાય અને હઠનો પ્રકોપ થઈ રહ્યો છે. જેમણે મોટેરાંઓનું માન–સન્માન કરવું જોઈએ તેઓ તેમને માથે ચઢી વાગે છે. હું પરાયો નોકર એટલે ઘેર રહેતો નથી. અહીં મારી પાછળ મારી સ્ત્રી ઉપર ચંપલની વૃષ્ટિ થાય છે. કોઈ ગમે તેમ કહી જાય તે સહન કરી લેવાય પણ મારા ઉપર લાતો પડે ને હું કશુંયે ના બોલું એ વાત કદી પણ નહીં બની શકે.

વેણીમાધવ કંઈ જવાબ ન આપી શક્યા. શ્રીકંઠ હંમેશાં તેમનું માન રાખતો હતો. તેનો આવો ગુસ્સો જોઈને વૃદ્ધ ઠાકુર આભા બની ગયા. માત્ર એટલું જ બોલ્યા–બેટા, તું બુદ્ધિમાન થઈને આવી વાતો કરે છે? સ્ત્રીઓ આમ જ ઘરનો નાશ કરી નાખે છે. તેમને બહુ માથે ચડાવવી સારી નહીં.

શ્રીકંઠ–એટલું તો હું જાણું છું. આપના આશીર્વાદથી હું એવો મૂર્ખ નથી જ. આપ પોતે જ જાણો છો કે મારા જ સમજાવવા પતાવવાથી આ ગામમાં કેટલાંયે ઘર ભાંગતાં બચી ગયાં છે. પરંતુ જે સ્ત્રીની માન પ્રતિષ્ઠાનો હું ઇશ્વરના દરબારમાં જવાબદાર છું, તેના પ્રત્યે આવો ભયંકર અન્યાય અને પશુ જેવો વહેવાર થાય એ મારે માટે અસહ્ય છે. આપ સાચું જ માનજો કે લાલબિહારીને હું કશી સજા નથી કરતો એ જ મારે માટે કંઈ ઓછું નથી.

હવે વેણીમાધવ પણ ગરમ થઈ ગયા. આવી વાતો તેઓ વધારે સાંભળી ન શક્યા. તેમણે કહ્યું—લાલબિહારી તારો ભાઈ છે. તેનાથી ભૂલચૂક થાય તો તેનો કાન ખેંચી લે પરંતુ...

શ્રીકંઠ–લાલબિહારીને હવે હું મારો ભાઈ નથી સમજતો.

વેણીમાધવ–સ્ત્રીને ખાતર?

શ્રીકંઠે કહ્યું–જી ના, તેની ક્રૂરતા અને અવિવેકને જ કારણે.

બંને થોડી વાર સુધી ચૂપ રહ્યા. ઠાકુરસાહેબ પુત્રના ક્રોધને શાંત કરવા ઇચ્છતા હતા. પરંતુ તેઓ એ સ્વીકાર કરવા તૈયાર નહોતા કે લાલબિહારીએ કંઈ અયોગ્ય કર્યું છે. એટલામાં ગામના બીજા કેટલાયે સજ્જનો હુક્કા–ચલમને બહાને ત્યાં આવીને બેઠા. કેટલીક સ્ત્રીઓએ જ્યારે સાંભળ્યું કે શ્રીકંઠ પત્નીને કારણે પિતા સાથે લડવા તૈયાર થયો છે

---

મનમોજી જીવો અધીરા હોય છે. તેમનાથી દૃઢતાપૂર્વક કોઈ સારું કાર્ય પાર પાડી શકાતું નથી.

ત્યારે તેમને ખૂબ આનંદ થયો. બન્ને પક્ષની મધુર વાણી સાંભળવા માટે તેમના આત્માઓ તલસવા લાગ્યા. ગામમાં કેટલાક એવા કુટિલ મનુષ્યો પણ હતા કે જેઓ આ કુળની નીતિરીતિને લીધે મનોમન બળ્યા કરતા હતા. તેઓ કહેતા હતા: શ્રીકંઠ તેના બાપથી તદ્દન દબાઈ ગયેલો છે. તે વિદ્યા ભણ્યો છે એટલા માટે તે ચોપડીઓનો કીડો છે. વેણીમાધવ તેની સલાહ લીધા વિના કશું જ કામ કરતા નથી એ એમની મૂર્ખતા છે. આ મહાનુભાવોની શુભ ભાવનાઓ આજે પૂરી થતી જણાતી હતી. કોઈ હુક્કો પીવાને બહાને અને કોઈ મહેસૂલની રસીદ બતાવવા આવીને બેઠા. વેણીમાધવસિંહ જૂના જમાનાના માણસ હતા. તેઓ લોકોના મનની વાત-ભાવ સમજી ગયા. તેમણે નિશ્ચય કર્યો કે, ગમે તેમ થાઓ પણ હું આ દ્રોહીઓને તાળીઓ પાડવાનો અવસર નહીં જ આપું. તરત તેઓ કોમળ સ્વરે બોલ્યા–બેટા, હું તારાથી જુદો નથી. તારી જેમ ઇચ્છા હોય તેમ કર. હવે છોકરાથી જે ભૂલ થવાની હતી તે તો થઈ ગઈ છે.

અલાહાબાદનો અનુભવ વિનાનો ગ્રેજ્યુએટ આ ફટકો સમજી ન શક્યો. તેને ચર્ચાસભાઓમાં પોતાની વાતને પકડી રાખવાની ટેવ હતી. આવી વાતોની એને શી ખબર પડે? પિતાએ જે મતલબથી વાતને પલટો આપ્યો હતો તે તેની સમજમાં ન આવી. તેણે કહ્યું–હું લાલબિહારી સાથે હવે આ ઘરમાં નહીં રહી શકું.

વેણીમાધવ–બેટા, બુદ્ધિમાન માણસ મૂર્ખાઓની વાતો ઉપર ધ્યાન નથી આપતા. એ તો અણસમજુ છોકરો છે. તેણે જે કંઈ ભૂલ કરી હોય તે તું તેને મોટો હોવાથી માફ કરી દે.

શ્રીકંઠ–તેની આ દુષ્ટતાને હુ કદી પણ સહન કરી શકું તેમ નથી જ નથી. કાં તો એ આ ઘરમાં રહેશે કે હું. આપને જો એ વધારે પ્રિય હોય તો મને વિદાય આપી દો. હું મારો બોજો મારી મેળે ઉઠાવી લઈશ. જો મને રાખવા ઇચ્છતા હો તો એને કહી દો કે એની ઇચ્છામાં આવે ત્યાં ચાલ્યો જાય. બસ, આ મારો આખરી નિર્ણય છે.

લાલબિહારીસિંહ બારણાં આગળ ઊભો ઊભો મોટા ભાઈની બધી વાત છાનોમાનો સાંભળી રહ્યો હતો. તે તેમને બહુ માન આપતો હતો. તેનામાં એટલી હિંમત નહોતી કે તે શ્રીકંઠની આગળ ખાટલા ઉપર પણ બેસી શકે, હુક્કો પીએ કે પાન ખાય. પિતાને પણ તે એટલું બધું માન નહોતો આપતો. શ્રીકંઠને પણ તેના ઉપર અંતરનું વહાલ હતું. તેમણે તેને જાગ્રત દશામાં કદી ધમકાવ્યો પણ નહોતો. જ્યારે અલાહાબાદથી આવે ત્યારે તેને માટે કાંઈ ને કાંઈ ચીજ અવશ્ય લાવતા. મગદળની જોડી તેમણે જ તેને માટે મંગાવી આપી હતી. ગઈ સાલ જ્યારે તેણે પોતાનાથી દોઢા નવજુવાનને નાગપંચમીને દિવસે કુસ્તીમાં પછાડયો હતો ત્યારે તેમણે જ ખુશી થઈને અખાડામાં જઈને તેને ગળે લગાવ્યો હતો અને પાંચ રૂપિયાના પૈસા ઉછાળ્યા હતા. આવા ભાઈના મુખેથી આજ આવી હૃદયવિદારક વાત સાંભળીને લાલબિહારીને અત્યંત ગ્લાનિ થઈ. તે ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. એમાં શંકા નથી કે તે આજે પોતાની કરણી ઉપર પસ્તાતો હતો. ભાઈના આવવાથી એક દિવસ પહેલેથી તેની છાતી ધડકતી તો હતી જ, કે જોઈશ તો ખરો કે ભાઈ આવીને શું કહે છે. હું એમની આગળ કેવી રીતે જઈશ, એમની પાસે કેવી રીતે બેસી શકીશ, મારી આંખો એમની સામે શી રીતે જોઈ શકશે. તેણે માન્યું હતું કે ભાઈ આવીને મને બોલાવીને સમજાવી દેશે. આવી આશાથી ઊલટું તેણે આજે તો તેમને નિર્દયતાની મૂર્તિ બનેલા જોયા. તે મૂર્ખ હતો પરંતુ તેનું અંતર કહેતું હતું કે ભાઈ મને અન્યાય કરી રહ્યા છે. જો શ્રીકંઠ તેને એકલો બોલાવીને બેચાર આકરી વાતો કહી દેત, અરે એટલું નહીં બેચાર તમાચા પણ મારી દેત તોપણ કદાચ તેને આટલું દુઃખ ન થાત. લાલબિહારીથી આ ન સહેવાયું. તે રડતો રડતો ઘરમાં આવ્યો. ઓરડીમાં જઈને કપડાં બદલ્યાં. આંખો લૂછી, જેથી કોઈ જાણે નહીં કે તે રડતો હતો. પછી આનંદીના બારણા આગળ આવીને બોલ્યો—ભાભી! ભાઈએ નિશ્ચય કર્યો છે કે તે મારી સાથે આ ઘરમાં હવે નહીં રહે. તેઓ હવે મારું

**જ્યાં સુધી મનુષ્યને વાસના વહાલી હોય ત્યાં સુધી તેનામાં વિવેક અને વાસ્તવિક જ્ઞાનનો બરાબર ઉદય થઈ શકતો નથી.**

મોં પણ જોવા ઇચ્છતા નથી. તેથી હું હવે જાઉં છું. તેમને ફરીથી મોં નહીં બતાવું. મારાથી જે કંઈ અપરાધ થયો હોય તે માફ કરજો.

આમ કહેતાં કહેતાં લાલબિહારીનું ગળું ભરાઈ આવ્યું.

(૪)

જે વખતે લાલબિહારીસિંહ મસ્તક નમાવીને આનંદીના બારણા આગળ ઊભો હતો તે જ સમયે શ્રીકંઠસિંહ પણ આંખો લાલચોળ કરતા બહારથી આવ્યા. ભાઈને ઊભેલો જોયો તો તિરસ્કારથી આંખો ફેરવી લીધી અને ફંટાઈને ચાલ્યા ગયા. જાણે તેના પડછાયાથીયે દૂર રહેવા ઇચ્છતા ન હોય.

આનંદીએ લાલબિહારી વિષે ફરિયાદ તો કરી હતી પરંતુ હવે મનમાં પસ્તાતી હતી. તે સ્વભાવે જ દયાળુ હતી. તેને તેનું જરા પણ ભાન નહોતું કે વાત આટલી બધી વધી જશે. તે મનમાં પોતાના પતિ તરફ ખિજાઈ રહી હતી કે તેઓ આટલા બધા ગરમ શા માટે થઈ જાય છે. વળી તેને ભય પણ હતો કે તેઓ મને અલાહાબાદ જવાનું કહેશે તો હું શું કરીશ. એટલામાં જ્યારે તેણે લાલબિહારીને બારણા આગળ ઊભીને કહેતો સાંભળ્યો કે હું જાઉં છું, મારાથી કંઈ અપરાધ થયો હોય તો માફ કરજો, એટલે તો તેનો રહ્યોસહ્યો ક્રોધ પણ પીગળી ગયો. તે રડવા લાગી. મનનો મેલ ધોવા માટે નયનનાં અશ્રુઓથી વિશેષ કોઈ ચીજ જ નથી.

શ્રીકંઠને જોઈને આનંદીએ કહ્યું—લાલો બહાર ઊભો ઊભો રડી રહ્યો છે.

શ્રીકંઠે કહ્યું—તો હું શું કરું ?

આનંદી કહે—અંદર બોલાવી લો. મારી જીભમાં આગ પડે ! મેં ક્યાંથી આ ઝઘડો ઊભો કર્યો.

શ્રીકંઠ કહે—હું નહીં બોલાવું.

આનંદી કહે—પસ્તાશો. તેને બહુ ખેદ થયો છે. એમ ના બને કે ક્યાંક ચાલ્યો જાય અને પાછળથી પસ્તાવું પડે.

શ્રીકંઠ ન ઊઠયા. એટલામાં લાલબિહારીએ ફરીથી કહ્યું—ભાભી, ભાઈને મારા પ્રણામ કહી દો. તેઓ મારું મોં જોવા ઇચ્છતા નથી તેથી હું મારું મોં નહીં બતાવું.

લાલબિહારી આ પ્રમાણે કહીને પાછો ફર્યો અને જલદીથી બારણા તરફ જવા લાગ્યો. આખરે આનંદી ઓરડાની બહાર નીકળી અને તેનો હાથ પકડી લીધો. લાલબિહારીએ પાછળ ફરીને જોયું, અને આંખમાં અશ્રુ સાથે બોલ્યો—મને જવા દો.

આનંદી કહે—ક્યાં જાઓ છો ?

લાલબિહારી કહે—જ્યાં કોઈ મારું મોં ન જુએ ત્યાં.

આનંદી કહે—હું નહીં જવા દઉં.

લાલબિહારી—હું તમારી સાથે રહેવા યોગ્ય નથી.

આનંદી-તમને મારા સોગંદ છે, હવે એક પગલું પણ આગળ ભરવાનું નથી.

લાલબિહારી—જ્યાં સુધી મને ખાતરી નહીં થાય કે મોટા ભાઈનું મન મારા તરફથી સાફ થઈ ગયું છે ત્યાં સુધી હું આ ઘરમાં કદી પણ નહીં રહું.

આનંદી કહે—હું ઈશ્વરને સાક્ષી રાખીને કહું છું કે તમારા તરફ મારા મનમાં જરા પણ મેલ નથી.

હવે શ્રીકંઠનું હૃદય પણ પીગળી ગયું. તેણે બહાર આવીને લાલબિહારીને ગળે લગાવ્યો. બન્ને ભાઈ ખૂબ રડ્યા. ધ્રુસકે ધ્રુસકે રડ્યા. લાલબિહારીએ ડૂસકાં લેતાં કહ્યું—ભાઈ, હવે કદી એમ ન કહેશો કે તારું મોં નહિ જોઉં. આ સિવાય જે કંઈ સજા કરશો તે હું સહર્ષ સ્વીકારી લઈશ.

શ્રીકંઠે ધ્રૂજતે સ્વરે કહ્યું—લાલા, આ વાતને તદ્દન ભૂલી જા. ઈશ્વરની ઇચ્છાથી ફરીથી કદી આવો અવસર નહીં આવે.

વેણીમાધવ બહારથી આવતા હતા. બન્ને ભાઈઓને ભેટતા જોઈ તે આનંદથી ખુશી ખુશી થઈ ગયા. તેમણે કહ્યું : મોટા ઘરની પુત્રીઓ આવી જ હોય છે. બગડેલાં કામ સુધારી લે છે.

ગામમાં જેણે આ વાત સાંભળી, તેમણે આ શબ્દોમાં આનંદીની ઉદારતાની પ્રશંસા કરી કે, "મોટા ઘરની દીકરીઓ આવી જ હોય છે."

# નરમેધ

**શ્રી મનહર ભદ્રેશ્વરા**

પહેલાંના વખતમાં અશ્વમેધ યજ્ઞો થતા અને પશુમેધ યજ્ઞો પણ થતા એમ આપણા સાંભળવામાં આવ્યું છે. આ યજ્ઞોમાં ઘોડાને તેમ જ પાડા, બકરાં, ઘેટાં વગેરે પશુઓને કાપીને તેમનો અગ્નિમાં હોમ કરવામાં આવતો અને તેનાથી પુણ્ય થાય છે એમ મનાતું, પરંતુ ભગવાન બુદ્ધ તેમ જ શંકરાચાર્યે લોકોને સાચી વસ્તુ સમજાવી એથી એવા યજ્ઞો બંધ થયા. પણ પહેલાંના એ પશુમેધ યજ્ઞો કરતાં પણ ચઢી જાય એવા નરમેધ 'યજ્ઞો' હાલમાં ચાલી રહ્યા છે. અને આ યજ્ઞોમાં માણસોનો હોમ થઈ રહ્યો છે. આ નરમેધ કેવી જાતનો છે તેનું એક દૃશ્ય આપણને અહીં જોવા મળે છે.

સંસારના નકશા પર એક એવો દેશ છે....

હા, સંસારના નકશા પર એક એવો દેશ છે કે જ્યાંના વતનીઓ સદા યજ્ઞ જપ અને હોમમાં લિપ્ત રહે છે. ગોમેધ, અજમેધ વગેરેની પ્રથા તો બંધ થઈ પરંતુ ઈમાનમેધ, માનવતામેધ, જીવનમેધ, પ્રેમમેધ, શિશુમેધ, નરમેધ આદિ યજ્ઞ ત્યાં આજે પણ પ્રચલિત છે. આ યજ્ઞ કરાવનાર હોય છે ઉચ્ચ વર્ગના ઠેકેદારો. અને તે દેશના કાયદાઓ પણ તેમને અનુકૂળ જ હોય છે. એ દેશનું નામ હું નહીં આપું. કારણ કે હમણાં જ પથારીનો ત્યાગ કર્યો છે. અને નાસ્તો પણ હજી નથી કર્યો. 'શાંતમ્ પાપમ્.'

એક વખતની વાત છે. વર્ષાના દિવસો હતા. હું કોણ જાણે કોના પાપે લેખકના રૂપમાં સંસારનો ભાર અને બેકારી વધારી રહ્યો છું. વાસ્તવિક જગતથી દૂર અને કલ્પનાજગતથી કંઈક નજીક મારું નિવાસ-સ્થાન છે. હું ન તો પૂર્ણ રૂપે મનુષ્ય છું કે ન તો હેવાન. એ બંનેના મિલનથી જે પ્રકારનો જીવ ઉત્પન્ન થાય તેવો હું છું. હાં તો વર્ષાના દિવસો હતા. એક સંધ્યા સમયે મારા મનમાં કલ્પના જાગી. ઘર ખાવા ધાતું હતું અને મારી જીવનસહચરી જ્વરપીડિત હતી છતાં પણ હું નીકળી પડ્યો પ્રકૃતિની ગોદમાં રમવાને. આકાશમાં કાળાં વાદળાંઓ ઘેરાઈ રહ્યાં હતાં. હવા તેજ અને ઠંડી હતી. હરિયાળી ધરતીની ગોદમાં એવી સુંદરતા ફેલાઈ ગઈ હતી કે આંખો સામે સ્વપ્ન નાચવા લાગ્યાં.

હું ઘેરથી નીકળી એક ડૉકટર મિત્રને ત્યાં ગયો. મારો એ મિત્ર મોંમાં 'પોસ'ની ટીકડી દબાવી રૂમાલ પર નીલગિરિનું તેલ છાંટી એવી રીતે બેઠો હતો કે જાણે વરસાદની સારીયે ઠંડીને હાર આપી પોતે અહીં સંતાઈ રહ્યા ન હોય! મને હસવું આવ્યું. મેં કહ્યું, "ભાઈ, તું પણ પૂરો ડૉકટર છે. જો તો કેવી સોહામણી સંધ્યા છે. ચાલ ક્યાંક ફરી આવીએ."

"જો સાંભળ, શહેરમાં તાવનું જોર છે. જરાક શરદી થતાં જ ખાટલે પડવું પડે છે. તને પણ હું ક્યાંયે જવા દેવાનો નથી. જો, પ્રકૃતિનું સ્વરૂપ કેટલું ભયંકર થઈ ગયું છે! આ ઋતુના મચ્છરોથી બચીને રહેવું જોઈએ. મેલેરિયાનું વિષ શરીરમાં ફેલાઈ જવાનો ભય છે. ઓહ! આજે ત્રણ દિવસ થયા સૂર્યનાં દર્શન જ થયાં નથી.'

લાખ પ્રયત્નો કરવા છતાં પણ ડૉકટર મિત્ર મને નિરુત્સાહી ન કરી શક્યો. મેં કહ્યું; "તું મૂર્ખ છે. આવી સોહામણી સંધ્યાએ ઘરમાં બેસી રહેવું એ જ બીમારીનું કારણ છે. તું અહીં બેસીને તારું સ્વાસ્થ્ય સુધાર, પરંતુ મને ન રોક. હું પ્રકૃતિના હાસ્યમાં મારું મન બહેલાવીશ."

હું ત્યાંથી ચાલતો થયો. ઓરડાને ચારે બાજુથી બંધ કરી અમારા ચિકિત્સકપ્રવર અંદર જ બેઠા રહ્યા. હું નદી તરફ ચાલતો થયો.

લગભગ ચાર વાગ્યાનો સમય હતો. વરસાદને કારણે નદી છલોછલ ભરી હતી. તેની લહેરો કિનારા સાથે અથડાઈ કલ કલ અવાજ કરતી હતી. એક બાજુ બે હોડી નદી વચ્ચે હિલોળા લઈ રહી હતી. સામે પારનું જંગલ જાણે નદીમાં જ સમાઈ ગયું હોય તેમ લાગતું હતું. કિનારો નિર્જન હતો.

---

તિરસ્કાર, અહંકાર, કઠોરતા, બીજા ઉપર દોષારોપણ, દોષ, ગુસ્સો, નિર્દયતા, કપટ અને ખુશામત—આ આત્મહીન અધમ મનુષ્યના ગુણો છે.

પાકા ઘાટ પર બેચાર માણસો—જે મજૂર જેવાં લાગતાં હતાં—સ્નાન કરી રહ્યાં હતાં. ઘાટની નજીક જ સ્મશાન હતું. બેત્રણ ચિતાઓ બુઝાઈ ગયેલી હતી. એક લાશ ત્યાં પડી હતી. ચાર–પાંચ ગરીબો ચિતાની વ્યવસ્થા કરતા હતા. બે નાનાં બાળકો એક અકાળવૃદ્ધ યુવકની પાસે ઊભાં હતાં.

ભીની લાકડીઓની એક ચિતા બનાવવામાં આવી. હું ચૂપચાપ આ દૃશ્ય જોતો રહ્યો. માનવ જીવન પણ કેટલું તુચ્છ છે! હવાનો એક હલકો ઝોકો આવ્યો કે 'મુફલિસ દીપક' બુઝાઈ ગયો. જીવનનાં સારાંયે અરમાન, આકાંક્ષા, પ્રેમ, ચિંતા, રાગદ્વેષ એક પળમાં જ સાફ! મારું મગજ ભાવુકતા-જન્ય નાના પ્રકારની કલ્પનાઓથી તરેહતરેહની ચિંતાઓ વચ્ચે ઘેરાઈ ગયું.

બે માણસો થાકેલા એવા ક્રમને આગળ વધ્યા. શબ ઉપરનું મેલું કફન કાઢી લીધું, જે એક ફાટેલી એવી ચાદર સિવાય કંઈ ન હતું. મેં જોયું કે શબ એક સ્ત્રીનું હતું. પીળું પડી ગયેલું શરીર અને ઊંડી પેસી ગયેલી આંખો. કૃશ શરીર પર એક મેલી અને રંગબેરંગી થીગડાંઓથી ભરેલી સાડી હતી, જે લોહીથી ખરડાયેલી હતી. લોહીના મોટા મોટા લાલ ડાઘ બહુ ભયંકર લાગતા હતા. હું કંપી ઊઠ્યો. આ શું? મેં માન્યું કે આ સ્ત્રી ક્યાંકથી પડી ગઈ હશે અગર તો તેનું ખૂન થયું હોય. તે મૃત સ્ત્રીના હાથમાં કેવળ લાખની એકએક ચૂડી હતી અને કપાળ પર કંકુનો ભવ્ય ચાંદલો. તેના શાંત મુખ પર પરિસ્થિતિના પ્રહારોનાં ચિહ્નો વર્તમાન હતાં. શબને સ્નાન કરાવવા માટે ઉઠાવવામાં આવ્યું. બાળકો જે અત્યાર સુધી ચકિત બની આ જોઈ રહ્યાં હતાં તે એકદમ 'મા' કહી ચિત્કાર કરી ઊઠ્યાં. તે અકાળવૃદ્ધ યુવક, જેની છાતીનાં હાડકાં બહાર નીકળી આવ્યાં હતાં અને ગાલમાં ખાડા પડી ગયા હતા, તે રડી પડ્યો.

મારું ધ્યાન અત્યાર સુધી લોહીના ડાઘ પર હતું તે કરુણાની આ આંધી તરફ દોરાયું. મને મારા પર ચીડ ચડી. હું શા માટે અહીં આવ્યો? મારા એ પ્રશ્નનો ઉત્તર કોણ આપે! વાદળ ગર્જી રહ્યાં હતાં, નદી હિલોળે ચડી હતી. વૃક્ષ અને હવા વચ્ચે યુદ્ધ જામ્યું હતું. એને મારા પ્રશ્નનો જવાબ આપવાની ફુરસદ ન હતી. બાકી રહ્યા શબનો સંસ્કાર કરનારા. તેઓની સામે તો પહેલેથી જ વિષમ પ્રશ્ન ઊભો થયો હતો કે ભીની લાકડીઓથી બનેલી ચિતા ક્યારે સળગશે.

મારાં ચશ્માં પર વરસાદનાં બેચાર ટીપાં પડ્યાં. તે લૂછવાને બહાને મેં મારી આંખો લૂછી. મારી એ નિર્બળતા હતી કે માનવતા એ પરમાત્મા જાણે.

અંધારું થતું જતું હતું. કાળાં વાદળાંઓથી આકાશ છવાઈ ગયું હતું. નદી યૌવનના મદથી છલકાતી હતી. ઘાટ પણ નિર્જન હતો.

## (૨)

જે ઘાટ પર હું ઊભો હતો ત્યાં એક નાની એવી ધર્મશાળા હતી. ધર્મશાળા પતરાંની બનાવેલી હતી. બેત્રણ થાંભલાને ટેકે એક પતરાનું છાપરું બનાવરાવી કોઈએ પોતાને માટે સ્વર્ગનાં દ્વાર ઉઘડાવ્યાં હતાં. એ ધર્મશાળાની દીવાલો પર કોલસા અને ઈંટના ટુકડા વડે સંખ્યાતીત નામ ભિન્ન ભિન્ન ભાષામાં લખેલાં હતાં. અહીંતહીં રાખ, કોલસો અને બીડીઓનાં ઠૂંઠાં પડ્યાં હતાં. એક બાવાજીએ અહીં ધૂણી જગાવી રાખી હતી.

જોરથી વીજળીનો કડાકો થયો અને વરસાદ તૂટી પડ્યો. ચિતાને આગ લગાવી અંત્યેષ્ટિ સંસ્કાર કરનારાઓ ભાગીને ધર્મશાળાના એક ખૂણામાં છુપાઈ ગયા. મારે પણ એ જ ધર્મશાળાને શરણે જવું પડ્યું. બાવાજીએ મારો પહેરવેશ જોઈ એક ફાટેલી એવી સાદડી બેસવા માટે આપી, જેના પર બેસી કોઈએ હજામત કરાવી હતી તેની ખાતરી કરાવતા વાળ હજી પણ સાદડી પર સારી એવી સંખ્યામાં ચોંટ્યા હતા. તે ગરીબોને હિંદી ભાષામાં બેચાર ગાળો સંભળાવતાં બાવાજી ધૂણીમાંથી આગ કાઢી ચલમ સળગાવવા લાગ્યા.

શબસંસ્કાર કરનારાઓમાંથી એકે કહ્યું; "કાના, એ બિચારીનું ભાગ્ય તો જો. મર્યા પછી પણ દુર્દશાનો અંત નથી. પાણી વરસી રહ્યું છે. એક વાર તો ચિતા ઠરી ગઈ. આવી ખબર હોત તો નદીમાં

---

શુદ્ધ નિર્દોષ મહાપુરુષોના જીવનનું ચિંતન કરવાથી અન્તઃકરણ શુદ્ધ થાય છે.

જ ફેંકી દેત."

કાનો બોલ્યો; "આપણ ગરીબોનું ક્યાંય ઠેકાણું નથી. પરમાત્મા જ આપણાથી રૂઠયો છે તો પછી બીજાને ક્યાં દોષ દેવો! કદાચ આ લાશ જો નદીમાં ફેંકી હોત તો નદી પણ સુકાઈ જાત."

મારાથી ન રહેવાયું. તે મૃત સ્ત્રીનાં કપડાં પરના લાલ ડાઘ મારી આંખો સામે તરી રહ્યા હતા. હું ઇચ્છતો હતો કે ચૂપ રહું, પરંતુ ન રહી શક્યો. મેં પૂછ્યું; "કેમ ભાઈ, આ બાઈનું મૃત્યુ કેવી રીતે થયું? શું તે ક્યાંયથી પડીને મરી ગઈ?"

કાનો—તે સ્ત્રીનો પતિ—દમનો રોગી બોલ્યો; "નહીં સાહેબ! તે સુવાવડમાં મરી ગઈ. ત્રણ બાળકોને છોડી ગઈ છે. દમને કારણે તો હું પણ મૃત્યુને આરે ઊભો છું. સાહેબ! શું કહું? હું જ અભાગી છું. બે બાળકો આ અને ત્રીજું સાત દિવસનું છે."

તેની ઊંડી પેસી ગયેલી આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં.

રોગી કાનાએ પોતાની કહાણી ખાંસતાં ખાંસતાં સંભળાવી: ગરીબીને કારણે તેણે એક ખાણમાં નોકરી સ્વીકારી લીધી. તે એકલો હતો અને આવક પણ પૂરતી હતી. તેની સ્ત્રી–જે અમારી સામેની ચિતા પર અર્ધજલી અવસ્થામાં લાકડીઓ વચ્ચે દબાયેલી પડી છે–તે એ વખતે એક ભોળી બાલિકા હતી. તેનો પિતા પણ મજૂર હતો.

યૌવનકાળમાં કાનો એક મજબૂત મજૂર ગણાતો. કોલસાની ખાણમાં આઠ-દશ કલાક કામ કરતો અને સારી રાત તાડી પીને પડ્યો રહેતો. ખાણની પાસે જ તાડીનું પીઠું હતું, જે મજૂરો માટે સ્વર્ગનું (?) દ્વાર કહેવાતું. દિનભર કઠોર પથ્થરોની સાથે યુદ્ધ કરી થાકી ગયેલા મજૂરોના મનોવિનોદને માટે તેઓના સ્વાસ્થ્યની કમાઈ ખાનાર માલિકોએ સ્વાસ્થ્યપ્રદ (!) તાડીનું પીઠું ખોલી આપ્યું હતું! મજૂરોની કમાણીના પૈસા કેવી સફાઈથી ઠેકાદારના 'ગોલકમાં' જમા થતા જતા હતા તેનું વર્ણન કરવું અશક્ય છે. કેવળ અભાગી કાનાએ જ નહીં પરંતુ તેના જેવા અસંખ્ય મજૂરોએ ખાણના અણુએ અણુમાં પોતાના જીવનરસને સૂકવી નાખ્યો હતો.

કાનાને તત્કાળ સમજાયું કે પોતે એકલો નથી. તેના જીવનને સુખી યા દુઃખી બનાવવા માટે એક સ્ત્રી પણ છે, જે અહીંથી દૂર ગામમાં ચંદ્રકળાની સમાન વધી રહી છે. કાનો મનમાં જ આનંદ પામ્યો અને તેણે પોતાનાં સ્વર્ગીય માતપિતાને પ્રણામ કર્યા કે જેમણે મૃત્યુ પહેલાં એ કર્તવ્ય પાર પાડ્યું. યથાસમયે કાનાએ એક સુંદર અને સ્વસ્થ સ્ત્રીની સાથે ઘરમાં પ્રવેશ કર્યો. તૂટીફૂટી ઝૂંપડીમાં તેના નવા સંસારનો આરંભ થયો.

એક બે માસ સુધી કાનાએ તાડી છોડી દીધી. નવી જીવનસહચરી સાથે આદરપૂર્વક જીવન વ્યતીત કરવાની ઇચ્છા પ્રબળ બની. તેની સ્ત્રીનું નામ હતું અજવાળી. જોકે તે હજુ કાચી અવસ્થાની નવયુવતી હતી પરંતુ ગૃહકાર્યમાં તે પ્રૌઢા હતી. પ્રથમ દિવસથી જ તેણે પોતાના કર્તવ્યનો ભાર ઉપાડી લીધો. જ્યારે પથ્થરના કોલસા અજવાળીથી ન સળગ્યા ત્યારે કાનાએ ખુદ સળગાવી આપ્યા અને રસોઈ કરવામાં સહકાર આપ્યો. તે દિવસે રસોઈમાં જે મીઠાશ હતી તે કાનો કદી ભૂલી શક્યો નહીં. કાચી દાળ અને અધકચરી રોટલીઓમાં તેના આત્માને જે તૃપ્તિ થઈ તેની પાસે સંસારભરની રસોઈ તુચ્છ હતી. આ વ્યવહાર કેટલાક દિવસો સુધી ચાલ્યો.

કાનો ધીરે ધીરે પોતાની પૂર્વાવસ્થા પર પહોંચી ગયો. ફરી તાડી પીવાનું શરૂ કર્યું. અને રાત્રે તોફાન મચાવી પડોશીઓની ઊંઘ હરામ કરવા લાગ્યો. હવે અજવાળી પોતાનું મન એક બાળકમાં પરોવી દેતી. તેને એટલી ફુરસદ ક્યાં હતી કે તે પતિની હરકતો પર ધ્યાન દે. નાના બાળકે અજવાળીના શરીર અને મન પર એવો કબજો જમાવી દીધો હતો કે ત્યાં કાનાનું હવે સ્થાન જ રહ્યું ન હતું. તેને તે વાતની કંઈ ફિકર પણ ન હતી. જ્યારે ઇચ્છા થતી ત્યારે કાનો અજવાળીને ખોળતો. અને મળતાં જ ખૂબ પીટતો. અજવાળી પડોશીઓને ત્યાં છુપાઈ જતી ત્યારે ગાળોથી જ સંતોષ માનતો. કોઈ કોઈ

---

જે સેવા કોઈને બતાવવા માટે કે યશ માટે નથી થતી, તેનાથી ભગવાન પ્રસન્ન થાય છે.

વાર તો તે પાડોશીઓને પણ ગાળો દેતો. પરિણામે તેને માર પણ ખાવો પડતો. ત્યારે અજવાળી તેની પીઠ પર જ્યાં લાગ્યું હોય ત્યાં હળદર ચોપડી શેક કરી દેતી.

આવી રીતે દિવસો વીતવા લાગ્યા. અજવાળીની ગોદમાં એક બીજું બાળક રમવા લાગ્યું. તાડી પીવાથી અને ખૂબ મહેનત કરવાથી કાનાનું સ્વાસ્થ્ય—જે તેનું ધન હતું—બગડવા લાગ્યું. ખાણની અંદરના કોલસાની ધૂળે તેનાં આંતરડાંમાં કાણાં પાડવાં શરૂ કર્યાં. અને દમનાં ભયંકર લક્ષણો સ્પષ્ટ દેખાવા લાગ્યાં. પરંતુ કાનાએ તેની ઉપેક્ષા કરી. પરિણામ એ આવ્યું કે તેને રજાઓ લેવી પડતી. મહિનામાં તે દસબાર દિવસ કામે જતો અને બાકીના દિવસો પડ્યો રહી અજવાળીનો કુલોદ્ધાર કરતો.

કાનાનો પિતામહ ખેતરમાં હળ જોડતો જોડતો મરી ગયો. તેનો પિતા શેરડીના કારખાનામાં લગાતાર પચીસ વર્ષ સુધી શેરડીની જેમ પિસાઈને મરી ગયો હતો. ખુદ કાનો બાર વર્ષની ઉંમરથી ટોપલીઓ ઉપાડી રહ્યો છે. વીસ વર્ષ દુઃસ્વપ્નની જેમ વીતી ગયાં. પરંતુ ન તો કાનાના કામનો અંત આવ્યો કે ન તો ખાણમાંથી કોલસો સમાપ્ત થયો. તેણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછો પચાસ—સાઠ હજાર મણ કોલસો ઉપાડયો હશે. પરંતુ ખાણનો અંત દેખાતો જ નહીં. નાના પ્રકારના અત્યાચારોથી કાનાનું શરીર ગળવા લાગ્યું. તેનો સ્વભાવ ચીડિયો અને ક્રોધી બની ગયો. લાચાર બની તેણે પોતાની આપવીતી મૅનેજરને કહી. મૅનેજર દયાળુ હતો. તેણે કાનાનું કામ અજવાળીને સુપ્રત કરવાનો પ્રસ્તાવ મૂકયો.

એ તો મૅનેજરનો મોટો ઉપકાર હતો કે તેણે નોકરી ચાલુ રાખી તે જગ્યા તેની સ્ત્રીને આપી. ઉપરાંત તેણે એમ પણ કહ્યું કે તેના પુત્રો યોગ્ય ઉંમરના હોત તો તેને પણ રાખી લેત. કાનાએ અત્યંત કૃતજ્ઞતાપૂર્વક મૅનેજરની વાત સાંભળી અને આનંદથી ગદ્ગદ થઈ ત્યાં જ રડી પડ્યો. કરુણાવતાર મૅનેજરે કહ્યું. "અરે! રડે છે શા માટે? તેં અમારી ખાણમાં વીસ વર્ષ સુધી કામ કર્યું છે. હું તારી નોકરી નહીં છીનવી લઉં. તું બીમાર રહે ત્યાં સુધી તારી સ્ત્રીને કામ પર મોકલ. જ્યારે સ્વસ્થ થાય ત્યારે પાછો હાજર થઈ જજે."

જ્યાં કાનાએ વીસ વર્ષ સુધી ગુલામી કરી યા નરક ભોગવ્યું ત્યાંથી આટલો લાભ થયો તે શું ઓછો છે? કાનો મૅનેજરનાં વખાણ કરતો ઘેર પાછો ફર્યો, અને અજવાળીને આ વાત કહી. તેના કહેવાનો ભાવાર્થ એ હતો કે મૅનેજર સાહેબને તેના તરફ પક્ષપાત છે. વીસ વર્ષ સુધી ક્યારેય તેણે મૅનેજર સમક્ષ કોઈ જાતની ફરિયાદ કરી નથી. ન તો તેણે કદી ચોરી કરી હતી કે ન તો આળસ. ગેરહાજર પણ ભાગ્યે જ રહ્યો હશે. જમાદારના લાતપ્રહારોને પણ સહતો રહ્યો. તેથી જમાદાર પણ તેના પર પ્રસન્ન હતા. બધાએ મળીને સાહેબને સમજાવી દીધા. અજવાળીને કાનાની જગ્યા મળવી એ કંઈ જેવી તેવી વાત હતી? સાહેબ તો સહૃદય છે. મેમ સાહેબને માટે તો કંઈ કહેવાનું જ નહીં. હા, તેમનાં બાળકો થોડાંક તોફાની છે. બહુ નહીં, થોડાંક જ. કોઈ કોઈ વાર મજૂરોનાં ઝુંડ પર પથ્થર ફેંકે છે યા તો કોઈ પર હવાઈ બંદૂકથી છરા ઉડાડે છે. પણ એ તો મામૂલી વાત છે.

અજવાળી મજૂરણ બનવાની તૈયારી કરવા લાગી. કાનો મા બનવાની. અજવાળી એ બાળકોની મા હતી. મોટો પુત્ર છ—સાત વર્ષનો અને નાનો પુત્ર પાંચ વર્ષનો હતો. બંને પિતાને અનુરૂપ હતા. તેઓનું કામ હતું રાહદારીઓને ગાળો સંભળાવવાનું અને અવસર મળતાં મોરીની ગંદકીથી ખુલ્લું આક્રમણ કરવાનું. પકડાઈ જતાં ખૂબ માર ખાવો પડતો. અને આ રીતે તેઓ પિતૃકુળ અને માતૃકુળના જયનાદથી મહોલ્લાવાળાઓને વ્યસ્ત કરી દેતા. દિનભર ઉપદ્રવ, દિનભર ક્રંદન.

કાનાના ઘર આગળથી પસાર થતો કોઈ પણ માણસ સમસ્ત શરીર ધૂળમાં લપેટી, હાથમાં ઈંટ કે પથ્થર લીધેલ અને મોં પર કાળાશ પથરાયેલ એવા આ બાળકોને જોઈ શકે છે. તૂટેલી બાલદીમાં મોરીની ગંદકી ભરી સદા તે ઇંતેજાર રહેતા કે કોઈ અપરિચિત પથિક એ બાજુ આવે છે કે નહીં. શિક્ષાને નામે તેઓને ગાળો શીખવવામાં આવી હતી.

**પ્રેમ, નમ્રતા, દીનતા, ક્ષમા, ધૈર્ય, દયા, સરળતા, પોતાના દોષોનું નિરીક્ષણ અને ખરાબ કામ કર્યાનો પશ્ચાત્તાપ—આ આત્માના ગુણો છે.**

મોટા ભાગની ગાળો પિતાના શ્રીમુખથી સાંભળી કંઠસ્થ કરવાનો અવસર મળ્યો હતો.

અજવાળી જ્યારથી ખાણમાં જવાની તૈયારી કરવા લાગી ત્યારથી તેને આ અલ્લડ બાળકોની ચિંતા થવા લાગી. તેણે સ્નેહથી મોટા પુત્રનું મુખ ચૂમી કહ્યું; "બેટા! તારા બાપુજીની સાથે રહેજે, તોફાન ન કરીશ. સાંજે હું પાછી આવી જઈશ."

જવાબમાં જગુએ માના ગાલ પર એક તમાચો માર્યો અને નાસી જઈ થોડે દૂર જઈ બોલ્યો; "બાપુજી તો સાલો પાજી છે. તેનો બાપ પાજી હતો ને!"

અજવાળીને ક્રોધ ચડયો. તે તેને મારવા દોડી તો ઈંટ–પથ્થરોનો મારો થયો, જેથી બિચારીને ઘરનું બાર બંધ કરવાની ફરજ પડી. એ વખતે કાનાને તાવ આવી ગયો હતો. તેણે જ્યારે આ સાંભળ્યું ત્યારે તે હસીને બોલ્યો; "તું તેને બહુ તંગ કરે છે. હજી તો બચ્ચું છે. રમી–કૂદી લેવા દે. પછી તો તેના ભાગ્યમાં પાવડો ને કોદાળી લખ્યાં જ છે!"

દિન પર દિન વીતવા લાગ્યા. કાનાનો તાવ ક્રમશઃ વધતો જ ગયો. આ વખતે તે રજા વિના ગેરહાજર રહ્યો હતો. એક દિવસ પથ્યના નામ પર તે તાડી પી રહ્યો હતો ત્યારે ખાણનો એક જૂનો સાથી ત્યાં આવી ચડ્યો. એ આધેડ ઉંમરનો હતો પરંતુ ખૂબ વાતોડિયો હતો. તેને જોતાં જ કાનો આનંદમાં આવી બોલ્યો; "આવો કાકા, આવો! તમારા વગર તો ચેન પડતું ન હતું.' કાનાના આ 'કાકા' પણ જબરા પીનારા હતા. તેમણે સતૃષ્ણ નજરે તાડીની માટલી તરફ જોઈ કહ્યું; "તને તો તાવ આવે છે ને તું તાડી પીએ છે? અરે વાહ! તાવમાં તાડી? હવે ન પીશ. કોની દુકાનની છે? રહિમ સાલો પાણી મેળવીને વેચે છે. તેથી જ ગઈ સાલ તેનો જુવાન દીકરો મોટર નીચે દબાઈ ગયો હતો." "કાકા, તમે પણ પીઓ ને!" કાનાએ આગ્રહ કર્યો. 'ના–ના' કરતાં કાકાએ માટલી ખાલી કરી. વાતવાતમાં કાનાને જાણવા મળ્યું કે જો તે બે દિવસની અંદર કામ પર નહીં ચડે તો તેનું નામ કમી કરવામાં આવશે અને 'ક્વાર્ટર' ખાલી કરાવવામાં આવશે. એ દોઢ ઓરડીવાળા 'ક્વાર્ટર'ને કાનો લોલુપ નજરે જોઈ રહ્યો. હવે તો લાચારીથી તેણે અજવાળીને કામ પર મોકલવી જ પડશે. એ પહેલાં કદી અજવાળીએ ખાણમાં કામ કર્યું ન હતું. પહેલાં તો તેને સંકોચ થયો, પરંતુ તે લાચાર હતી. પતિની રોગગ્રસ્ત દશા અને બાળકોના પેટનો સવાલ તેની નજર સામે ખડો થયો. એક માત્ર અજવાળી જ પરિવારની આશા હતી. તે ખાણમાં જવા માટે તૈયાર થઈ ત્યારે તેનું હૃદય રડી પડ્યું. તે ઘડીક બાળકોને પ્યાર કરતી, ઘડીક પતિની પાસે જતી. જાણે કે સદાને માટે તે આ નાના પરિવારનો ત્યાગ કરી રહી છે! બાળકોને મીઠાઈથી ખુશ કરી કાના સાથે ચાલી નીકળી. પડોશણને બાળકોનો ખ્યાલ રાખવા ભલામણ કરી હતી પરંતુ તેનું મન બાળકોમાં જ ભરાઈ રહ્યું.

અજવાળી ખાણમાં પહોંચી ગઈ અને અપરિચિત સ્ત્રીપુરુષોના દળમાં જોડાઈ કામમાં લાગી ગઈ. કાનો લાકડીને ટેકે ટેકે ઘેર પાછો ફર્યો. ઘરમાં દાખલ થતાં જ તેણે જોયું કે બંને પુત્રો તાડી પીને બેહોશ પડ્યા હતા. સારુંયે ઘર તાડીથી ગંધાઈ ઊઠયું હતું. પરિસ્થિતિએ જોકે કાનાને લાચાર બનાવી દીધો હતો છતાં પણ તેણે જોડો ઉઠાવ્યો અને બાળકોની એવી ખબર લીધી કે બંનેનો નશો ઊતરી ગયો. કાનાને માટલી તૂટી જવાનો જ ક્ષોભ હતો. એ બંનેને તાડી પીવી હતી તો માગીને કેમ ન લીધી!

આવી રીતે અજવાળી વગરનો કાનાનો સંસાર ચાલવા લાગ્યો. સાંજે અજવાળી થાકીપાકી ઘેર આવતી અને રસોઈના કામમાં જોડાઈ જતી. સવારના છ વાગ્યાથી તે રાતના દસ વાગ્યા સુધી તેને કામમાં ડૂબેલાં રહેવું પડતું. શ્વાસ ખાવાની પણ તેને ફુરસદ ક્યાં હતી? દમથી કાનો કંગાલ બની ગયો હતો. હાથી જેવા શરીરવાળો કાનો હાડપિંજર બની ગયો. એ તો થયું જ, પરંતુ એ કોઈને ખબર ન હતી કે અજવાળી બે માસનો ગર્ભ છુપાવી કામ પર જતી હતી. ધીરે ધીરે તેનાં લક્ષણો પ્રકટ થવા લાગ્યાં. તેનું શરીર પીતવર્ણું થઈ ગયું,

---

પોતાની અંદર વેર અને વાસના રાખીને મરે, તેને સદ્‌ગતિ મળતી નથી.

અને એક પ્રકારની શિથિલતા છવાઈ ગઈ, જે સ્ત્રીઓને આવી અવસ્થામાં થાય છે. આરામના વખતે–જ્યારે કે પશુપક્ષીઓ પણ વિશ્રામ કરે છે–અજવાળીને કઠિન પરિશ્રમ કરવો પડતો. ધીરે ધીરે મહિના ચડવા લાગ્યા અને પ્રસવનો સમય નજીક આવતો ગયો. સાતમો માસ તો તેણે મહામહેનતે સમાપ્ત કર્યો. પરંતુ આઠમો માસ તેના મોત સમાન નીકળ્યો. કદાચ અજવાળીનું મૃત્યુ થાય તોપણ તેથી ખાણવાળાઓને શું નુકસાન હતું? એક નહીં બલ્કે લાખો અજવાળીઓ 'ખાણદેવી'ને પોતાનો ભોગ આપવા કતારમાં ઊભી છે. દરિદ્ર દેશના મનુષ્યોના જીવનનું મૂલ્ય પણ શું હોય છે!

બિચારી અજવાળી આઠ માસનો ગર્ભ લઈ કામ પર જતી. એક દિવસ મજૂરોના જમાદારે તેના વધેલા પેટ પર છડીનો કુંદો લગાવતાં કહ્યું; "આ શું? કોલસા ચોરીને ભાગી જવા માગે છે?" આ અપમાનજનક પરિહાસે અજવાળીને ખૂબ રડાવી. લજ્જાથી તેનું મોં વિવર્ણ થઈ ગયું. અને કેટલાયે મજૂરો રાક્ષસોની જેમ અટ્ટહાસ્ય કરી ઊઠયા. પેટને માટે આટલું અપમાન પણ સહન કરવું પડે છે!

અજવાળી—રડતી અજવાળી ઘેર પાછી ફરી. તે દિવસે તેણે રસોઈ તો બનાવી પરંતુ માથાના દુખાવાનું બહાનું કાઢી ભૂખી સૂઈ ગઈ. કાનાએ બેચાર ગાળો સંભળાવી પીરસેલી થાળી દૂર ફેંકી દીધી. કાનાનો સ્વભાવ લાંબી બીમારીને કારણે નાના બાળક જેવો થઈ ગયો હતો. તે પણ ભૂખ્યો સૂઈ ગયો. રાતભર તે બબડતો રહ્યો.

એક દિવસની વાત છે. વર્ષા ઋતુનો સમય હતો. વરસાદ વરસી રહ્યો હતો. ખાણનું કામ બંધ હતું. પરંતુ અહીંતહીં બીજાં કામો ચાલુ હતાં. પ્રસવકાળ નજીક આવતો જતો હતો. આઠમો માસ પૂરો થઈ ગયો હતો. અજવાળીએ ડરતાં ડરતાં એક દિવસ મોટા સાહેબને પોતાની કરુણ કહાણી સંભળાવી. સાહેબે ટૂંકો ઉત્તર આપ્યો: "લખીને આપ." એટલું કહી મોટા સાહેબે પોતાની જાતને બીજા રૂમ પરના પર્દા અંદર છુપાવી દીધી. અજવાળી ઊભી ઊભી જોઈ રહી. લાંબી દાઢીવાળા ઓર્ડરલીએ એને ધમકાવી.

સાંજે જ્યારે તે પાછી ફરી ત્યારે તેનું શરીર બેચેન થઈ ગયું. જાણે કે સારુંયે શરીર તૂટી પડતું હોય તેમ લાગ્યું. તેણે કાનાને બોલાવ્યો. કાનાએ પોતાનો ગભરાટ છુપાવવા અજવાળીને મનાવી લીધી કે કાલે મોટા સાહેબને કહી બધું ઠીક કરી લઈશું. મહામુશ્કેલીએ રાત વીતી. સવારે અજવાળીમાં ખાટલા પરથી ઊઠવા જેટલીયે શક્તિ ન હતી. ભયાનક દરદ થઈ રહ્યું હતું. હાથપગ ઠંડા પડી જતા લાગતા હતા. તેને ખાતરી થઈ ગઈ કે હવે તેના શરીરનાં એક ટીપું પણ લોહી બાકી રહ્યું નથી. કાનો ગભરાઈ ગયો. તે દોડીને પાડોશમાંથી એક વૃદ્ધ સ્ત્રીને બોલાવી લાવ્યો. અહીં બિચારી અજવાળી જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી હતી. તે દિવસે બંને બાળકો પણ તોફાન ભૂલી જઈ માતાની પાસે ચૂપચાપ બેઠા હતા. તે અનુભવી વૃદ્ધાએ કહ્યું કે અજવાળી આ સમયે બાળકને જન્મ આપવા માટે લાચાર બની છે. તેનું જીવન ભયમાં છે. પરમાત્મા બચાવે!

ધન–સાધન–સ્વાસ્થ્યહીન કાનો માથું પટકીને રહી ગયો. તે નાના બાળકની જેમ વૃદ્ધાના પગે ચીટકી ગયો. તે વૃદ્ધાએ કાનાને યથાશક્તિ સહાયતા કરવાનું વચન આપ્યું.

એક અઠવાડિયા સુધી અજવાળી આ ઘોર યંત્રણા ભોગવતી રહી. જ્યારે હોશ આવતો ત્યારે તેનાં બાળકોને શોધતી, કાનાના શરીરની ખબર પૂછતી અને ફરી તંદ્રામાં ડૂબી જતી. રાત-દિવસ કાનો અજવાળીના ખાટલા પાસે બેસી રહેતો અને તંદ્રામગ્ન અજવાળીના પીળા અને પરસેવાભર્યા લલાટ પરથી તેના તેલવિહીન વાળ હટાવતો રહેતો. દિવસ કદાચ જલદી પસાર થઈ જતો તો રાત્રિ એક યુગ જેવડી લાગતી. 'ખાણ'નો ઘંટ જે એક એક કલાકે વાગતો તે હવે જાણે એક એક દિવસે વાગે છે તેમ લાગતું.

એક રાતે જ્યારે વરસાદ વરસી રહ્યો હતો અને હવાના પ્રબળ પ્રહારથી વૃક્ષોનાં મૂળ ઢીલાં પડી જતાં હતાં ત્યારે અજવાળીએ એક બાળકને જન્મ આપ્યો. કાનો તુરત પેલી વૃદ્ધાને ઘેર ગયો. તે વૃદ્ધાએ તે બાળકની સેવાનો ભાર ઉપાડી લીધો. કાનાએ જોયું કે અજવાળી—મૂર્છિત અજવાળીના પડખામાં નાનું બાળક પડ્યું છે, જે ક્યારેક રડી

ઊઠે છે.

ત્યાર બાદ અજવાળીનું સ્વાસ્થ્ય બગડતું જ ગયું. તેના શરીરમાંથી રક્ત વહેવા લાગ્યું. યોગ્ય 'લેડી ડૉકટર'ની સહાયતાની આવશ્યકતા હતી. દરિદ્ર કાનાને માટે તો લેડી ડૉકટરની કલ્પના પણ અસંભવિત હતી. ન દવા કે ન સેવાનો પૂરતો પ્રબંધ. અજવાળી ધીમે ધીમે ઉષાકાલીન તારો બની ગઈ. તેનું શરીર ગળવા લાગ્યું. કાનો અહીં તહીં દોડધામ કરવા લાગ્યો. તે ખાણના અધિકારીઓ પાસે ગયો તો ત્યાં રોકડો જવાબ મળ્યો: "ખાણ એ કંઈ પ્રસૂતિગૃહ નથી!" સહાયતા માટે તેણે અરજ કરી તો જવાબ મળ્યો કે-'મોટા સાહેબ બહાર ગયા છે. તે આવશે ત્યારે વિચાર કરવામાં આવશે.' કાનાએ પૂછ્યું, 'ક્યારે આવશે' તો જવાબ મળ્યો. "તે કંઈ તારા બાપના ગુલામ નથી. કાલે પણ આવે કે છ મહિના બાદ પણ આવે"

સર્વત્ર અંધકાર! અહીં અજવાળી ધીરે ધીરે અનિત્ય સંસારને પાર કરતી આગળ વધી રહી હતી. અજવાળી અંધકારમાંથી પ્રકાશ તરફ જતી હતી તેટલો જ કાનો પ્રકાશમાંથી અંધકાર તરફ જતો હતો. બંને બાળકો ભૂખ્યાં માતાની પાસે બેસી રહેતાં. કાનો ન તો પાગલ હતો કે ન તેનું મગજ સ્વસ્થ હતું. તેની દશા અવર્ણનીય હતી.

એક રાત્રિએ અચાનક અજવાળી જાગી. તેણે અત્યંત ક્ષીણ અવાજે કાનાને પાસે બોલાવ્યો. રડતો કાનો અજવાળી પાસે આવ્યો. તેણે પોતાની નિર્બળ રક્તહીન ભુજાઓ કાનાનાં ગળામાં પરોવી દીધી. તેનો કંઠ રૂંધાઈ ગયો. અને ઊંડી પેસી ગયેલી આંખોમાંથી ગરમ આંસુ ટપકી પડ્યાં. યમરાજ પાડા પર સવાર થઈ અજવાળીના આત્માને લઈ ચાલતા થયા.

અજવાળીના અભાવથી ખાણને જરા પણ ધક્કો ન પહોંચ્યો. એક અજવાળીના સ્થાન પર હજારો અજવાળી પોતાનું સર્વસ્વ સ્વાહા કરાવી દેવા આજ પણ ખાણના વિશાળ દરવાજા ખખડાવી રહી છે. હાય રે નરમેધ!

## ઘેલાં અમે ભલે થયાં રે

ઘેલાં અમે ભલે થયાં રે,
બાઈ, મને ઘેલામાં ગુણ લાધ્યો.
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું
મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડ્યાં ત્યારે
મારગ મળિયા સાધુ—ઘેલાં૦
ઘેલાં તો અમે હરિનાં ઘેલાં
નિર્ગુણ કીધાં નાથે,
પૂર્વજન્મની પ્રીત હતી ત્યારે
હરિએ ઝાલ્યાં હાથે-ઘેલાં૦
ઘેલાંની વાતો ઘેલાં જાણે,
ને દુર્જનિયાં શું જાણે?
જે રસ તો દેવતાને દુર્લભ,
તે રસ ઘેલાં માણે!-ઘેલાં૦
ઘેલાં મટી અમે ડાહ્યાં ન થઈએ,
ને સંતનાં શરણાં લીધાં,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
કારજ સઘળાં સિધ્યાં-ઘેલાં૦

**મીરાંબાઈ**

# ગુરુ નાનક

**શ્રી રમેશ ભટ્ટ**

આપણા દેશની રચના પાછળ વિવિધતામાં એકતાવાળો પ્રાચીનમાં પ્રાચીન સિદ્ધાંત કામ કરી રહ્યો છે. એ અંગે શ્રી અરવિંદે કહ્યું છે: 'એ સિદ્ધાંત ઉપર દેશને સંગઠિત કરવાના પ્રયત્નો ભૂતકાળમાં આપણે ત્યાં થયા હતા. દક્ષિણમાં મહાસાગર અને ઉત્તરમાં હિમાલયરૂપે આ દેશમાં સીમાઓ એવી રીતે રહી છે કે તે જગતથી એક અલગ પ્રદેશ બની ગયેલો છે અને એક અલગ અનોખા એકમ તરીકે એનો વિકાસ થયેલો છે. આ દેશમાં રહેતી પ્રજા એક લાક્ષણિક પ્રકારની પ્રજા તરીકે રહેલી છે. તેનાં લક્ષણો જગતની બીજી પ્રજાઓ કરતાં તદ્દન જુદાં દેખાઈ આવે તેવાં છે. આ પ્રજાની સંસ્કૃતિ, એનો જીવનવ્યવહાર, એનું આધ્યાત્મિક જીવન, એની સંસ્કાર-પ્રવૃત્તિઓ, કળા, સમાજરચના, એ દરેક ઉપર એક વિશિષ્ટતાની છાપ રહેલી છે. હિંદે પોતામાં બહારથી આવેલી હરેક વસ્તુને પોતાની અંદર સમાવી લીધેલી છે, એ સૌના ઉપર પોતાની છાપ મારી આપી છે. એકબીજાથી અત્યંત વિરોધી એવાં તત્ત્વોને પણ હિંદે પોતાની એક આમૂલ એકતામાં ઓગાળીને સાંકળી લીધાં છે.'

ભારતની આ વિશિષ્ટતાની કસોટી મધ્યયુગમાં થયેલી. અગિયારમી સદીથી પંદરમી સદી સુધી ઇસ્લામી સંસ્કૃતિએ રાજસત્તા મેળવી. ધર્મઝનૂનના નશામાં આવીને દેશને વીંખી નાંખવાની આ પ્રવૃત્તિ આરંભાઈ. રાજકીય દૃષ્ટિએ આ પરિબળ દેશને વિચિત્ર કરનારું હતું. એમ છતાં એ જ સંઘર્ષકાળ પ્રજાને પોતાનું ચૈતન્ય દાખવવાનો હતો. એ સમય જેટલો બાહ્ય ઉકળાટનો, અશાંતિનો હતો એટલો જ મહત્ત્વનો આંતરિક આધ્યાત્મિક પ્રવાહ હતો. આખા દેશમાં એ સમયમાં હિન્દુ સંતો, મુસ્લિમ ફકીરો–ઇસ્લામી સૂફીઓએ પ્રજાની વચ્ચે રહીને રાજ્યનીતિએ જન્માવેલી અશાંતિમાં આંતરિક એકતાનાં સૂત્ર વહેવરાવ્યાં. દેશભરમાં–પ્રત્યેક પ્રાંતમાં અનેક સંતોએ આ કાર્ય બજાવ્યું. અને વિવિધતામાં એકતાની આ દેશની પ્રાચીન સિદ્ધાંતપરંપરાને જીવિત કરી આપી. આ સંતોએ હિન્દુમુસલમાન એવા ભેદો ન ગણ્યા. ધર્મના સત્ત્વને આ સંતોએ ઓળખ્યું અને એ જ માત્ર સાધન અને હૃદયમાં છલકતા પ્રેમભાવથી આધ્યાત્મિક ક્રાંતિ કરી. ધર્મના આચારોમાં રાચતી, વિચારોની કૂપમંડૂકતામાં ફસેલી અને રૂઢિગત ભાવનાઓને સર્વસ્વ માનતી પ્રજાની આંતરિક સંકુચિતતાઓનો આ સંતોએ રકાસ કર્યો.

એ સમયના સંતોની પરંપરામાં ગુરુ નાનકનું નામ અને એમનું કાર્ય ખૂબ જ મહત્ત્વનું છે. ઈ. સ. ૧૪૬૯માં ગુરુ નાનકનો જન્મ લાહોર પાસેના તલવંડી ગામમાં થયો હતો. તેઓ જન્મે ક્ષત્રિય હતા. પંચનદ પ્રદેશ–પંજાબમાં પરદેશીઓનાં સૌથી વધુ આક્રમણો થયાં હતાં. એ પ્રદેશે ઘણા ઘા ખમેલા. ત્યાંની વસ્તીમાં ઘણી જ સંકરતા આવેલી. એ ભૂમિમાં પાંચસો વર્ષ પહેલાં આ સંતપુરુષનો જન્મ થયો. એમના અગાઉ સંત રામાનંદજી અને સંત કબીરે પોતાની લાક્ષણિક રીતે વહેમ અને દંભને પડકારી અધ્યાત્મમાર્ગ પ્રબોધ્યો હતો અને પ્રજામાં એકતા સ્થાપવાનું કાર્ય કર્યું હતું. ગુરુ નાનકે ભક્તિ–સંપ્રદાય અને ગોરખપંથી સાધનાનો સમન્વય કરી પોતાના ઉચ્ચ જીવન દ્વારા ધર્મ પ્રબોધ્યો.

ગુરુ નાનક બાળપણથી જ વિશિષ્ટ શક્તિ દર્શાવતા હતા. રમવાનાં રમકડાં બીજાં બાળકોને આપી દેતા. એમનામાં ઉદારતા સહજ હતી. બાળક નાનકની વાણી પ્રગટી તેવું એમણે ઈશ્વરનું નામ જ ઉચ્ચાર્યું. નાનક જ્યાં બેસતા ત્યાં પદ્માસન વાળીને જ બેસતા. એમની એકાગ્રતા અને નિશ્ચિતતા એમના આસનમાં જણાતી હતી. પણ સંસારી લોકોને આ આ વિશિષ્ટ બાળકમાં ગાંડપણ દેખાયું. નાનકની બાળવાતોયે પ્રભુના ગૂઢ જ્ઞાનવાળી હતી. નિશાળમાં ગયેલા પાટીધર નાનકને જ્ઞાનવાણી સહજ પ્રગટી. પંડિત વ્રજનાથ શર્માએ નાનકની વિશિષ્ટતાની નોંધ લીધી. નાનકે હિન્દી, સંસ્કૃતનો, વેદાન્તનો પરિચય મેળવ્યો. ગામમાં અભ્યાસ કરી, જાગીરદાર રાય બુલારે નાનકના પિતા કાળુચંદને કહ્યું: 'તમે તમારા આ પુત્રને ફારસી ભણાવો.' એ વખતે રાજભાષા ફારસી હતી. નાનકે મૌલવીને ત્યાં ફારસી શીખવા માંડ્યું.

---

મુશ્કેલીઓ વિનાનું કેવળ બધી રીતે સગવડો ભરેલું જીવન મનુષ્યને પાંગળો અને નામર્દ બનાવે છે.

મૌલવી કુતબુદ્દીને નાનકને 'અલેફ–બે' શીખવવાનું શરૂ કર્યું. નાનકે એ કક્કામાંથી અલ્લાનું નામ શોધ્યું અને બૂરાઈઓનો ત્યાગ કરવાનો આદેશ સાંભળ્યો. મૌલવી સાહેબ તથા સૈયદ હુસેન પાસેથી એમણે ફારસી ગ્રંથોનું જ્ઞાન મેળવ્યું

પોતાની નવ વર્ષની વય સુધીમાં નાનકે જરૂરી વિચારસામગ્રી જાણી લીધેલી. નિશાળનું શિક્ષણ એમને પર્યાપ્ત નહોતું. આ જીવ તો શોધતો હતો પરમાત્માને. એકાંતસેવન કરી, હૃદયની ઊંડી ગુફામાં પ્રભુજીને પામવા માટેનું તીવ્ર દર્દ અનુભવતો હતો. એકાંત, ધ્યાન અને ચિંતનની લાવટવાળા આ બાળકને કશોક રોગ થયો છે એમ પિતાને લાગેલું પણ વૈદરાજને નાનકે જણાવ્યું કે 'મને શરીરનું દર્દ નથી. ભગવાનનું દર્દ છે' વૈદરાજ પણ સમજીને એને માટે એકાન્તની સલાહ આપતા ગયા.

સંસ્કૃત–ફારસીનો અભ્યાસ અને ધર્મગ્રંથોનો પરિચય મેળવેલા આ જ્ઞાનને અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવું હતું. ક્ષત્રિયના સંસ્કાર મુજબના યજ્ઞોપવીત પ્રસંગે એમણે તો યજ્ઞોપવીતનો વિશિષ્ટ અર્થ તારવ્યો: દયાના કપાસમાંથી સંતોષરૂપી સૂતર કાંતવાનું હોય છે એને સત્ય અને તપની ગાંઠ વાળીને જીવનમાં ધારણ કરવાની હોય છે. આ જ ખરી જનોઈ છે. માતાની આજ્ઞાથી એમણે જનોઈ તો ધારણ કરી. પણ ત્યાર પછી જે કાંઈ કર્મો પ્રાપ્ત થતાં ગયાં એમાંથી એમના માર્ગનો હેતુ જ એમની નજર સમક્ષ ખડો થઈ ગયો.

ખેતી કરતાં કે વેપાર કરતાં નાનક તો દયા અને ઉદારતા જ દાખવતા. અને જીવનમાં પોતાના હેતુને પકવવાની ખેતી કર્યા કરતા. અને અવિરતપણે 'સતનામ'નું સ્મરણ કરતા જ્યાંત્યાંથી આવતા સાધુસંતો સાથે હળતાભળતા. ૧૯ વર્ષની વયે પખો ગામના મૂલચંદ્રની પુત્રી સુલખણી સાથે એમનાં લગ્ન થયાં. લગ્નવિધિ વખતે એમનું ધ્યાન તો પ્રભુમાં લાગેલું હતું સુલતાનપુરમાં ગૃહસ્થી તરીકે રહેતા. ૭ વર્ષના લગ્નજીવનમાં શ્રીચંદ અને લક્ષ્મીચંદ્ર–એ બે પુત્રો જન્મ્યા.

નાનકને મરદાના અને બાલા નામના બે મુસલમાન સાથી મળ્યા હતા. મરદાના નાનકની સાથે સારંગી વગાડવાનું કામ કરતો. હમેશાં સવાર અને સાંજ ભજનકીર્તન, ધ્યાન વગેરે થતાં. સંસારમાં હોવા છતાં નાનકનું દિલ તો પેલા અગોચરની ખોજ કરતું હતું. એક દિવસ કોઈ સાધુના આદેશ–સંકેતથી નાનકે પ્રભુખોજની તમન્નાને એના તીવ્ર રૂપમાં વ્યક્ત કરી. નદીએ સ્નાન કરવા ગયેલા એ પાછા જ ન ફર્યા. સ્મશાનભૂમિમાં નાનક બેઠા હતા. વાણી મૌનમાં ઊંડી ઊતરી ગઇ હતી. નેત્રો જાગ્રત દેખાતાં છતાં સમાધિમાં ડૂબેલાં હતાં. અને ચહેરા પર આત્મપ્રસાદી પામ્યાની પ્રસન્નતા હતી. પરમતત્ત્વની પ્રતીતિ નાનકને થઈ ગઈ હતી. ૐ સત્નામનો એમને સાક્ષાત્કાર થયો હતો. હિન્દુમુસલમાનના ભેદ ગળી ગયા હતા. એટલું જ નહિ પણ 'કોઈ હિન્દુ નથી કે કોઈ મુસલમાન નથી' એ એમની વાણી દ્વારા પ્રગટતી એકતાના અનુભવની શક્તિ હતી.

આથી કેટલાક કાજીઓને તેમ જ કેટલાક પંડિતોને ભારે રોષ થયો. એકતાના અનુભવને સક્રિય કરવા નાનક મસ્જિદમાં પણ ગયા. ખરા હૃદયથી ખુદાની પ્રાર્થના કરી. પણ વામાચારમાં માનનાર હિન્દુ તેમ જ મુસલમાનોએ એમને ઘણા પડકાર કર્યા. પ્રેમભરી અમૃતવાણીમાં કબીરે સૌનું સમાધાન કર્યું એમની આંતરિક શક્તિ આગળ સૌના સંદેહ શમી જતા. ગુરુ નાનક એક જાગ્રત પુરુષ બન્યા. એમના હૃદયની વિશાળતામાં આખી માનવજાત એકત્ર થઈ ગઇ હતી. એમણે લોકસંગ્રહ નિમિત્તે લોકો પાસેથી ભેટ સ્વીકારી. અને લાખો અપંગો અને અનાથોમાં એ રકમ વહેંચી દેતા. પોતાના અંગત ઉપયોગ સારુ એમાંથી કશું જ લેતા નહિ.

ત્રીસ વર્ષની વયે ગુરુ નાનકે સાધુ–સંતો, ફકીરો સાથે યાત્રા આરંભી એમનો મુસલમાન સાથી મરદાના સાથે હતો. ગુરુ નાનકે લાહોરમાં સિકંદર લોદીના ગુરુ સૈયદ અહમદ સાથે જ્ઞાનચર્ચા કરી. ધનપતિને ત્યાં જમવાને બદલે શૂદ્રોને ત્યાં ભોજન લીધું. લૂંટારુઓના હૃદયમાં પ્રેમસ્પર્શથી પરિવર્તન કર્યું.

---

સત્યને માર્ગે આગળ વધવામાં આવતી મુશ્કેલીઓ સહન કરવા સિવાય સાચા મરદ બનવાનો બીજો કોઈ માર્ગ નથી.

ભારતની યાત્રા દરમિયાન એમણે હિન્દુ પુરોહિતોને એમનાં કર્મકાંડ પાછળનાં રહસ્યનાં દર્શન કરાવ્યાં. અને માત્ર કર્મકાંડ અને ક્રિયાઓ એ આચારધર્મ નથી, પણ જીવનમાં રોજિંદાં કાર્યોમાં ધર્મ પ્રગટે તે ખરો આચાર છે. ગુરુ નાનકે અનેક અવરોધોનો ધૃતિ અને શાંતિથી સામનો કર્યો. એ સૌના પ્રીતિપાત્ર બન્યા. હિન્દુઓને એ પોતાના લાગ્યા. મુસલમાનો એમને પોતાના પક્ષના લાગ્યા. આથી ગુરુ નાનકે જાહેર કર્યું કે પોતે તો પરમાત્માના જ છે.

ગુરુ નાનકનો ઉપદેશ માત્ર વાણી પૂરતો જ નહોતો. ગુણો એમણે જીવનમાં આચરેલા હતા. તેઓ એમના પ્રવાસ દરમિયાન હિન્દુ મંદિરોમાં ગયા. પોતાની સહજ પ્રજ્ઞાથી એમણે સ્તુતિ કરી. લોકોને હૃદયબળનાં દર્શન કરાવ્યાં. લોકોની ભાષામાં એમણે ભજનો ગાયાં. પતિતોને, દલિતોને, અંત્યજોને એમણે દિલાસો આપ્યો. એમના પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમ દર્શાવ્યાં. યાત્રા દરમિયાન કેટલાક પ્રપંચો પણ યોજાયા છતાં પ્રભુના બંદા ગુરુ નાનક પ્રભુકૃપાથી ઊગરી જતા.

નાનકે ચાર વખત દેશભરમાં યાત્રાઓ કરી. અનેક સંપ્રદાયોના માણસોમાં ભળ્યા. એમના ભેદભાવને ટાળ્યા. પ્રજાની આંતરિક એકતા સ્થાપવામાં એમણે આ એક મહત્ત્વનું કાર્ય કર્યું, પણ માત્ર પ્રજાની આંતરિક એકતા કે સમજૂતીથી કામ સરતું નથી. વ્યક્તિએ પોતે જ પ્રભુ સાથે અંતરથી એકતાનો અનુભવ કરવાનો હોય છે. ભેદની માન્યતા ત્યારે જ નિર્મૂળ થાય છે. એમણે એક સ્થળે જણાવ્યું કે પ્રેમનો કાયદો ફરમાવે છે કે આપણે મન, વચન-કર્મથી નિર્દોષ રહેવું જોઈએ. એ જ સાચો કાયદો છે. બકરું મારવું એ કુરબાની નથી. કુરબાની તો પારકાના ભલા માટે જાત ઓગાળી નાંખવી એમાં છે. જે નિષ્કામભાવે સમર્પણ કરે છે એ ખુદાઈ છે. વેદ-કુરાન પઢવાથી આત્માને પરમ શાંતિ મળતી નથી. એ તો ઈશ્વરના અનુભવથી જ થાય છે. એ અનુભવ ભક્તિથી જ થાય છે. તમે આત્મસંયમ કરો અને ખુદા તમારા અંતરમાં જ મળશે. જ્યાં સુધી આત્માને લાગેલો અહંતાનો ડાઘ ભૂંસાતો નથી, ત્યાં સુધી આત્મા પરમપદમાં સ્થાન પામતો નથી. બાકી જે જુદા જુદા ધર્મો, સંપ્રદાયો, ફાંટાઓ ક્રિયાકાંડો અને ગુરુઓ છે તે તો માયાનાં બળતાં રૂપો છે. ખરેખર જેના પર રહીમને રહેમત થાય છે તે જ અનુભવી શકે છે કે અલ્લા તો અણુઅણુમાં રહેલો છે અને આ ખલકથી જુદો નથી. પવિત્રતા, દિલની સચ્ચાઈ, અહંતાનો ત્યાગ, સર્વ તરફ સમાન દૃષ્ટિ અને અલ્લાનું દમ-બ-દમ સ્મરણ એ જ ખુદાને તખ્તે પહોંચવાનો માર્ગ છે.

આવી ગૂઢ એકતાના અનુભવી અને પ્રણેતા ગુરુ નાનક આ સંસારના ત્યાગની આવશ્યકતા સ્વીકારતા નહોતા. એટલું જ નહિ પણ ગરીબની, બીમારની સેવાને અગ્રતા આપતા હતા. પોતાની પ્રસિદ્ધિથી ઘણા લોકો એમના દર્શને આવતાં પણ લોકો અંધભક્તિમાં ન વળે એની તકેદારી રાખતા. પોતાનાં દર્શન કરવા કરતાં એમના ઉપદેશને હૃદયમાં ઉતારીને આચરણ કરવા તરફ લોકોને પ્રેરતા. એમણે ગુરુપદ લીધું હતું પણ એમાં વંશપરંપરાને સ્થાન આપવાની એમની લેશ પણ ઇચ્છા નહોતી એ તો કોઈ જાગ્રત અને પ્રભુમાં ડૂબેલા જીવની શોધમાં હતા. એમણે પોતાની આસપાસ વીંટળાયેલાઓમાંથી મન-વૃત્તિના વિવિધ તરંગો પર જેનું સામ્રાજ્ય હોય એવા એક માત્ર લહના નામના શિષ્યને શોધી કાઢ્યો હતો. ૧૫૩૮ માં એમણે શરીરનો ત્યાગ કરી મહાપ્રયાણ આદર્યું.

★

## આભાર

શેઠ શ્રી શાન્તિલાલ ભોગીલાલ શાહ, મુ. સજોદ, તરફથી પૂ. શ્રી ડોંગરે મહારાજશ્રીના ભાગવત ભેટ નિમિત્તે રૂા. ૫૦૧નું દાન સંસ્થાને મળ્યું છે.

# વટનો કટકો

**શ્રી પ્રભુલાલ દ્વિવેદી**

અભ્યાસ છોડીને કમાતાં શીખવું—આ સમયને જીવનનું પ્રવેશદ્વાર કહીએ તો ખોટું નથી. પણ આ પ્રવેશદ્વાર એવું અટપટું છે કે દરેક જુવાનને માથાં પટકવાં પડે ત્યારે સફળતા મળે, અને મુસીબતો સામે ઝૂઝવાનું ધૈર્ય આવે કે પછીથી આખી જિંદગી મુઝાવું ન પડે. પણ શરૂઆતના અનુભવ તો એવા અણધાર્યા અને અણકલ્પ્યા હોય છે કે આવેશઘેલો જુવાન ક્ષણિક ઉત્સાહમાં ઘર છોડીને ભાગી જાય છે. આવા એક જુવાનનો મને સહસા પરિચય થઈ ગયો, જે હું જીવનભર ભૂલી શકયો નથી.

વર્ષો પહેલાં હું સાન્તાક્રુઝ રહેતો હતો. નવું નાટક પડવાની તૈયારી એટલે અણધાર્યું કામ નીકળ્યું અને સાન્તાક્રુઝ જવા માટે મેં ગ્રાન્ટરોડથી છેલ્લી અંધેરી લોકલ પકડી. આખી રાતરો ઉજાગરો હતો. સવારે બે કલાક માંડ ઊંઘવાનું મળ્યું હતું, અને આખો દિવસ સખત કામ કરવું પડ્યું હતું, એટલે હવાની ઠંડી લહેરીઓમાં કર્યાંક ઊંઘ આવી જાય તો ?...સામે બેઠેલા એ યુવાનને સાન્તાક્રુઝ આવે ત્યારે મને જગાડવાનું કહેવાની ઇચ્છા થઈ. પણ એ કર્યાં જવા માગે છે, એ જાણવું તો જરૂરતું હતું. એટલે મેં એને પૂછ્યું: 'આપને કયાં ઊતરવું છે?' મેં અંગ્રેજીમાં પૂછ્યું, યુવાને હિન્દીમાં જવાબ આપ્યો: 'જ્યાં ગાડી પડી રહેવાની છે ત્યાં.' મને સ્પષ્ટ ન સમજાયું, મેં ફરી પૂછ્યું: 'આપને અંધેરી જવું છે?' 'જ્યાં ગાડી પડી રહે છે ત્યાં એટલે કે મારે ક્યાંય જવું નથી. હમણાં તો આ ગાડી એ મારું ઘર. રહેવાનું કોઈ ઠેકાણું નથી, એટલે કોલાબાથી લોકલ પકડું છું, આરામથી ગાડીમાં સૂઈ રહું છું, અને સવારે આ જ ગાડી કોલાબા પાછી જાય ત્યારે રાતની ઊંઘ પૂરી થઈ એમ માનીને કોલાબા ઊતરું છું. સ્ટેશનના બાથરૂમમાં નિત્યકર્મ પતાવી હોટલમાંથી બે કપ ચા પીને કોલાબાના દરિયાકાંઠે જરા ફરી આવું છું, ને પછી કામધંધાની તપાસમાં લાગી જાઉં છું.'

નિરાધારીની આ કથા કહેનાર યુવાન સામે મેં જોયું તો કપડાં ભપકાબંધ હતાં, સ્વભાવમાં બેપરવાઈ હતી, મોઢા પર હાસ્ય હતું. મારી મુઝવણ એ સમજ્યો ને કહ્યું: 'કેમ સાહેબ, મારે રહેવા ઘર ન હોય એ નથી મનાતું? મારી કરમકથા સાંભળવી છે? સાંભળો, હું ઉત્તર હિંદનો વતની છું. ધનવાન પિતાનો પુત્ર છું. ઇન્ટરની પરીક્ષામાં બે વખત નાપાસ થયો, એટલે મહેણાં સાંભળવાં પડ્યાં, જે અસહ્ય લાગ્યાં. એટલે અમારા બળથી અમે કમાઈ ખાઈશું, જિંદગી નહિ જિવાય તો ફેંકી દઈશું. આ ગુમાનમાં ઘર છોડયું.' મેં એને આગળ બોલતો અટકાવીને કહ્યું: 'મિસ્ટર, ભણેલા છો, સમજુ છો એમ દેખાવાનો ડોળ કરો છો અને તમે ઘર છોડયું?...હવે ઘરનાં બધાંની શું હાલત હશે, એનો વિચાર નથી આવતો?'

યુવાને હસીને જવાબ આપ્યો: 'કેમ ન આવે? ઘેરથી નીકળી હું અહીં આવ્યો તે જ દિવસે ખબર આપી દીધા છે, અને આજે જ કાગળ લખ્યો છે કે ફિકર ન કરશો, હું અહીં મોજમાં છું.'

'અને એ મોજ કઈ? નિરાધારીની?' મેં કહ્યું. યુવાને જવાબ આપ્યો: 'એમાંથી જ શીખવાનું મળે છે. સાહેબ, દાસ્તાન કહ્યું છે તો પૂરું કહેવા દ્યો. ખુમારીમાં ઘેરથી ભાગીને નીકળ્યો તો ખરો પણ બાદશાહી રીતે રહેવાની આદતો તો હતી જ, એટલે દમામથી એક બાદશાહી હોટેલમાં મુકામ કર્યો. પૈસા પૂરા થયા એટલે એક કીમતી વીંટી હતી તે વેચી નાખી. કપડાંલત્તાં અને જોઈતી ચીજો ખરીદી દમામથી રહેવા લાગ્યો. પણ કુદરત જાણે તમાચો મારીને શિખામણ દેતી હોય, એમ એક દિવસ પૈસાનું પાકીટ ગુમ થયું. ચડેલા બિલ પર હોટેલના માલિકે સરસામાન જપ્ત કર્યો અને હોટેલ છોડવી પડી. હવે નોકરીની તપાસમાં રખડી રખડીને દિવસ પૂરો કરું છું, અને રાત અહીં વિતાવું છું.'

હું એની વાત સાંભળતો હતો, પણ મારી નજર એનાં કપડાં પર હતી. એ નજરનો સવાલ જાણે એ સમજી ગયો હોય તેમ એણે જવાબ આપ્યો: 'શું જુઓ છો, મારાં કપડાં? નોકરી નથી, રહેવા ઘર નથી છતાં કપડાં દમામદાર છે, ખરું?...સાહેબ,

---

સત્યપરાયણ મનુષ્ય સત્યના માર્ગે કોઈક વાર થોભે છે, પણ હંમેશ માટે તે કદી પરાજય અથવા અસત્યને તાબે થવાનું સ્વીકારી લેતો નથી.

દમામ હું નસીબમાં લખાવી લાવ્યો છું, એની એ સાબિતી છે. હોટેલમાં સરસામાન જમા થયો, પણ એક સૂટ વૉશિંગ કંપનીમા ધોવા આપેલો એ રહી ગયો. હવે દર શનિવારે ત્યાં જાઉં છું, ને કપડાં બદલી નાખું છું, એટલે દમામ કાયમ રહે છે. અને અનુભવ કેવા થાય છે એ કહું? આજનો જ અનુભવ...આજે સવારે એક ગૃહસ્થને ત્યાં જઈ કામગીરી માગી. જવાબમાં એ ગૃહસ્થ જાણે કસોટી કરતા હોય એમ કહ્યું: 'નોકરની જરૂર તો છે, પણ વાસણ માંજનારની કે ઝાડુ કાઢનારના. એ કામ કરી શકો છો? નોકર સવારનો નાસી ગયો છે. જુઓ ...' આટલું કહીને વાસણનો ઢગલો બતાવ્યો. જરાય સંકોચ વગર મેં ભપકાદાર કપડાં કાઢી નાખ્યાં. ચડ્ડી અને ગંજીફરાક પહેરી કામે લાગ્યો, વાસણ માંજી કાઢ્યાં, અને ઘરમાં ઝાડુ કાઢવા માટે ઝાડુ લીધું.

'ઘરધણી આભો બનીને આ બધું જોઈ રહ્યો હતો. ઘરની ધણિયાણી માંદી માંદી પણ મારા કામ પર નજર રાખી રહી હતી. એણે ઝાડુ ખૂંચવી લીધું, ને કહ્યું: 'બેટા, રહેવા દે, કોઈ ભાગ્યશાળી માતાનો દીકરો હોઈશ; એ તો નિર્દય છે.' પછી તો ઘરધણીમાંય માણસાઈ જાગી. એણે મારો અભ્યાસ જોયો, નામુઠામું લખવાની આવડત જોઈ, એટલે એવું કામ મને સોંપ્યું.'

કરમકથા કહીને જાણે એ યુવાન પરવાર્યો હોય એમ કહ્યું: 'કહો, સાહેબ, આવડા મોટા શહેરમાં મારા જેવા માણસે સાંજ પડે રોટલો કાઢવો એ કાંઈ મોટી વાત છે!' આટલું કહીને યુવાન હસ્યો, અને મને ખિસ્સામાં હાથ નાખતો જોઈને કહ્યું: 'શું કરો છો? દયા, દાન કે ભીખ મને નથી જોઈતાં; હજારો રૂપિયા મેં મારા હાથે ખર્ચી નાખ્યા છે, અને ઘેરથી મંગાવવા ધારું તો ચોવીસ કલાકમાં જોઈએ તેટલા પૈસા મંગાવી શકું છું, પણ નહિ. જે વટ પર ઘેરથી નીકળ્યો છું, એ વટ પર જ જીવવું છે, ને જોવું છે કે રૂઠેલું તકદીર ક્યાં સુધી કસોટી કરે છે.'

હવે તો હુંયે લાગણીવશ થયો, અને કહ્યું. 'ભાઈ, મદદરૂપ થવું એ મારી ફરજ. તમારા દુઃખી જીવનમાં...'

મને આગળ બોલતો અટકાવી એ યુવાને કહ્યું: 'શું કહ્યું તમે? દુઃખી જીવન? હું દુઃખી છું એવું તમને ક્યાં દેખાય છે? મીઠાઈ–પૂરી હોય કે પાંઉના ટુકડા, બેય સમાન ગણીએ તો પેટને ભાડું મળી ગયું છે. ગાદીઓ બિછાવેલી છે, પંખાઓ ફરી રહ્યા છે, વીજળીની બત્તીઓ બળી રહી છે અને હું આરામ મેળવી રહ્યો છું. આમાં દુઃખ ક્યાં દેખાય છે?'

આટલી વાત થતાં થતાં તો સાન્તાક્રુઝનું સ્ટેશન આવી ગયું અને એ યુવાનને મારી સાથે મારે ઘેર આવવા મેં ઘણો આગ્રહ કર્યો. પણ એણે તો હાથ જોડીને સાફ ના પાડી, અને ગાડી ઊપડી ગઈ ત્યાં સુધી હું એને જોઈ રહ્યો.

પછી તો કામકાજને લીધે હું ત્રણચાર દિવસ સાન્તાક્રુઝ ન જઈ શક્યો. પાંચમે દિવસે હું પાછો સાન્તાક્રુઝ જવા નીકળ્યો, અને પેલો યુવાન મને યાદ આવ્યો. એથી મેં જાણીજોઈને છેલ્લી ટ્રેન પકડી. પણ ના, કુસીબતો સામે હસતો એ યુવાન એ ગાડીમાં ન હતો. બીજે દિવસે, ત્રીજે દિવસ, ચોથે દિવસે, એમ પાંચેક દિવસ મેં એને મળવા છેલ્લી ગાડી પકડી, પણ એ વટનો કટકો મને ફરી ન મળ્યો, પણ નાટક માટે, વાર્તા માટે કલ્પના સતેજ કરે એવું પાત્રાલેખન તો એ મને જરૂર આપતો ગયો.

---

## શ્રી ઠાકોરકૃષ્ણ રણછોડલાલ વકીલ

'આશીર્વાદ'ના સત્સાહિત્યના પ્રચારમાં તેઓ ૨૫૧ નવા ગ્રાહકો કરી આપવાની સેવા આપનાર છે.

# કેવું નસીબ

**શ્રી અમૃત**

લાકડાં વહેરતું બેન્સો મશીન ભૂખ્યા દાનવની જેમ હંમેશાં ચિલ્લાતું રહેતું—'નાખો, હજી નાખો લાકડાં.' કેશુ પોતાની પૂર્ણ શક્તિથી આ મશીનની ભૂખ મિટાવતો. સાવધાનીપૂર્વક કામ કરતા કેશુને ક્યારેક પોતાના પૂર્વાધિકારી માધુની યાદ આવી જતી—'આ રાક્ષસે જ બિચારા માધુનો એક હાથ ભરખી લીધો છે, ને બિચારાને લાચાર બનાવી દીધો છે.' જોકે કેશુને બીજી જ ક્ષણે યાદ આવતું, 'પણ એ અકસ્માતને કારણે જ માધુને બે હજાર રૂપિયા બદલામાં મળ્યા હતા ને! બે હજાર રૂપિયા!'

ને પછી એ પોતાના બજેટના બે છેડા વચ્ચેની ખાઈના વિચારોમાં અટવાઈ જતો: 'બે હજાર રૂપિયા—મને મળે તો? દેવાની બધી ઝંઝટ જાય! દેવાનો બોજો તો પહેલેથી જ માથા પર હતો. એમાં વળી બહેનના લગનનો પ્રસંગ આવ્યો. ને એણે તો આર્થિક શરીરની કમર જ તોડી નાખી ને! મંછા શેઠનો વાયદો પણ પૂરો થયો છે. એમને મૂળ તો શું પણ વ્યાજેય દઈ શકાયું નથી. તે હવે શેઠ આકળા થવાના છે.' કેશુ ચિંતા કરતો કરતો કારખાનાથી ચારેક માઈલ છેટેના પોતાના ઘેર જઈ રહ્યો હતો.

ઘેર પહોંચ્યો ત્યારે શેઠનો ઉઘરાણીદાર અગાઉથી આવીને બેઠેલો જ હતો. કહ્યું, 'મને શેઠે મોકલ્યો છે. તમારા રૂપિયા ચૂકતે મળી જવા જોઈએ—આજ ને આજ, શું સમજ્યા?'

'થોડી રાહત આપો. તમારા પગે પડું છું.' કેશુએ હાથ જોડ્યા.

'ના, એ કશું બને તેમ નથી. ક્યારનીયે મુદત વીતી ગઈ છે, છતાં મોઢું યે દેખાડ્યું છે? હવે શેઠ અકળાયા છે. નહીં તો પછી મારે કાયદેસર કામ લેવું પડશે—ઘરનાં ઠોબરાં હરાજ થઈ જશે, સમજ્યો?'

'ભઈશા'બ, મહેરબાની કરો. હમણાં સવડ નથી. પણ થોડા દા'ડામાં હું વેત કરી લઈશ. એટલું ખમી રાખો.' કેશુએ કાકલૂદી કરી. ને આખરે એની કાકલૂદીને કારણે એક અઠવાડિયાની મુદત મળી.

પણ અઠવાડિયામાં તો એ આટલી મોટી રકમ ક્યાંથી એકઠી કરવાનો હતો! લાચાર થઈ પોતાની માના એક માત્ર સંભારણા સમી અને પત્નીના શરીર પરના એક માત્ર દાગીના સમી કંઠી વેચીને વ્યાજ ભરવા માટે તે શેઠ કને ગયો. પરંતુ શેઠનો મિજાજ બગડી ગયો: 'શું તું મને ભીખ આપવા માટે આવ્યો છે? એટલું દેવાથી કશું નહીં વળે. ખાતું ચૂકતે થવું જોઈએ. શું સમજ્યો?'

શેઠે માંડેલા દાવાની મુદતને અઠવાડિયાની જ વાર હતી. કેશુ અંદર ને અંદર ગૂંગળાઈ રહ્યો હતો. શું કરવું? ક્યાંથી વેત કરવો? રાતભર એ દુઃસ્વપ્ન દેખતો રહ્યો. સપનામાં એણે જોયું, એનો જમણો હાથ ખભેથી કપાઈને ભોંય પર પડ્યો છે, તરફડી રહ્યો છે, ને ડાબા હાથમાં નોટોનું બંડલ છે—૧૦૦-૧૦૦ રૂપિયાની નોટો! ભય ને આનંદથી એનાથી બૂમ પડાઈ ગઈ.

બીજે દિવસે કારખાને કામ પર ગયો ત્યારે એનું અંગેઅંગ દુખી રહ્યું હતું. ઊંઘ નહીં આવવાને કારણે એની આંખો બળતી હતી. હાથ કપાઇ જવાને કારણે હવે ચોકીદારનું કામ કરતા એના સાથીદાર માધુએ પૂછ્યું, 'કેમ, તબિયત ઠીક નથી કે શું?' કરુણ નજરે કેશુએ એના જમણા ખભા ભણી જોયું ને કહ્યું, 'ના, ના, તબિયત સારી છે, ભાઈ! ભગવાનની દયા જોઈએ.'

મશીન એની ગતિમાં ચાલી રહ્યું હતું. કેશુ પાટિયાં વહેરવા માટે મશીન સામે લાકડાં મૂકી રહ્યો હતો. મશીનનાં પૈડાંની ગતિએ એના મસ્તકમાં "એનું ઘર" ઘૂમી રહ્યું હતું—એના બાપદાદાનું ઘર, જે બીજે જ દિવસે હરાજ થવાનું હતું.

એના મગજનાં ચક્રો મશીનની પેઠે જ ચાલી રહ્યાં હતાં—

'માધુની પેઠે હાથ કપાઈ જાય ને બે હજાર રૂપિયા મળી જાય તો? તો? બધી ચિંતા ટળી જાય. ઘર હરાજ થતું બચી જાય. ઘર કે હાથ?...એક હાથ કે ઘર?...હાથ કે ઘર...' વિચારમાં ને વિચારમાં કેશુની આંખો ચક્કરચક્કર ઘૂમવા લાગી. ધોળાં-પીળાં દેખાવા લાગ્યાં ને એકાએક એની આંખો મીંચાઈ ગઈ...

શું થયું, તેનું તેને કશું ભાન રહ્યું નહીં. હૉસ્પિટલમાં જ્યારે એ હોશમાં આવ્યો ત્યારે જોયું તો, એનો જમણો હાથ પ્લાસ્ટરના પાટામાં બંધાયેલો હતો. પણ હાથ હતો સાબૂત! પાસે જ ઊભેલા ડૉક્ટરે કહ્યું—'કેવા બેદરકાર છો તમે! ભલા માણસ, એ તો તમારું ભાગ્ય બળવાન તે હાથ કપાઈ ગયો નહીં! નહીં તો...'

વચમાં જ કેશુ ચીસ પાડી ઊઠ્યો—'દાક્તર, મને ઝેરનું ઇંજેક્શન દઈ દો.'

ઘા રુઝાઈ ગયો ત્યારે કેશુ કારખાને પહોંચ્યો. મૅનેજરે એને બોલાવીને ગંભીરતાથી કહ્યું—'લો, આ તમારો હિસાબ! તમારા જેવા બેજવાબદાર માણસનું અહીં કામ નથી!'

# લગન

ઢં–ઢમક ઢં ઢં–ઢમક ઢં ઢમક ઢમક ઢં ઢં ઢં ઢં,
ઢોલ નગારાં ત્રાંસાં ભૂંગળ વાગે છે ભં ભં ભં ભં;
ડફ્ ડમરુ શહનાઈ સુરીલા સૂર તણી સરગં ગં ગં,
ઝાંઝરીઓ ઝનકાર કરંતી ઝનન ઝનન ઝં ઝં ઝં ઝં.

આગળ આગળ વાગી રહ્યાં’તાં એવાં કૈં કૈં વાજાં,
ને પાછળ પાછળ ચાલી રહ્યા’તા જાનૈયાઓ ઝાઝા,
ને એની પાછળ ઘોડા ઉપર બેઠા’તા વરરાજા,
ને જાનડીઓ પણ ગીતો ગાતી’તી મૂકીને માઝા.

જરા જુઓ તો સામેથી કેવી મનગમતી જાન આવે,
જાનૈયાની મસ્તી જોઈ જાન તણું કૈં ભાન ન આવે;
વરરાજાને જોઈ અહા બેજાનમાં પણ જાન આવે,
આવું જોતાં ઘણાં કુંવારા ઝંખે, મારી જાન આવે.

સાફો શેરવાની સુરવાર મોજડીનો ચમકાર હતો;
પાન ચાવતો મનગમતો સુરતિયો ઘોડેસ્વાર હતો;
મઘમઘતો ફૂલનો હાર હતો મોઢા પર થોડો ભાર હતો,
શ્રીફળ રૂપિયો કરમાં લઈ વર પોંખાવા તૈયાર હતો.

ફૂલવાડી જેવી સાડી પહેરી લાડી તોરણ આવી,
મદમાતી ગાતી ગાતી મલકાતી સોહાગણ આવી;
કંકુ ચોખા સોપારી ગજરા લઈને માલણ આવી,
સહુ સાથે વર પોંખી લેવા વરની સાસુ પણ આવી.

તોરણ આવી ઊભેલા વરરાજાજી પોંખાઈ ગયા,
આળણ ટાળણ નજર તણાં મીઠાં માથે ઊતરાઈ ગયાં;
એકલદોકલ વરરાજા વેવાણોથી વીંટળાઈ ગયાં!
ધૂંસળ મુશળ ત્રાક રવૈયાના ભેદો ઉકેલાઈ ગયા!

“ખૂંટડા જેવા છો પણ આ ધૂંસળ પડતાં ખેંચાઈ જશો,
સુખદુઃખ બોજા સહેતાં સહેતાં સંસારે શોષાઈ જશો;
જરા જુઓ, વરરાજાજી! આ મુશળથી ખંડાઈ જશો,
છોડેછોડાં છૂટાં પડશે વેરણછેરણ વેરાઈ જશો.

આજે એકના બે થશે, કાલે બેના દસ બાર થશે,
સરવાળો છે એવો જેને ગણનારો લાચાર થશે;
કલબલ કલબલ કી, વી, કી, વી, કરનારી લંગાર થશે,
એના ઉપર પ્યાર થશે તો ગુસ્સો પણ હદબા’ર થશે.

મારી દીકરી બોલકણી છે, વાતોથી ચિડાઈ જશો,
તરાક જેવો છણકો કરશે જો જો છંછેડાઈ જશો;
લાલ ગુલાબી ગાલ તણી લાલી છે પણ કરમાઈ જશો,
સંસાર રવૈયો ફરશે ત્યાં વિણ પાણી વિલોવાઈ જશો.”

સંસારીના દુઃખની વાતે વરરાજા ના ગભરાયા,
ઠૂંઠા જેવા ઊભા’તા, ના હલ્યા ચલ્યા કે શરમાયા;
આખર સાસુ અકળાયાં ને નાક તાણવાને આવ્યાં;
નકટો છે આ નકટો છે કહીને મંડપમાં લઈ આવ્યાં.

આવી રીતે વેવાણોએ વરને લીધો ઉઘલાવી
હસતાં હસતાં ગાતાં ગાતાં વારે વારે મોં મલકાવી;
લગ્નવેદી પર વર અણુવરને લઈને જાનડિયો આવી,
અને લજ્જાની દેવી જેવી કન્યા પધરાવી.

ક્યાંથી આવ્યો અદીઠ અણગમતો આ ટાણે અંતરપટ?
અંતર અંતર છો ને મળતાં શું કરવાને અંતરપટ?
અંતરમાં કંઈ અંતર નથી તોપણ અંતર કરવા માટે
ઝાકળ જેવો ઝીણો શું કરવાને—શાને અંતરપટ?

અંતરહીન એ અંતરપટની પાછળ જ્યાં જોવાઈ ગયું,
અંતરથી ખોલાઈ ગયું, કંઈ ખોયું કંઈ ખોવાઈ ગયું,
આખર આછો અંતરપટ ધીરેથી જ્યાં ઊંચકાઈ ગયો,
નીચા નયને ઊંચી કીકી કરતું કો' શરમાઈ ગયું!

કંકણ મીંઢળ મેંદી ભર્યો કર સુંદર કર પર સવાર થયો,
જાણે વિદ્યુત્વાર થયો રગરગમાં હેં કંપાર થયો,
કહેવું શું? આનંદ થયો, ગભરાટ થયો કે પ્યાર થયો?
જનમજનમના સાથી સાથે શરૂ નવો સંસાર થયો!

શહનાઈ સૂર સાથ દઈ ગડ ગડગડ ગગડ્યાં ચોઘડિયાં,
વરકન્યાને જનગણ સૌએ ફૂલડે ફૂલડે વધાવિયાં;
કોકિલકંઠે કામિનીએ ગીત ગાયાં ને ગવરાવિયાં,
'સાવધાન' કહી, 'સાવધાન' આઠે મંગલ વરતાવિયાં.

કાચા સૂતર તારે તારે બેઉ જણાં બંધાઈ ગયાં,
તારે તારે એકબીજાને આધારે દોરાઈ ગયાં;
વરમાળે વીંટળાઈ ગયાં છેડાછેડી ગંઠાઈ ગયાં,
જાણે સોનેરી સંધ્યાથી દિન રજની સંધાઈ ગયાં.

નહિ સોનાનો, નહિ ચાંદીનો, સાવ સૂતરનો કાચો તાર!
નવપરિતણી દિલની સિતારનો ઝણઝણતો આ તાર!
ખેંચમતાણ કરે તો જલદી સાજ તૂટે ને તૂટે તાર!
એક તાણે એક ઢીલ દિયે તો સુધરે બેઉ તણો સંસાર!

પૂરેપૂરું હિત પુરોહિત યજમાનોનું ચ્હાતા'તા,
વરકન્યાને ચોરીના ચારે ફેરા ફેરવતા'તા;
મંગળ ગીત ગવાતાં'તાં જવ તલ હોમે હોમાતા'તા,
ભૂદેવો વેદ ઉચ્ચરતા'તા, સૂર સપ્તપદી સંભળાતા'તા.

લગન લાગી'તી લગન તણી તે આજે આખર લગન થયાં;
જાણે મોટા જગન થયા ને એવું માની મગન થયાં;
લગન થયાં પૂરાં, વિદાયના આવી ગયાં ત્યાં ચોઘડિયાં,
સૂનમૂન સૌએ ઊભાં સૌનાં ભીનાં ભીનાં નયન થયાં.

સખીઓ સંગે સંચરતી મર્યાદાપટ ઘૂંઘટ કરતી,
ધીરાં કૈં ડગલાં ભરતી અણજાણ્યુ પગથિયે પગ ધરતી;
માતતાત ને ભ્રાત ભગિની સગાં સંબંધીથી સરતી,
વડીલ વેણુ ઉર કોતરતી નમણાં નયણે નીર નીતરતી.

ઘડીઘડી માને ડોકે વળગતી કેમ કરી અળગી ના પડતી,
ધ્રુસકાં ડૂસકાં ભરતી નયને શ્રાવણ ભાદરવાની ભરતી;
સખીઓ પણ વળવળતી જાણે જળ વિણ મછલી તરફડતી,
આ રૂપકને જોતાં પથ્થરની છાતી પણ પીગળતી.
પાળેલાં પોષેલાં જે બાલુડાં પોતાનાં કહેવાય,
એ પોતાનાં, પોતાને હાથે જ શું આજ પરાયાં થાય ?
રડતાં રડતાં હસતાં વદને દાન દુહિતાનું દેવાય,
ન્યાય જગતનો ગાય અને દીકરી તો જય દોરે ત્યાં જાય.
જા બેની! તુજ શિર પર સર્વેશ્વરના કર નિરંતર હો!
જા બેની! તુજ શિર પર ભારતભરનું કુંકુમ સિંદૂર હો!
જા બેની! તુજ કરમાં બે કુળદીપક જ્યોત જવલંત રહો!
જા બેની! શશી સૂરજ સાથે ચૂડી ચાંદલો અમર રહો!

*


## જીવનમાં પ્રકાશ અને પ્રેરણા આપી નવીન પ્રાણસંચાર કરનાર

# 'આશીર્વાદ' માસિક

આ માસિક તેની સામગ્રીની દૃષ્ટિએ ખાસ વિશિષ્ટતા ધરાવતું માસિક છે.
તેની સામગ્રીની ઉત્કૃષ્ટતા માણુસને વિચાર કરવા પ્રેરે છે.
સાચી શ્રદ્ધા અને સાચા કર્તવ્યનો માર્ગ દર્શાવે છે.
મનુષ્યને અંધશ્રદ્ધા અને ગાડરિયા પ્રવાહમાંથી સાવધાન કરે છે.
સત્ય અને અસત્યના વિવેકની દૃષ્ટિ આપે છે.
એથી સુશિક્ષિત, વિચારશીલ, સમજુ વર્ગ 'આશીર્વાદ' ખાસ પસંદ કરે છે.
'આશીર્વાદ'ના વાંચેલા એક જ અંકમાંથી પણ ચિરકાળ પર્યંત પ્રેરણા મળતી રહે છે.
એક વાર 'આશીર્વાદ' વાંચ્યા પછી હંમેશ માટે તેને આપ પોતાના કુટુંબનું માસિક બનાવશો.

ગ્રાહક બનવા માટે અમદાવાદ કાર્યાલયને લખો અથવા એજન્ટને ત્યાં લવાજમ ભરી પહોંચ મેળવો.

વાર્ષિક લવાજમ ભારતમાં માત્ર રૂા. ૫/- પરદેશમાં શિલિંગ ૧૦/-

'આશીર્વાદ' કાર્યાલય, ભાઉની પોળની બારી પાસે, રાયપુર, અમદાવાદ-૧

### 'આશીર્વાદ'ના નવા સેવાભાવી પ્રતિનિધિઓ

| | | |
|---|---|---|
| શ્રી ચીમનલાલ કે. શાહ | શાંતિસદન સોસાયટી, | મું. દાહોદ |
| શ્રી જયંતભાઈ હ. દેસાઈ | ૩, અમૃતવાડી, | મું. દાહોદ |
| શ્રી નટવરલાલ દેસાઈ | પેટ્રોલ પંપવાળા, | મું. દાહોદ |
| શ્રી ચીનુભાઈ કમોદિયા | | મું. ગોધરા |
| શ્રી કાન્તિભાઈ મહાસુખભાઈ પટેલ | | મું. ગોધરા |
| શ્રી લાભુભાઈ રાવળ | મોરબીના પુલ પાસે, | મું. સુરેન્દ્રનગર |
| શ્રી ઘનશ્યામભાઈ પુરાણી | શ્રવણ ટોકીઝ પાસે, | મું. સુરેન્દ્રનગર |
| શ્રી નટવરલાલ મહાસુખલાલ જાની | | મું. સુરેન્દ્રનગર |
| શ્રી નટવરલાલ મોદી | તુલસી મહોલ્લો | મું. સુરેન્દ્રનગર |

# ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું,
માબાપને ભૂલશો નહિ;
અગણિત છે ઉપકાર એના,
એ વાત વીસરશો નહિ.
પથ્થર પૂજ્યા પૃથ્વી તણા,
ત્યારે દીઠું તમ મુખડું;
એ પુનિત જનનાં કાળજાં,
પથ્થર બની છૂંદશો નહિ.
કાઢી મુખેથી કોળિયા,
મોંમાં દઈ મોટા કર્યા;
અમૃત તણા દેનાર સામે,
ઝેર ઉડાડશો નહિ.
લાખો લડાવ્યાં લાડ તમને,
કોડ સહુ પૂરા કર્યા;
એ કોડના પૂરનારના કોડ
પૂરવા ભૂલશો નહિ
લાખો કમાતા હો ભલે,
માબાપ જેમાં ન ઠર્યાં;
એ લાખ નહિ પણ રાખ છે
એ માનવું ભૂલશો નહિ.

સંતાનથી સેવા ચહો,
સંતાન છો સેવા કરો;
'જેવું કરો તેવું ભરો'
એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને
સૂકે સુવાડ્યા આપને;
એ અમીમય આંખને
ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો વિકસાવ્યાં પ્રેમથી,
જેણે તમારા રાહ પર;
એ રાહબરના રાહ પર,
કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધું,
માતાપિતા મળશે નહિ;
'જગજીવન' એના ચરણની,
ચાહના ભૂલશો નહિ.

જગજીવન

### દોહરો

તંત તૂટે માયા તણો
સંત સમાગમ થાય
અંત આવે મૃત્યુ તણો
અનંતને ભેટાય.

સાગરતણા હિલોળે
તરંગ અપરંપાર
મોક્ષ કિનારો દૂર છે.
ક્યાં મળશે કિરતાર.